

દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 99 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ચૈત્ર વદ- ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 26 April 2024, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૨૬ એપ્રિલ ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ ૫ ૬ ૭ ૮
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## રાહુલ, હેમા, 'રામ', શશી સહિત દિગ્ગજોની આજે કસોટી

### મહારાષ્ટ્ર સહિત ૧૩ રાજ્યમાંની લોકસભાની ૮૮ બેઠક પર મતદાન


નવી દિલ્હી: લોકસભાની ચૂંટણીના બીજા તબક્કામાં ૧૩ રાજ્યની ૮૮ બેઠક પર શુક્રવાર, ૨૬ એપ્રિલે મતદાન યોજાવાનું છે અને તેમાં કૉંગ્રેસના નેતાઓ - રાહુલ ગાંધી, શશી થરૂર, ફિલ્મ ક્ષેત્રમાંથી આવેલા ભાજપના નેતાઓ હેમા માલિની અને રામાનંદ સાગરની ટીવી સિરિયલ 'રામાયણ'ના 'રામ' (અરુણ ગોવિલ), કેન્દ્રના પ્રધાન રાજીવ ચંદ્રશેખર, ઓમ બિડલાનું રાજકીય ભાવિ નક્કી થશે. આ ૮૮ બેઠક પરથી કુલ ૧,૨૦૨ નેતા ચૂંટણી લડી રહ્યા છે.

૧૩ રાજ્યમાંની આ બેઠકો પર બુધવારે સાંજે પ્રચારના પડઘમ શમી ગયા હતા. પ્રારંભમાં ૮૯ બેઠક પરથી ચૂંટણી યોજાવાની હતી, પરંતુ મધ્ય પ્રદેશની બેતુલ બેઠક પરના બહુજન સમાજ પક્ષ (બસપ)ના ઉમેદવારનું નિધન થતાં ત્યાં ચૂંટણી મુલતવી રખાઇ હતી.

સાત તબક્કામાં યોજાનારી લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં શુક્રવારે ૨૧ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશની ૧૦૨ બેઠક પર (જુઓ પાનું ૨) ▶▶

## પંજાબમાં ₹ ૩૨૧ કરોડની રોકડ, ડ્રગ્સ, દારૂ જપ્ત

ચંડીગઢ : પંજાબમાં ચૂંટણીની આચારસંહિતા ગયા મહિનાથી અમલમાં આવી ત્યારથી કાયદાની રખેવાળી કરતી એજન્સીઓએ ૩૨૧.૫૧ કરોડ રૂપિયાની બિનહિસાબી રોકડ રકમ, ડ્રગ્સ, દારૂ અને કિંમતી વસ્તુઓ જપ્ત કરી છે. સૌથી વધારે જપ્તી એટલે કે ૬૦.૩ કરોડ રૂપિયાની અમૃતસર જિલ્લામાં કરાઈ છે.

પંજાબના વડા ચૂંટણી અધિકારી (સીઈઓ) સિબિન સીએ કહ્યું હતું કે ૨૮૭.૨૩ કરોડ રૂપિયાના ડ્રગ્સ, ૬.૮૯ કરોડ રૂપિયાની રોકડ રકમ, ૧૪.૯૩ કરોડ રૂપિયાની કિંમત (૨૨.૮ લાખ લીટર)નો દારૂ અને ૧૨.૪૬ કરોડ રૂપિયાની કિંમતી (જુઓ પાનું ૨) ▶▶

## અમદાવાદથી સાળંગપુર સુધીની હેલિકૉપ્ટર રાઈડ શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં પ્રવાસીઓ માટે કનેક્ટિવિટી ઝડપી અને આધુનિક બનાવવા તરફ સતત પગલાં લેવામાં આવી રહ્યાં છે. અમદાવાદથી સાળંગપુર સુધી ડેઈલી હેલિકોપ્ટર રાઈડ શરુ થશે. અમદાવાદના કાંકરિયાથી સાળંગપુર મંદિર સુધી ડેઈલી હેલિકોપ્ટર રાઈડ શરૂ થશે. સાથે જ તેના ભાડા સહિતની વિગતો પણ જાણવા મળી છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ શહેરના કાંકરિયાથી સાળંગપુર મંદિર સુધી ડેઈલી હેલિકોપ્ટર રાઈડ શરૂ થશે. યાત્રાધામ વિકાસ બોર્ડ મે મહિનામાં શરૂ કરશે હેલિકોપ્ટર રાઈડ, જેમાં સાળંગપુર હનુમાનજી મંદિર તરફથી મંદિરથી ૭૦૦ મીટરના અંતરે બે હેલિપેડ બનાવાયા છે. જેમાં પ્રાથમિક માહિતી મુજબ આશરે ૩૦ હજાર જેટલું ભાડું હશે અને છ લોકો માટે બેસી શકે તેવી ક્ષમતાનું હેલિકોપ્ટર હશે. યાત્રાધામ વિકાસ બોર્ડ આગામી દિવસોમાં અંબાજી, શ્રી નાથજી, પાલિતાણા, સાળંગપુર, સોમનાથ, વડનગર, નડાબેટ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી તેમજ તલગાજરડા સહિતના યાત્રાધામોમાં હેલિકોપ્ટર રાઈડ શરૂ કરશે. હેલિકોપ્ટર સેવા શરૂ થયા બાદ અમદાવાદથી માત્ર ૪૦ મિનિટમાં સાળંગપુર મંદિર પહોંચી શકાશે. ■

## ૧૮ નક્સલવાદી શરણે

દંતેવાડા: છત્તીસગઢના દંતેવાડામાં નક્સલવાદી પ્લાટૂન સેક્શન કમાન્ડર અને ત્રણ મહિલા સહિત ૧૮ નક્સલવાદીએ બુધવારે આત્મસમર્પણ કર્યું હતું.

દંતેવાડાના પોલીસ અધિક્ષક ગૌરવ રાયે જણાવ્યું હતું કે હિદમા ઓયમ (૩૪) હુર્રેપાલ પંચાયત મિલિશિયા પ્લાટૂનની સેક્શન કમાન્ડર તરીકે કામ કરતો હતો.■

## જેઈઈ મેઈનમાં ૫૬ વિદ્યાર્થીને ૧૦૦ ટકા

### મહારાષ્ટ્રના સાત, ગુજરાતના બે વિદ્યાર્થીનો ટોચની યાદીમાં સમાવેશ

નવી દિલ્હી: નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ એન્જિનિયરિંગ કોલેજની પ્રવેશ પરીક્ષા જેઇઇ મેઈન ૨૦૨૪ સત્ર બે માટેના પરિણામો જાહેર કર્યા છે, જેમાં પેપર વન અને પેપર ટૂ બંનેનો સમાવેશ થાય છે.

મહારાષ્ટ્રના ગજરે નીલકૃષ્ણ નિર્મલકુમાર અને દક્ષેશ સંજય મિશ્રાએ અનુક્રમે ઓલ ઈન્ડિયા રેન્ક (એર) ૧ અને ૨ મેળવી છે, ત્યાર બાદ હરિયાણાના આરવ ભટ્ટે ત્રીજી રેન્ક મેળવી છે.

એકંદરે ૫૬ ઉમેદવારોએ ૧૦૦ પર્સેન્ટાઇલનો સંપૂર્ણ સ્કોર મેળવ્યો હતો, જેમાં તેલંગણાના ૧૫, સાત મહારાષ્ટ્ર અને આંધ્ર પ્રદેશ બંનેમાંથી અને ગુજરાતના બે વિદ્યાર્થીનો સમાવેશ થાય છે.

૧૦૦ પર્સેન્ટાઇલનો સંપૂર્ણ સ્કોર મેળવનાર મહારાષ્ટ્રના સાતમાં ગજરે નીલકૃષ્ણ નિર્મલકુમાર, દક્ષેશ સંજય મિશ્રા, આર્યન પ્રકાશ, એમ સુફિયાન, વિશારદ શ્રીવાસ્તવ, પ્રણવ પ્રમોદ પાટીલ આને અર્ચિત રાહુલ પાટીલ, તેમજ ગુજરાતમાંથી મીત વિક્રમભાઈ પારેખ અને હર્ષલ ભરતભાઈ કાનાણી છે.

આ વર્ષની સંયુક્ત પ્રવેશ પરીક્ષામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ જેઇઇની અધિકૃત (જુઓ પાનું ૨) ▶▶

## મોદી અને રાહુલ ગાંધીનાં ભાષણો પર ચૂંટણી પંચની નોટિસ, ૨૯ એપ્રિલ સુધી માગ્યો જવાબ

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નિવેદનો પર વાંધો ઉઠાવ્યા બાદ ચૂંટણી પંચે ગુરુવારે સંજ્ઞાન લીધું હતું. આચારસંહિતા ભંગના આરોપમાં ચૂંટણી પંચે ભાજપ અને કૉંગ્રેસને નોટિસ મોકલીને જવાબ માંગ્યો છે. ચૂંટણી પંચે બંને પક્ષો પાસેથી ૨૯ એપ્રિલે સવારે ૧૧ વાગ્યા સુધીમાં જવાબ માંગ્યો છે. ભાજપ અને કૉંગ્રેસ બંને પક્ષોએ ચૂંટણી પંચમાં એકબીજાના નેતાઓ વિરુદ્ધ ફરિયાદો નોંધાવી હતી અને તેમના પર લોકોમાં નફરત ફેલાવવાનો અને ધર્મ, જાતિ, સંપ્રદાય અને ભાષાના નામે અલગતાવાદને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો હતો.

આ મામલામાં ચૂંટણી પંચે જનપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૭૭ની સત્તાનો ઉપયોગ કરીને સ્ટાર પ્રચારકોના આચરણ માટે પક્ષ પ્રમુખોને જવાબદાર ઠેરવ્યા છે અને બંને પક્ષોના પ્રમુખોને નોટિસ પાઠવી છે. ચૂંટણી (જુઓ પાનું ૨) ▶▶

## 'બે શાહજાદા' તુષ્ટીકરણનું રાજકારણ રમે છેઃ મોદી

શાહજહાંપુર (ઉત્તર પ્રદેશ) : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ઉત્તર પ્રદેશના સમાજવાદી પક્ષ અને કૉંગ્રેસના ગઠબંધન પર પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે 'બે શાહજાદા' તુષ્ટીકરણનું રાજકારણ રમવા સાથે આવ્યા છે.

કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને સમાજવાદી પક્ષના પ્રમુખ અખિલેશ યાદવનાં નામો લીધા વિના મોદીએ કહ્યું હતું કે શું 'બે છોકરાની જોડી'ની ફલોપ જોડી પાસેથી વિકાસની અપેક્ષા કરી શકો? તૃષ્ટીકરણનું રાજકારણ એ જ 'બે શાહજાદા' સાથે આવવાનું સૌથી મોટું કારણ છે. મોદી શહાજહાંપુર અને નજીકના લોકસભા મતદારક્ષેત્રમાંના ઉમેદવારોના સમર્થનમાં જાહેરસભા સંબોધી રહ્યા હતા. (એજન્સી)■

## કૉંગ્રેસે તેલંગણાને 'દિલ્હીનું એટીએમ' બનાવ્યું છેઃ અમિત શાહ

હૈદરાબાદ : શાસક પક્ષ કૉંગ્રેસે સત્તા આવ્યાના થોડા સમયમાં તેલંગણાને 'દિલ્હીનું એટીએમ ' બનાવ્યું છે, એવો આક્ષેપ ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે કર્યો હતો. કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહ મેઢક લોકસભા મતદારક્ષેત્રના ભાજપના ઉમેદવાર એમ. રઘુનંદન રાવના સમર્થનમાં રાજ્યના સિદ્ધિપેટમાં ચૂંટણીસભાને સંબોધતાં કહ્યું હતું કે કૉંગ્રેસ પક્ષ ટીઆરએસ (બીઆરએસ)ના ભ્રષ્ટાચારની તપાસ કરતો નથી પછી વાત કાલેશ્વરમ પ્રકલ્પની કે ભૂમિ કૌભાંડની હોય. ટીઆરએસ અને કૉંગ્રેસ પાર્ટીની ભાગીદારી છે. તમે મોદીજીને ત્રીજી મુદત માટે વડા પ્રધાન બનાવો અને નરેન્દ્ર મોદીજી (જુઓ પાનું ૨) ▶▶

## કૉંગ્રેસ લુપ્ત થઈ જશેઃ રાજનાથ સિંહ

લખીમપુર: સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કૉંગ્રેસની ઝાટકણી કાઢતાં કહ્યું હતું કે તે ડાયનોસોરની જેમ લુપ્ત થઈ જશે. ખેરીમાં પક્ષના ઉમેદવાર અને કેન્દ્રીય પ્રધાન અજય કુમાર મિશ્ર તેમ જ ધૌરહરામાં રાકેશ વર્માની તરફેણમાં ચૂંટણી સભાને સંબોધતાં રાજનાથે કહ્યું હતું કે ભાજપ એક માત્ર એવો પક્ષ છે જે લોકોને વચનો આપે છે એનું પાલન કરે છે. અડધા કલાકના પ્રવચનમાં રાજનાથે એ વાત પર ભાર મૂક્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૪મા સત્તાની ધુરા સંભાળી ત્યાર બાદ ભારતે સંરક્ષણ, આંતરિક સુરક્ષા, અર્થતંત્ર અને વિકાસમાં પ્રગતિ કરી.

સમાજવાદી પાર્ટી અને કૉંગ્રેસ પર પ્રહારો કરતાં તેમણે કહ્યું હતું કે આ પક્ષો ભૂતકાળની ઘટના બની જશે. જે રીતે કૉંગ્રેસ કામ કરી રહી છે એ રીતે તે ડાયનોસોરની જેમ લુપ્ત થઈ જશે.

ઈન્ડિયન ઓવરસીસ કૉંગ્રેસના ચેરમેન સેમ પીત્રોડાની વારસા વેરા અંગેની તાજેતરની ટિપ્પણી પર બોલતાં કહ્યું હતું કે કોઈ પણ ભારતીય તેના કુટુંબના વડાના મરણ બાદ તેની સંપત્તિના ૫૦ ટકા વેરા તરીકે આપવા તૈયાર નહીં થાય. લોકોને ભાજપ સરકારને ફરી સત્તારૂઢ કરવાનો અનુરોધ કરતાં રાજનાથે કહ્યું હતું કે ભાજપ એક માત્ર એવો પક્ષ છે જે તેના વચનો (જુઓ પાનું ૨) ▶▶



**સુરક્ષાઃ** દેશમાં યોજાનારા લોકસભાની ચૂંટણીના બીજા તબક્કાના મતદાનની પૂર્વસંધ્યાએ ગુરુવારે અમદાવાદમાં અર્ધલશ્કરી દળોએ કૂચ કરી હતી. (પીટીઆઇ)

## પટનાની હૉટેલમાં ભીષણ આગઃ છનાં મોત, વીસથી વધુને બચાવાયા

પટના: પટના જંકશન રેલવે સ્ટેશન નજીક આવેલી એક હોટેલમાં ગુરુવારે લાગેલી આગમાં ત્રણ પુરુષ અને મહિલા સહિત ઓછામાં ઓછા છ લોકોના મોત થયા હતા. પટના સિટી એસ. પી. ચંદ્રશેખરે જણાવ્યું હતું કે મૃતકોની ઓળખ થવાની બાકી છે; અમારી ટીમ તેમની ઓળખની પુષ્ટિ કરવાનો પ્રયાસ કરી રહી છે. અમે આગ પાછળનું કારણ જાણવા માટે એફએસએલ ટીમને પણ બોલાવી છે.વરિષ્ઠ પોલીસ અધિક્ષક રાજીવ મિશ્રાના જણાવ્યા અનુસાર, અગ્નિશામકો દ્વારા ગીચ વસ્તીવાળા વિસ્તારમાં આવેલી ઇમારતમાંથી વીસથી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. ઇજાગ્રસ્તોને તાત્કાલિક હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા ડીઆઈજી (ફાયર), મૃત્યુંજય કુમાર ચૌધરીએ, જેઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા, પત્રકારોને જણાવ્યું હતું કે, આગની માહિતી સવારે ૧૧ વાગ્યાની આસપાસ મળી હતી. અમે આગને કાબૂમાં લાવી દીધી છે, હાલ આગ કાબૂમાં છે. યોગ્ય તપાસ દ્વારા આગનું કારણ શોધી કાઢવામાં આવશે અને કાયદા અંતર્ગત યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.■

## નર્મદા પુષ્કરમ ઉત્સવનું પહેલી મે થી ભવ્ય આયોજન કરાશે

ગાંધીનગર: નર્મદા નદીના કિનારે દર બાર વર્ષમાં એકવાર ઉજવાતા નર્મદા પુષ્કરમ ઉત્સવનું આયોજન આ વર્ષે પહેલી મેથી બાર દિવસ માટે નર્મદાના કાંઠાઓ પર કરવામાં આવશે. આ અગાઉ ૨૦૧૨માં નર્મદા પુષ્કરમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ વખતે નર્મદા નદીના ઉદ્‌ગમ સ્થાન અમરકંટકથી લઈને તેના સાગર સંગમના સ્થળો પર એનું અયોજન કરવામાં આવશે. મુખ્યત્વે મધ્ય પ્રદેશમાં અમરકંટક મંદિર, ઓમકારેશ્વર મંદિર, ચૌસઠ યોગિની મંદિર, ચૌવીસ અવતાર મંદિર, મહેશ્વર મંદિર, નેમાવર સિદ્ધેશ્વર મંદિર અને ભોજપુર શિવ મંદિર જેવાં ખૂબ જ પ્રાચીન અને પ્રસિદ્ધ સ્થળો પર પવિત્ર સ્નાનનો લાહવો લઈ શકાશે. બાર દિવસ સુધી ચાલનારા આ ઉત્સવ દરમિયાન હજારો ભક્તો નર્મદા નદીમાં ડૂબકી લગાવીને પોતાનાં પાપો નાશ કરતાં હોય છે. દરેક નદી રાશિચક્ર સાથે સંકળાયેલી હોય છે, અને દરેક વર્ષના તહેવાર માટેની નદી તે સમયે ગુરુ, કંઈ રાશિમાં છે તેના પર આધારિત છે. ■

## પટનામાં જેડીયુના નેતાની ગોળી મારીને હત્યા

પટના: જેડીયુનાં નેતા સૌરભ કુમારની પટનામાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

પોલીસનાં જણાવ્યા અનુસાર બાઇક પર આવેલા ચાર માણસોએ કુમારના માથામાં બે વાર ગોળી મારી હતી, જ્યારે તેની સાથી મુનમુન પર ત્રણ વાર ફાયર કરાયું હતું.

પોલીસે જણાવ્યું હતું કે નીતિશ કુમારના જનતા દળ-યુનાઈટેડ (જેડીયુ) ના એક યુવા નેતાની ગઈકાલે મોડી રાત્રે પટનામાં લગ્ન સમારંભમાંથી પરત ફરતી વખતે પારસા બજાર ગામમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ આર. સિંહે જણાવ્યું હતું કે સૌરભને બાઇક પર આવેલા અજાણ્યા ચાર શખસોએ તેના માથામાં બે ગોળી મારી હતી જ્યારે તેની સાથી મુનમુન કુમારને ત્રણ વાર ગોળી મારી હતી.

તેઓને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં ડૉક્ટરોએ સૌરભને મૃત જાહેર કર્યો હતો જ્યારે મુનમુનને ગંભીર હાલતમાં દાખલ કરવામાં આવી હતી.

ગોળીબાર બાદ પટના પોલીસની એક ટીમ મોડી રાત્રે ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી. ગુસ્સે ભરાયેલા સ્થાનિકોએ હત્યાના વિરોધમાં એક રસ્તો પણ બ્લોક કરી દીધો હતો.

આ અંગે વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે. ■

## સુપ્રીમ કોર્ટમાં વકીલોને વૉટ્સઍપ મેસેજ મારફતે મળશે તમામ જાણકારી

નવી દિલ્હી: ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડે ગુરુવારે જાહેરાત કરી હતી કે સુપ્રીમ કોર્ટ વોટ્સએપ મેસેજથી વકીલોને કેસની યાદી, અને કેસને દાખલ કરવા અને સુચિબદ્ધ કરવા સંબંધિત જાણકારી શેર કરવાનું શરૂ કરશે. મુખ્ય ન્યાયાધીશના નેતૃત્વ હેઠળની નવ ન્યાયાધીશોની બેન્ચે અરજીઓમાંથી ઉત્પન્ન એક જટિલ કાયદાકીય સવાલ પર સુનાવણી શરૂ કરતા અગાઉ ચીફ જસ્ટિસ ચંદ્રચૂડે આ જાહેરાત કરી હતી.

અરજીઓમાંથી એક સવાલ ઊભો થયો હતો કે શું ખાનગી મિલકતોને બંધારણની કલમ ૩૯(બી) હેઠળ સમુદાયના ભૌતિક સંસાધનો તરીકે ગણી શકાય, જે રાજ્યના નીતિના નિર્દેશક સિદ્ધાંતોનો એક ભાગ છે. મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું હતું કે, ૭૫માં વર્ષમાં સુપ્રીમ કોર્ટે એક પહેલ કરી છે જેનો હેતુ કોર્ટની આઇટી (જુઓ પાનું ૨) ▶▶

## અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદ બાદ ભૂસ્ખલન

ઇટાનગર: અરુણાચલ પ્રદેશમાં સતત વરસાદને કારણે ગુરુવારે ભારે ભૂસ્ખલન થયું હતું. આ દરમિયાન ચીન સાથેની સરહદને જોડતા હાઇવેનો એક ભાગ ધરાશાયી થયો હતો. આ એકમાત્ર હાઇવે છે જે દિબાંગ ખીણને દેશના અન્ય ભાગો સાથે જોડતો હતો. એક રિપોર્ટ અનુસાર, ભૂસ્ખલનથી હુનલી અને અનીની વચ્ચેના રોઈંગ અનીની હાઈવેને મોટું નુકસાન થયું છે. આ એકમાત્ર હાઇવે છે જે દિબાંગ ખીણ જિલ્લાને દેશના બાકીના ભાગો સાથે જોડે છે.

આ અંગે ચિંતા વ્યક્ત કરતા અરુણાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન પેમા ખાંડુએ કહ્યું હતું કે તેઓ હુનલી અને અનિલી વચ્ચેના હાઈવેને થયેલા વ્યાપક નુકસાનને કારણે લોકોને થઈ રહેલી અસુવિધા વિશે જાણીને ચિંતિત છે. આ હાઇવેને શક્ય તેટલી ઝડપી શરૂ કરવાની સૂચના આપવામાં આવી છે આ રસ્તો દિબાંગ ખીણને દેશના બાકીના ભાગો સાથે જોડે છે.

નોંધનીય છે કે અરુણાચલ પ્રદેશમાં સતત વરસાદ થઈ રહ્યો છે. જિલ્લા વહીવટીતંત્રનું કહેવું છે કે આ હાઈવેનું સમારકામ કરવામાં ઓછામાં (જુઓ પાનું ૨) ▶▶

## ૨૦૦૦ ટન સફેદ કાંદાની ત્રણ બંદર પરથી નિકાસની છૂટ

નવી દિલ્હી: સરકારે આજે કાંદાની નિકાસ પરનો પ્રતિબંધ હળવો કરતાં ૨૦૦૦ ટન સફેદ કાંદાની ત્રણ બંદરો પરથી નિકાસ મંજૂરી આપી છે.

ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડે એક નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે નિકાસકારોએ ગુજરાત સરકારનાં હોર્ટિકલ્ચર કમિશનર પાસેથી સફેદ કાંદા અને નિકાસના જથ્થા અંગેનું પ્રમાણપત્ર લેવું જરૂરી રહેશે. સરકારે તાત્કાલિક ધોરણે અમલી બને તેમ સફેદ કાંદાની નિકાસ છૂટ માત્ર ૨૦૦૦ ટન સુધી સિમિત રાખવામાં આવી છે અને તે પણ માત્ર મુંદ્રા, પિપાવાવ અને ન્હાવાશેવા/જેએનપીટી બંદરથી જ માન્ય રાખવામાં આવી છે.

નોંધનીય બાબત એ છે કે કાંદા એ રાજકીય સંવેદનશીલ કૉમૉડિટી છે તેની નિકાસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જોકે, મૈત્રીલક્ષી દેશોની અરજને ધ્યાનમાં રાખીને ચોક્કસ માત્રામાં સરકાર દ્વારા નિકાસ મંજૂરી આપવામાં આવે છે. અગાઉ ગત આઠમી ડિસેમ્બરનાં રોજ સ્થાનિકમાં કાંદાના વધતા ભાવ નિયંત્રણમાં રાખવા અને સ્થાનિકમાં પુરવઠો જાળવી રાખવા માટે સરકારે નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. ■

## સુરતની કૂખ્યાત ગૅંગના ત્રણ સાગરીત હથિયાર સાથે ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના અઠવા વિસ્તારમાં કુખ્યાત ગણાતી મિંડી ગૅંગના સાગરીતો થોડા સમય પહેલાં જ ગુજસીટોકના ગુનામાં કોર્ટમાંથી જામીન મેળવી બહાર આવ્યાં હતાં. આરોપીઓ ફરીથી રોફ જમાવવા માટે પિસ્તોલ સાથે ફરી રહ્યાં હતાં. પોલીસે ફિલ્મી ઢબે કારમાંથી ઝડપી પાડયા હતાં.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરત અઠવા વિસ્તારની મિંડી ગૅંગના સાગરીતો હાલમાં જ ગુજસીટોકના ગુનામાં કોર્ટમાંથી જામીન મેળવી બહાર આવ્યાં હતાં. કૈઝર ઉર્ફે મિંડી તેના સાગરીતો સાથે પિસ્ટલ લઈ ફરી રહ્યાં હતાં. બાતમીના આધારે વહેલી સવારના લસકાણા પાટિયા ઉપર વોચ ગોઠવવામાં આવી હતી. જાહેરમાં રોડ ઉપર વોચમાં ઊભેલી પોલીસે ત્યાંથી પસાર થતી કારને ફિલ્મી ઢબે આંતરી હતી. કારમાંથી આરોપીઓને ૭.૩૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યાં હતાં. પોલીસે કારમાંથી આરિફ મિંડીના પુત્ર મો.કૈઝર ઉર્ફે મિંડી મો.આરીફ ઉર્ફે આરીફ મિંડી શેખ, આદિલહુશેન જાકીરહુશેન શેખ, નદીમહુશેન ઉર્ફે મંજરા ઝાકીરહુશેન શેખ ઝડપાયા હતાં. આ ત્રણેય પાસેથી પિસ્તોલ નંગ-૧ તથા મોબાઈલ ફોન તથા કાર સહિત કુલ ૭.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. ■

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતીયોનો યુએસનો ક્રેઝ કેમ ઘટતો નથી?

**લોકસભાની** ચૂંટણીમાં ભાજપ શાસનમાં થયેલા જોરદાર વિકાસના દાવા વચ્ચે અમેરિકાએ ૨૦૨૨ના વર્ષમાં કેટલા વિદેશીઓને અમેરિકાની નાગરિકતા એટલે કે યુએસ સિટિઝનશિપ આપી તેના આંકડા બહાર પાડ્યા છે. આ આંકડા પ્રમાણે, ૨૦૨૨ના વર્ષમાં અમેરિકાએ કુલ ૯,૬૯,૩૮૦ વિદેશીઓને યુએસ સિટિઝનશિપ આપી ને તેમાં ૬૫૯૬૦ ભારતીયો છે.

૨૦૨૨માં યુએસ સિટિઝનશિપ મેળવનારા લોકોમાં ભારતીયો બીજા સ્થાને છે જ્યારે મેક્સિકો ૧,૨૮,૮૭૮ લોકો સાથે પહેલા નંબરે છે. ત્રીજા સ્થાને ફિલિપાઈન્સ. ચોથા સ્થાને ક્યૂબા, પાંચમા સ્થાને ડોમોનિક રીપબ્લિક, છઠ્ઠા સ્થાને વિયેતનામ અને ચીન છેક સાતમા સ્થાને છે. એક સમયે મેક્સિકો પછી બીજાં નબરે ચીન રહેતું પણ અમેરિકા સાથેના સંબંધો બગડતાં છેક સાતમા સ્થાને જતું રહ્યું છે.

ભારત માટે ચીન ક્યા નંબરે રહે છે ને ક્યા નંબરે નથી રહેતું એ મહત્ત્વનું નથી પણ ભારતીયો શું કરે છે એ મહત્ત્વનું છે. ભારત કોઈને ડ્યુઅલ સિટિઝનશિપ આપતું નથી તેથી આ ૬૫૯૬૦ ભારતીયોએ યુએસ સિટિઝનશિપ મેળવવા માટે ભારતીય નાગરિકતા છોડી દીધી છે એ કહેવાની જરૂર નથી. અમેરિકા જેને આવવું હોય એ બધાંને અમેરિકામાં ઘૂસવા દેતું નથી પણ પોતાને ફાવે તેને જ વિઝા આપે છે.

જે લોકો વિઝા લઈને અમેરિકામાં રહે છે અથવા તો પોતાના દેશમાં રહીને અમેરિકાની સિટિઝનશિપ મેળવવા પ્રયત્ન કરે છે તેમને અમેરિકા સિટિઝનશિપ આપે છે. અમેરિકાની સિટિઝનશિપ મેળવવાની પ્રક્રિયા મોંઘી છે તેથી બધાંને પરવડતી નથી. બીજું એ કે, અમેરિકા જેમને સિટઝનશીપ આપે છે એ બધાંનું એજ્યુકેશનલ બેકગ્રાઉન્ડ પણ ધ્યાનમાં લે છે. ગમે તે અભણને સિટિઝનશિપ આપી દેતું નથી. મતલબ કે, જેમને સિટિઝનશિપ મળે છે એ લોકો સુશિક્ષિત અને આર્થિક રીતે સધ્ધર હોય છે.

ભારતમાંથી પણ જેમને સિટિઝનશિપ મળી છે એ બધાંને પણ આ ધારાધોરણ લાગુ પડે જ છે એ જોતાં ભારતમાંથી જેમને સાદી ભાષામાં સારા કહેવાય એવાં ઘરનાં લોકો અમેરિકાની સિટિઝનશિપ મેળવીને ભાગી રહ્યાં છે એ સ્પષ્ટ છે. ભારત બહુ બદલાયું છે અને બહુ પ્રગતિ કરી રહ્યું છે એવા દાવા છતાં આ ૬૫૯૬૦ લોકો બદલાયેલા ભારતમાં રહેવા તૈયાર નથી એ વાત આ આંકડા પરથી સાબિત થાય છે.

આપણે છેલ્લા કેટલાક સમયથી સતત એક વાત સાંભળ્યા કરીએ છીએ કે, ભારતમાં યુવાઓ માટે જબરદસ્ત તકો ઊભી થઈ રહી છે ને અમેરિકા સહિતનાં દેશોનાં અર્થતંત્ર ડૂબવા માંડ્યાં છે. કહેવાતા વિકસિત દેશોનાં અર્થતંત્ર તૂટવાના આરે છે જ્યારે ભારતનું અર્થતંત્ર બહુ ઝડપથી તાકાતવર બની રહ્યું છે. આ ૬૫,૯૬૦ લોકોને આ વાતો આકર્ષી શકી નથી એ વાત આ આંકડા પરથી સાબિત થાય છે.

આ આંકડા બીજી પણ એક વાત સાબિત કરે છે કે, ગમે તેવા મોટા મોટા દાવા થાય પણ ભારતમાંથી બ્રેઈન ડ્રેઈન બંધ થયું નથી. બ્રેઈન ડ્રેઈનનો મતલબ છે કે દેશનાં ટેલેન્ટેડ લોકો દેશ છોડીને બીજા દેશમા સ્થાયી થઈ જાય અને ભારતના બદલે બીજા દેશના વિકાસમાં યોગદાન આપે. આ સ્થિતિ વરસોથી છે અને એ માટેનાં કારણો પણ બહુ જાણીતાં છે.

ભારતમાંથી જે લોકો વિદેશમાં ભાગે છે તેમાં મધ્યમ વર્ગનાં લોકોનું પ્રમાણ વધારે છે. તેનું કારણ એ છે કે, મધ્યમ વર્ગના યંગસ્ટર્સને ભારતમાં અનામત, નવી તકોનો અભાવ સહિતની સમસ્યાઓના કારણે ભાવિ ધૂંધળું લાગે છે. ભારતમાં શિક્ષણની સંસ્થાઓ છે પણ શિક્ષણનું સ્તર વૈશ્વિક નથી. ભારતમાં સરકારી નોકરીઓ છે નહીં ને ખાનગીમાં વીસ-પચીસ હજારના સાવ તુચ્છ પગારમાં આખી જીંદગી ઢસરડો કરવો પડે એ પ્રકારનું શોષણ છે. તેની સરખામણીમાં અમેરિકા જેવા દેશોમાં પ્રમાણમા સારા પગાર મળે છે અને શાંતિની જીંદગી છે તેવી માન્યતાના કારણે યંગસ્ટર્સ અમેરિકા ભાગે છે. એ લોકો અમેરિકાની કોઈ યુનિવર્સિટીમાં એડમિશન લઈને ભણે છે ને પછી ત્યાં જ સેટસ થઈ જાય છે.

જેમની ઉંમર ત્રીસ-પાંત્રીસ વરસ છે ને જેમનાં સંતાનો પાંચ-સાત વરસનાં હોય એ લોકો પોતાનાં સંતાનોને સારું ભવિષ્ય આપવા માટે અને પોતાનું ઘડપણ સુધરે એ માટે વિદેશ ભાગે છે. અમેરિકામાં તમે સામાજિક રીતે તમે મુક્ત જીવન જીવી શકો છે. અમેરિકામાં સિટિઝન બની ગયા પછી સામાજિક સુરક્ષા મળે છે. બિમાર પડો, બેરોજગાર થાઓ કે ઘડપણ આવે ત્યારે સરકાર જવાબદારી ઉઠાવે છે તેથી કોઈ ચિંતા રહેતી નથી જ્યારે ભારતમાં આખી જીંદગી ઢસરડા કર્યા પછી પણ ઘડપણમાં શાંતિ નથી મળતી.

અમેરિકા તરફના લોકોના આકર્ષણનું બીજું એક કારણ આપણા વિદેશમાં રહેતા એનઆરઆઈનાં બેવડાં ધોરણો છે. વિદેશમાં રહેતા ગુજરાતીઓની માનસિકતા ચાવવાના જુદા અને બતાવવાના જુદા એવી છે. આ માનસિકતા પણ ગુજરાતીઓને વિદેશ તરફ ધકેલવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

ભારતમાં નરેન્દ્ર મોદી વડા પ્રધાન બન્યા પછી ભારત બહુ બદલાઈ ગયું છે એવી વાતો બહુ સાંભળવા મળે છે. વિદેશમાં રહેતા ભારતીયો નરેન્દ્ર મોદીના શાસનનાં વખાણ કરવામાં સૌથી મોખરે હોય છે. મોદી અમેરિકા કે બીજા કોઈ દેશમાં જાય ત્યારે મોટી સંખ્યામાં ઉમટી પડતા ગુજરાતીઓ સહિતના ભારતીયો મોદી મોદીના નારા લગાવતા જોવા મળે છે. વિદેશમાં રહેતા ગુજરાતીઓ એક્ટિવ હોય એવાં વોટ્સએપ ગ્રૂપ જુઓ તો મોદીભક્તિથી ભર્યાં પડ્યાં હોય છે. મોદીના શાસનમાં ભારતમાં શું બદલાઈ ગયું ને કેવી ક્રાંતિ થઈ ગઈ તેની ગાથાઓથી ભરેલી પોસ્ટનો રીતસર મારો ચાલે છે.

આ જ ગુજરાતીઓ પાછા વિદેશ છોડીને ભારત પાછા આવવા તૈયાર નથી હોતા. જે ભારત બદલાઈ ગયેલું હોવાનું કહીને એ લોકો વખાણ કરે છે એ ભારતમાં પાછા આવીને રહેવાની તેમની તૈયારી નથી હોતી. બલ્કે કોઈ ભારત પાછા આવતા જ નથી. ભારત છોડીને અમેરિકા, યુકે, કેનેડા સહિતના દેશોમાં જવા માગતા ગુજરાતીઓનો આંકડો જુઓ અને મોદીના કારણે વિકસિત ભારતમાં પાછા આવેલા ગુજરાતીઓના આંકડાની તુલના કરશો તો આ વાત સમજાશે. વિદેશમાં જનારા ગુજરાતીઓ વિદેશમાં શું કરે છે એ ગુજરાતીઓ જાણતા હોય છે. મોટા ભાગના ગુજરાતી સાવ સામાન્ય કામો કરીને જ જીંદગી વિતાવે છે ને છતાં ગુજરાતમાં પાછા આવીને રહેતા નથી ત્યારે પોતે શું કરવા અહીં રહેવું જોઈએ એવું વિચારીને ગુજરાતીઓ વિદેશ ભાગે છે.

વિદેશમાં રહેતા ગુજરાતીઓની કરણી અને કથની સરખી થઈ જશે ત્યારે આ સ્થિતિ નહીં હોય. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર ગ્રીષ્મઋતુ), શુક્રવાર,
તા. ૨૬-૪-૨૦૨૪, વિંછુડો, વિષ્ટિ

- ભારતીય દિનાંક ૬, માહે વૈશાખ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ચૈત્ર, તિથિ વદ-૨
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૧૫મો દએપમહેર, માહે ૧૦મો દએ સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- મીસરી રોજ ૧૮મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- નક્ષત્ર અનુરાધા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૩૯ સુધી (તા. ૨૭મી) પછી જયેષ્ઠા.
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૫, અમદાવાદ ક. ૦૬ મિ.૧૦, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૩-૩૬, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૧૬ (તા. ૨૭)
- ઓટઃ સવારે ક. ૦૬-૪૨, રાત્રે ક. ૧૯-૨૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ - દ્વિતિયા. વિંછુડો, વિષ્ટિ ક. ૨૦-૦૪ થી. બુધ માર્ગી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ઉપનયન, સર્વદેવ પ્રતિષ્ઠા. શુક્ર-શનિ ગ્રહદેવતાનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, શ્રી લક્ષ્મી પૂજા વ્રત અનુષ્ઠાન વિશેષરૂપે, પ્રયાણ શુભ, નવા વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, નવા વાસણ, વાહન, યંત્રારંભ, દસ્તાવેજ, દુકાન-વેપાર, પશુ લે-વેંચ, સ્થાવર લેવડદેવડ, ધાન્ય ભરવું, બી વાવવું, નામકરણ દેવદર્શન, અન્નપ્રાશન, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-શુક્ર અર્ધચતુષ્કોણ પરિવારમાં બદનામીનો ભય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર અર્ધચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-કુંભ, માર્ગી બુધ-મીન, ગુરુ-મેષ (કૃત્તિકા-૧ ચરણ), શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, પ્લુટો-મકર ■

# પાક અને ઈરાનનાં કાશ્મીર વિશેના સંયુક્ત નિવેદનથી ભારત ભડક્યું

ઈસ્લામાબાદઃ પાકિસ્તાન અને ઈરાન એ વાત પર સંમત થયા છે કે કાશ્મીર મુદ્દાને વિસ્તારના 'લોકોની ઈચ્છા પર આધારિત શાંતિપૂર્ણ માધ્યમો' દ્વારા ઉકેલવો જોઈએ, એમ બુધવારે ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાઈસીની પ્રથમ મુલાકાત પછી બંને દેશો દ્વારા જારી કરાયેલ સંયુક્ત નિવેદનમાં જણાવાયું છે. ભારતે અગાઉ પણ કાશ્મીર મુદ્દે અન્ય દેશોના આવા નિવેદનોને ફગાવી દીધા છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ વારંવાર ભારપૂર્વક જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરનો કેન્દ્રશાસિત પ્રદેશ અને લદ્દાખનો કેન્દ્રશાસિત પ્રદેશ ભારતના અભિન્ન અને અવિભાજ્ય ભાગો છે અને હંમેશા રહેશે. આના પર ટિપ્પણી કરવા માટે અન્ય કોઈ દેશને અધિકાર નથી.

ઈરાનના રાષ્ટ્રપતિ રાયસીએ વડા પ્રધાન શેહબાઝ શરીફના આમંત્રણ પર ૨૨-૨૪ એપ્રિલ સુધી પાકિસ્તાનની સત્તાવાર મુલાકાત લીધી હતી. તેમની સાથે વિદેશ પ્રધાન અમીર અબ્દુલ્લાહિયન તેમજ કેબિનેટના અન્ય સભ્યો અને વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ કરતું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ હતું. સોમવારે તેમની વાટાઘાટો બાદ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ દરમિયાન વડા પ્રધાન શરીફે કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો હતો અને તેના વલણ માટે ઈરાનનો આભાર માન્યો હતો. જોકે, ઈરાનના રાષ્ટ્રપતિ રાયસીએ કાશ્મીરનો ઉલ્લેખ કરવાનું ટાળ્યું હતું અને તેના બદલે પેલેસ્ટાઈનમાં જુલમ સામે લડતા લોકો માટે ઈરાનના સમર્થન વિશે વાત કરી એવી છાપ ઊભી કરી હતી કે તેણે આ મુદ્દે કંઈક કહેવાની પાકિસ્તાની નેતાની ઈચ્છાને નકારી હતી.

# આવકવેરા વિભાગે ચેરિટેબલ ટ્રસ્ટના રજિસ્ટ્રેશન માટેની અંતિમ તારીખ ૩૦ જૂન સુધી લંબાવી

નવી દિલ્હીઃ આવકવેરા વિભાગે ગુરુવારે ચેરિટેબલ અને ધાર્મિક ટ્રસ્ટો માટે ટેક્સ ઓથોરિટી સાથે રજિસ્ટ્રેશન અરજી રજૂ કરવાની અંતિમ તારીખ ૩૦ જૂન સુધી લંબાવી છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (સીબીડીટી એ અગાઉ ટ્રસ્ટ, સંસ્થાઓ અને ફંડ્સ દ્વારા ફોર્મ ૧૦-એ, ફોર્મ ૧૦એબી ફાઇલ કરવાની ડેડલાઇન ઘણી વખત લંબાવી હતી.

સીબીડીટીએ એક નિવેદનમાં કહ્યું કે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ની છેલ્લી લંબાવેલી તારીખ પછી આવા ફોર્મ ભરવાની તારીખ વધુ લંબાવવાની વિનંતી કરતી રજૂઆતોને ધ્યાનમાં રાખીને અને કરદાતાઓને પડતી મુશ્કેલીઓને ટાળવા માટે સીબીડીટીએ ફોર્મ ભરવાની અંતિમ તારીખ લંબાવી છે. સીબીડીટીએ એક નિવેદનમાં કહ્યું ફોર્મ ૧૦-એ/ફોર્મ ૧૦ એબી ફાઇલ કરવાની અંતિમ તારીખ ૩૦ જૂન, ૨૦૨૪ સુધી લંબાવી છે.

ફોર્મ ૧૦-એ ટ્રસ્ટ/સંસ્થાઓ દ્વારા દાખલ કરાયેલ એક અરજી ફોર્મ છે જેઓ આવકવેરા મુક્તિ માટે પોતાને નોંધણી કરાવવા માંગે છે. ટ્રસ્ટ/સંસ્થાઓ દ્વારા તેમની કાયમી નોંધણી રિન્યૂ કરવા માટે ફોર્મ ૧૦એબી ફાઇલ કરવામાં આવે છે.

સીબીડીટીએ વધુમાં સ્પષ્ટતા કરી કે જો આવા કોઈ વર્તમાન ટ્રસ્ટ, સંસ્થા અથવા ફંડ નિયત તારીખની અંદર વર્ષ ૨૦૨૨-૨૩ માટે ફોર્મ ૧૦-એ ફાઇલ કરવામાં નિષ્ફળ ગયા હોય અને ત્યારબાદ નવી એન્ટિટી તરીકે કામચલાઉ નોંધણી માટે અરજી કરી હોય અને ફોર્મ ૧૦ એસી પ્રાપ્ત કર્યું હોય તો તે પણ મેળવી શકે છે. ૩૦ જૂન, ૨૦૨૪ સુધી ફોર્મ ૧૦-એમાં આ ફોર્મ ૧૦ એસીને સરેન્ડર કરવાની અને હાલના ટ્રસ્ટ, સંસ્થા અથવા ફંડ તરીકે વર્ષ ૨૦૨૨-૨૩ માટે નોંધણી માટે અરજી કરવાની તક છે.

સીબીડીટીએ જણાવ્યું હતું કે જે ટ્રસ્ટો, સંસ્થાઓ અથવા ફંડની ફરીથી રજિસ્ટ્રેશન માટેની અરજીઓ મોડેથી ફાઇલ કરવા અથવા ખોટા સેક્શન કોડ હેઠળ ફાઇલ કરવાને કારણે નકારી કાઢવામાં આવી હતી તેઓ ૩૦ જૂન, ૨૦૨૪ ની વિસ્તૃત સમયમર્યાદામાં ફોર્મ ૧૦એબીમાં નવી અરજી પણ સબમિટ કરી શકે છે. ■

પહેલા પાનાનું ચાલુ

## રાહુલ, હેમા, 'રામ',

સરેરાશ અંદાજે ૬૫.૫ ટકા જેટલું મતદાન નોંધાયું હતું.

૨૬ એપ્રિલે યોજાનારી બીજા તબક્કાની ચૂંટણીમાં કેરળ (૨૦), કર્ણાટકની ૨૮માંથી ૧૪, રાજસ્થાનની ૧૩, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ પ્રત્યેકની આઠ, મધ્ય પ્રદેશની સાત, આસામ અને બિહાર પ્રત્યેકની પાંચ, છત્તીસગઢ અને ૫. બંગાળ પ્રત્યેકની ત્રણ તેમ જ મણિપુર, ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીર પ્રત્યેકની એક બેઠક પર મતદાન થશે.

મુખ્ય ઉમેદવારોમાં કેન્દ્રીય પ્રધાન રાજીવ ચંદ્રશેખર (તિરુવનંતપુરમ), ભાજપના તેજસ્વી સૂર્યા (કર્ણાટક), હેમા માલિની અને અરુણ ગોવિલ (ઉત્તર પ્રદેશ), કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી (વાયનાડ) અને શશી થરૂર (તિરુવનંતપુરમ), કર્ણાટકના નાયબ મુખ્ય પ્રધાન ડી. કે. શિવકુમારના ભાઈ ડી. કે. સુરેશ (કૉંગ્રેસ), કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એચ. ડી. કુમારસ્વામી (જેડીએસ)નો સમાવેશ થાય છે.

કેરળના વાયનાડની બેઠક પર રાહુલ ગાંધીની સામે ભાજપના કે. સુરેન્દ્રન અને સામ્યવાદી પક્ષના એની રાજા ચૂંટણીમાં ઊભા છે. કેન્દ્રના પ્રધાન રાજીવ ચંદ્રશેખરનો તિરુવનંતપુરમ બેઠક પર મુકાબલો કૉંગ્રેસના શશી થરૂરની સાથે થશે.

જમ્મુની લોકસભાની બેઠક પર ભાજપના જુગલ કિશોર અને કૉંગ્રેસના રમણ ભલ્લા ચૂંટણી લડી રહ્યા છે. કોટામાંથી બે વખત સાંસદ બનેલા ઓમ બિડલાની સામે કૉંગ્રેસના પ્રહ્લાદ ગુંજલ ઊભા છે. જોધપુરમાં કેન્દ્રના પ્રધાન શેખાવતથી ચૂંટણી લડી રહ્યા છે.

લોકસભાની ચૂંટણી માટે મુંબઈની છ બેઠકો દક્ષિણ મુંબઈ, દક્ષિણ-મધ્ય મુંબઈ, ઉત્તર-મધ્ય મુંબઈ, ઉત્તર-પૂર્વ મુંબઈ, ઉત્તર-પશ્ચિમ મુંબઈ અને ઉત્તર મુંબઈ ઉપરાંત થાણે, કલ્યાણ, ભીવંડી, પાલઘર, નાશિક, દિંડોરી, ધુળે મતદારસંઘનું જાહેરનામું શુક્રવારે (૨૬મી એપ્રિલે) બહાર પાડવામાં આવશે અને તેની સાથે ચૂંટણી પ્રક્રિયા શરૂ થવાની છે. શુક્રવારે પાંચમા તબક્કા માટે ઉમેદવારીપત્રકો ભરવાનું શુક્રવારથી ચાલુ થશે.

પાંચમા તબક્કામાં મુંબઈ અને આસપાસની ૧૩ બેઠક પર મતદાન થવાનું છે.

ઉમેદવારીપત્રકો ભરવાનું ચાલુ થતાં જ મુંબઈ શહેર અને આસપાસના વિસ્તારોમાં પ્રચાર કાર્યમાં ગતિ આવશે અને ચૂંટણીનો રંગ જોવા મળશે. ત્રીજી મેના રોજ ઉમેદવારીપત્રકો ભરવાનો છેલ્લો દિવસ છે.

ચોથી મેના રોજ ઉમેદવારી પત્રકોની ચકાસણી કરવામાં આવશે અને ઉમેદવારી પાછી ખેંચવા માટે છઠ્ઠી મે સુધીનો સમય આપવામાં આવ્યો છે. ૨૦ મેના રોજ આ ૧૩ બેઠકો પર મતદાન થવાનું છે.

મહારાષ્ટ્રમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે, નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, એનસીપી વડા શરદ પવારની અનેક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. દેશની આર્થિક રાજધાનીમાં કેન્દ્રના અનેક નેતા અને વિપક્ષના નેતાઓ પણ ચૂંટણી પ્રચારમાં સક્રિયા ભાગ લેવાના છે.

ચોથા તબક્કાનું મતદાન ૧૩ મેના રોજ રાજ્યના ૧૧ મતદારસંઘમાં થવાની છે, જેમાં પુણે-બીડ સહિતની મહત્ત્વની બેઠકોનો સમાવેશ થાય છે. આ બેઠકો માટે ઉમેદવારી પત્રકો ભરવાનું ૧૮ તારીખથી શરૂ થઈ ગયું છે અને ગુરુવાર ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ છે. ગુરુવારે આ બેઠકોનાં ઉમેદવારીપત્રકોની ચકાસણી થશે અને ૨૯ તારીખ સુધીમાં ઉમેદવારી પાછી ખેંચી શકાશે. ૧૩ મેના રોજ મતદાન થશે. ૧૩ તારીખે જ્યાં મતદાન છે તે મતદારસંઘોમાં પુણે, માવળ, શિરુર, અહમદનગર, શિરડી, બીડ, ઔરંગાબાદ, જાલના, રાવેર, જળગાંવ અને નંદુરબારનો સમાવેશ થાય છે.

દેશમાં બીજા તબક્કામાં કુલ ૧૩ રાજ્યોની ૮૯ લોકસભા બેઠકો પર ૨૬ એપ્રિલે મતદાન થવાનું છે. આ બેઠકો પરના પ્રચારના પડઘમ શાંત થઈ ગયા છે.

રાજસ્થાનના બાંસવાડામાં પ્રચાર દરમિયાન એક ચૂંટણીસભાને સંબોધન કરતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે વિવાદ ઊભો કર્યો હતો.

કૉંગ્રેસના ચૂંટણીઢંઢેરા પર શાબ્દિક પ્રહાર કરતા મોદીએ આક્ષેપ કર્યો હતો કે વિપક્ષ લોકોએ સખત પરિશ્રમથી એકઠાં કરેલા રૂપિયા અને સંપત્તિ ઘૂસણખોરો અને વધુ બાળકો ધરાવતા લોકોને આપી દેવાની યોજના બનાવી રહ્યો છે. વર્ષ ૨૦૦૬માં તત્કાલિન વડા પ્રધાન મનમોહનસિંહે એક ભાષણ દરમિયાન કરેલા એ નિવેદનનો ઉલ્લેખ મોદીએ કર્યો હતો જેમાં મનમોહનસિંહે જણાવ્યું હતું કે દેશના સંસાધનો પર મુસ્લિમોનો પ્રથમ અધિકાર છે.

આ અંગે પ્રતિક્રિયા આપતા કૉંગ્રેસે કહ્યું હતું કે લોકસભાની પ્રથમ તબક્કાની ચૂંટણીમાં નિરાશ થયેલા વડા પ્રધાન વાસ્તવિક મુદ્દાઓ પરથી લોકોનું ધ્યાન અન્યત્ર વાળવા ધિક્કાર ભાષણ મારફતે જુઠ્ઠાણું ફેલાવી રહ્યા છે.

ચોક્કસ ધાર્મિક સમુદાયને નિશાન બનાવી કરેલા ભાગલાવાદી નિવેદનને મામલે મોદી વિરુદ્ધ કાર્યવાહી કરવાની કૉંગ્રેસે ચૂંટણી પંચને વિનંતી કરી હતી.

સત્તા પર આવશે તો કૉંગ્રેસ મિલકતનું નવેસરથી વિતરણ કરશે એવો આક્ષેપ મોદીએ બીજે દિવસે કર્યો હતો. જોકે મોદીએ એમ કહેવાનું ટાળ્યું હતું કે કૉંગ્રેસ આ મિલકતોનું મુસ્લિમોમાં વિતરણ કરશે.

મુસ્લિમોની વધુ વસતિ ધરાવતા ઉત્તર પ્રદેશના અલીગઢ મતદાર ક્ષેત્રમાં એક રેલીને સંબોધન કરતા મોદીએ કહ્યું હતું કે હું જનતાને કૉંગ્રેસ અને વિપક્ષ ઈન્ડિયા બ્લૉકના ઈરાદાઓ અંગે માહિતગાર કરવા માગું છું. (એજન્સી) ■

## જેઈઈ મેઈનમાં

વેબસાઇટ jeemain.nta.ac.in પર તેમના પરિણામોને જાણી શકે છે.

એજન્સીએ અગાઉ ૨૧ એપ્રિલ, ૨૦૨૪ના રોજ જેઇઇ પરીક્ષાઓની આન્સર કી બહાર પાડવામાં આવી હતી. જેઇઇ મેઇન ૨૦૨૪ સત્ર બેની પરીક્ષા એપ્રિલના પ્રથમ અને બીજા અઠવાડિયામાં ૪૫,૬,૮,૯ અને ૧૨ના રોજ લેવામાં આવી હતી, જેમાં દેશભરમાં લગભગ ૩૧૯ શહેરોમાં અને ભારતની બહારના ૨૨ શહેરોનો સમાવેશ થાય છે.

પ્રોવિઝનલ આન્સર કી ૧૨ એપ્રિલના રોજ બહાર પાડવામાં આવી હતી, અને તેના માટે વાંધાજનક વિન્ડો ૧૪ એપ્રિલ, ૨૦૨૪ના રોજ બંધ થઈ હતી. કુલ મળીને, એક લાખથી વધુ વિદ્યાર્થીઓએ બીજા સત્રમાં પેપર ૧ની પરીક્ષા આપી હતી.

એજન્સીએ અહેવાલ આપ્યો છે કે પરીક્ષામાં ગેરવર્તણૂક કરવા બદલ ૩૯ ઉમેદવારોને ત્રણ વર્ષ માટે ભવિષ્યના પ્રયાસોથી પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા.

આ પરીક્ષાઓ ૧૩ ભાષાઓમાં લેવામાં આવી હતીઃ આસામી, બંગાળી, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, કન્નડ, મલયાલમ, મરાઠી, ઉડિયા, પંજાબી, તમિલ, તેલુગુ અને ઉર્દુ. વિદ્યાર્થીઓની માર્કશીટની અંતિમ નકલો એજન્સી દ્વારા તેમને તેમના રજિસ્ટર્ડ ઈમેલ આઈડી પર મેઈલ કરવામાં આવશે. ■

## સુપ્રીમ કોર્ટમાં

સેવાઓ સાથે વોટ્સએપ મેસેજને એકીકૃત કરીને ન્યાયની પહોંચને વધુ મજબૂત કરવાનો છે. તેમણે કહ્યું કે હવે વકીલોને કેસ દાખલ કરવા વિશે ઓટોમેટેડ મેસેજ પ્રાપ્ત થશે.

જસ્ટિસ ચંદ્રચૂડે એમ પણ કહ્યું કે કેસ યાદી જાહેર થયા બાદ બારના સભ્યોને તેમના મોબાઈલ ફોન પર યાદી પ્રાપ્ત થશે. કોઝ લિસ્ટનો અર્થ છે કોર્ટ દ્વારા નિશ્ચિત તારીખે કેસની સુનાવણી થવાની છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે, આ એક ક્રાંતિકારી પગલું છે. ચીફ જસ્ટિસે સર્વોચ્ચ અદાલતનો સત્તાવાર વોટ્સએપ નંબર પણ શેર કર્યો હતો અને કહ્યું હતું કે તેના પર કોઈ સંદેશ અને કોલ પ્રાપ્ત થશે નહીં.

જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું હતું કે આનાથી અમારી કામ કરવાની આદતોમાં નોંધપાત્ર ફેરફાર થશે અને કાગળો બચાવવામાં ઘણી મદદ મળશે. મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચૂડના નેતૃત્વ હેઠળ સર્વોચ્ચ અદાલત ન્યાયતંત્રની કામગીરીને ડિજિટલ બનાવવા માટે પગલાં લઈ રહી છે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારે ઈ-કોર્ટ પ્રોજેક્ટ માટે ૭,૦૦૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. ■

## કૉંગ્રેસે તેલંગણાને

તેલંગણાને ભ્રષ્ટાચારથી મુક્ત કરશે.

કૉંગ્રેસ ગયા વર્ષ ડિસેમ્બરમાં વિધાનસભા ચૂંટણીમાં વિજય મેળવીને સત્તા પર આવી હતી. આ વખતે તેલંગણાના લોકો મોદી સાથે છે એવો દાવો કરીને અમિત શાહે કહ્યું હતું કે રાજ્યના લોકોએ રાજ્યની દરેક બેઠકમાં ભાજપને વિજયી બનાવવાનું નક્કી કર્યું છે. જો ભાજપ કેન્દ્રમાં સત્તા પર આવે તો જ તેલંગણાનો સર્વગ્રાહી વિકાસ થશે. ટીઆરએસ અને કૉંગ્રેસ અયોધ્યામાં રામમંદિર બાંધવાની તરફેણમાં નહોતા એવો આક્ષેપ કરીને શાહે કહ્યું હતું કે મોદીએ પાંચ વર્ષમાં અદાલતમાં કેસ જીતીને મંદિરના બાંધકામ માટે ભૂમિપૂજન કર્યું હતું અને પછી મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી. ભાજપે દસ વર્ષના શાસનમાં લાંબા સમયથી દેશને હેરાન કરનારા પ્રશ્નોનો નિવેડો આણ્યો છે. (એજન્સી)

## કૉંગ્રેસ લુપ્ત

પ્રમાણે કામ કરે છે. તેમણે આ માટે ૩૭૦ કલમની નાબૂદી, અયોધ્યામાં રામમંદિરનું નિર્માણ, ટ્રિપલ તલાક, અને સિટીઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ (સીએએ)ના દાખલા આપ્યા હતા. રામલલા નાની કુટીરમાંથી શાહી મહેલમાં ગયા એ ભારતમાં રામરાજ્યની શરૂઆત બતાડે છે.

ભારત-ચીન સરહદ પર સુરક્ષા ભયની ઉપેક્ષા કરવા બદલ અગાઉની કૉંગ્રેસ સરકારની ટીકા કરતાં તેમણે કહ્યું હતું કે ચીનના અતિક્રમણના ડરથી કૉંગ્રેસ સરકારોએ ચીનની સરહદ પર રોડ બાંધવાનું ટાળ્યું હતું. જોકે મોદી સરકારના નેતૃત્વ હેઠળ સરહદ પરનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બન્યું છે અને લશ્કર જરૂર પડે તો જડબાતોડ જવાબ આપવા તૈયાર છે. ■

## અરૂણાચલ પ્રદેશમાં

ઓછા ત્રણ દિવસનો સમય લાગશે. વહીવટીતંત્રે કહ્યું કે દિબાંગ ખીણના તમામ રહેવાસીઓને જાણ કરવામાં આવે છે કે જિલ્લામાં અવિરત વરસાદને કારણે અનીનીથી રોઇંગને જોડતો હાઇવે ધોવાઇ ગયો છે. તેને રિપેર કરવામાં ઓછામાં ઓછા ત્રણ દિવસ લાગશે. તેથી જ્યાં સુધી હાઈવેનું સમારકામ ન થાય ત્યાં સુધી દરેકને આ માર્ગ પરથી મુસાફરી કરવાનું ટાળવાની સલાહ આપવામાં આવે છે.નેશનલ હાઈવે એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડે હાઈવેનું સમારકામ શરૂ કરી દીધું છે પરંતુ સતત વરસાદને કારણે સમારકામની કામગીરીમાં ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. ■

## મોદી અને રાહુલ

પંચે ૨૯ એપ્રિલે સવારે ૧૧ વાગ્યા સુધીમાં નોટિસનો જવાબ આપવાનો નિર્દેશ આપ્યો છે. ચૂંટણી પંચે કહ્યું કે રાજકીય પક્ષોએ તેમના ઉમેદવારો અને સ્ટાર પ્રચારકોના વર્તનની જવાબદારી લેવી પડશે. આવા ભાષણો ખાસ કરીને ચૂંટણી પ્રચાર દરમિયાન ઉચ્ચ હોદ્દા પર રહેલા લોકો દ્વારા વધુ ચિંતાજનક છે અને તેના ગંભીર પરિણામો આવી શકે છે.

વાસ્તવમાં વડા પ્રધાન મોદીએ તાજેતરમાં રાજસ્થાનમાં એક રેલી દરમિયાન કહ્યું હતું કે જો કૉંગ્રેસ સત્તામાં આવશે તો તે લોકોની સંપત્તિ ઘૂસણખોરો અને વધુ બાળકો ધરાવતા લોકોમાં વહેંચશે. આ દરમિયાન વડા પ્રધાને પૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહના એક જૂના નિવેદનનો ઉલ્લેખ કર્યો હતો જેમાં મનમોહન સિંહે કહ્યું હતું કે દેશના સંસાધનો પર લઘુમતી સમુદાયનો પ્રથમ અધિકાર છે. આ મામલે કૉંગ્રેસે ચૂંટણી પંચને અપીલ કરી હતી કે વડા પ્રધાન મોદીનું નિવેદન વિભાજનકારી અને દૂષિત છે અને આચાર સંહિતાનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. કૉંગ્રેસે વડા પ્રધાન મોદી વિરુદ્ધ ચૂંટણી પંચને ૧૪૦ પેજમાં ૧૭ ફરિયાદો કરી હતી.

ભાજપે ૨૨ એપ્રિલે કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ ચૂંટણી પંચમાં ફરિયાદ પણ કરી હતી. ભાજપે પોતાની ફરિયાદમાં કહ્યું હતું કે રાહુલ ગાંધી દેશમાં ગરીબી વધારવાના ખોટા વાયદા કરી રહ્યા છે. ભાજપનો આરોપ છે કે રાહુલ ગાંધીએ દેશમાં ભાષા અને પ્રદેશના આધારે ભાગલા પાડવાનો પ્રયાસ કર્યો છે.

ચૂંટણી પંચ દ્વારા કૉંગ્રેસને મોકલવામાં આવેલી નોટિસ પર જયરામ રમેશે કહ્યું કે અમે ચૂંટણી પંચને ફરિયાદ કરી હતી. ભાજપ જે રીતે ધર્મનો ઉપયોગ કરી રહી છે અથવા કહીએ તો તેનો દુરુપયોગ કરી રહી છે. જે એકદમ ચિંતાજનક છે. અમે આ નોટિસનો જવાબ આપીશું. ■

## પંજાબમાં

ધાતુઓ અને બીજી વસ્તુઓ જપ્ત કરાઈ છે. આચારસંહિતા ૧૬ માર્ચે અમલમાં આવી હતી.

રાજ્યની ૨૪ એન્ફોર્સમેન્ટ એજન્સીમાંથી પંજાબ પોલીસે ૨૭૬.૧૯ કરોડ રૂપિયાની જપ્તી અને બોર્ડર સિક્યોરિટી ફોર્સે ૨૨.૮૫ કરોડ રૂપિયાની જપ્તી કરી છે. રાજ્યના આબકારી જકાતે ૭.૨૧ કરોડ રૂપિયાના વસ્તુની જપ્તી , સ્ટેટ ગૂડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ ડિપાર્ટમેન્ટે પાંચ કરોડ રૂપિયાની જપ્તી, કસ્ટમ્સ ડિપાર્ટમેન્ટે ૪.૩૭ કરોડ રૂપિયાની જપ્તી, આવકવેરા ખાતાએ ૪.૦૮ કરોડ રૂપિયાની જપ્તી અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ ૧.૭૬ કરોડ રૂપિયાની જપ્તી કરી છે. (એજન્સી) ■

# રાજ્યના ૭૮૦૦૦થી વધારે ટેટ- ટાટ ઉમેદવારો અને પરિજનોનું ભાજપને મત નહિ આપવાનું એલાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રસપ્રદ બની ચુકેલી લોકસભાની સામાન્ય ચૂંટણીના વાગી રહેલા પડઘમ વચ્ચે ભાજપ સામે કેટલાક સામાજિક ક્ષેત્રે વિરોધનો સૂર પણ વધતો જાય છે.

ગત વર્ષથી કાયમી શિક્ષકોની ભરતી અંગેની સેંકડો રજૂઆતોનો ગુજરાતની 'ડબલ' એન્જિન સરકાર દ્વારા હકારાત્મક અભિગમ દેખાડવાને બદલે માત્ર ૧૧ માસના કરાર આધારિત જ્ઞાન સહાયક યોજનાને અમલમાં મૂકી દેવામાં આવી છે જેની સામે રાજ્યના ટેટ ટાટ પાસ ઉમેદવારો અને તેમના પરિવારજનોમાં સખ્ત નારાજગી જોવા મળી રહી છે.

અત્યારના ચૂંટણી માહોલમાં મહત્વનો ભાગ ભજવી રહેલાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ જેવા કે, વૉટસઍપ મેસેન્જર, ટેલિગ્રામના માધ્યમથી સતાપક્ષની સામે ઊભેલા કોઈ પણ પક્ષના ઉમેદવારોને મત આપવાનો નિર્ધાર વ્યકત કરવામાં આવ્યો છે.

મેસેજિંગ એપ્લિકેશન પર પોતાના પરિવાર, મિત્ર વર્તુળ સહિત ભાજપ સામે ચૂંટણી જંગમાં ઊભેલા ઉમેદવારોને મત અપાવવાનો લક્ષ્યાંક આપવામાં આવી રહ્યો છે.

રાજકીય સમીક્ષકોના જણાવ્યા મુજબ ગુજરાતના ૭૮,૦૦૦ જેટલા ટેટ-ટાટ પાસ ઉમેદવારો ઓછામાં ઓછા ૫૦ મતોનું ધ્રુવીકરણ કરાવે અને સત્તા પક્ષની સામેના ઉમેદવારોને મત આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે તો, આગામી લોકસભાની ચૂંટણીમાં અંદાજિત ૪૦૦૦૦૦૦ જેટલા મતોથી સત્તા પક્ષને હાથ ધોવા પડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લોકસભાની ચૂંટણી પહેલા જે રીતે ક્ષત્રિય સમાજ દ્વારા સત્તાપક્ષ વિરુદ્ધના ઉમેદવારોને મત આપવાનું આયોજન સાથે રણનીતિ ઘડવામાં આવી રહી છે તેવી જ રીતે નારાજ ટેટ ટાટ પાસ ઉમેદવારો પણ આ રીતે જ સત્તાપક્ષ સામેના પક્ષ તરફી મતદાન કરશે તો સમગ્ર રાજ્યમાં થનાર મતદાનની ટકાવારીમાં પડેલા તફાવતની અસર લોકસભા બાદ વિધાનસભા, જિલ્લા, તાલુકા, ગ્રામ પંચાયતની ચૂંટણીના પરિણામો પર પણ પડશે.

લોકસભાની ૨૦૧૯ અને વિધાનસભા ૨૦૨૨માં યોજાયેલી ચૂંટણીના ત્રણ વર્ષના ટૂંકા સમયગાળા દરમિયાન સત્તા પક્ષને મળેલા મતમાં ૧૦ ટકા જેટલો નોંધપાત્ર ઘટાડો થયો છે અને આ વખતે જો ટેટ ટાટ ઉમેદવારો પણ ૪૦ લાખ જેટલા મતોનું ક્રોસ વોટિંગ કરીને અન્ય પક્ષને મત આપશે તો દેખીતી રીતે જ મોટું ગાબડું પડશે. ■

# ભચાઉમાં ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડા સામે ક્ષત્રિય સમાજનું વિરોધ પ્રદર્શન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રાજકોટની લોકસભા બેઠકના ઉમેદવાર ભાજપના પુરુષોત્તમ રૂપાલાએ એક જાહેર કાર્યક્રમમાં ક્ષત્રિય મહિલાઓ વિશે કરેલી બિનજરૂરી ટિપ્પણી બાદ રૂપાલાની ટિકિટ રદ કરવા માટે ક્ષત્રિય સમાજે રાજ્યભરમાં આંદોલનો શરૂ કર્યા છે અને આગામી લોકસભાની ચૂંટણીના પ્રચારાર્થે નીકળેલા ભાજપના ઉમેદવારોનો ઉગ્ર વિરોધ કરાઇ રહ્યો છે.



ક્ષત્રિયોની બહોળી વસ્તી ધરાવતા સરહદી કચ્છમાં પણ હાલ ઉગ્ર દેખાવો યોજાઈ રહ્યા છે અને બુધવારે રાજકોટ અને કચ્છના માતાના મઢ ખાતેથી ભાજપ વિરોધી મતદાન કરવાની અપીલ સાથે ક્ષત્રિય સમાજ દ્વારા 'ધર્મરથ' શરૂ કરવામાં આવ્યો એ વચ્ચે પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના આંબરડી અને યશોદાધામમાં કચ્છ-મોરબીની અનામત બેઠકના સતત ત્રીજી વખતના ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડા સામે રુપાલા વિરુદ્ધ નારા લાગ્યા હતા.

યશોદાધામમાં ભારતીય જનતા પક્ષના 'હાઈપ્રોફાઈલ' ઉમેદવાર વિનોદ ચાવડા સહિતના ભાજપના આગેવાનો લોક સંપર્ક અને સભા કરવા પહોંચે તે પહેલા બહોળી સંખ્યામાં એકઠા થયેલા ક્ષત્રિય સમાજના યુવાનો તેમનો રસ્તો રોકતા વિરોધ દર્શાવ્યો હતો. રૂપાલાના વિરોધ બાબતે પોલીસ દ્વારા તેમને સભાસ્થળ સુધી પહોંચવા દેવામાં આવ્યા ન હતા અને યશોદાધામ પાસે જ તેમને અટકાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત ભચાઉ તાલુકાના આંબરડી ગામે પણ ક્ષત્રિય સમાજના યુવાનો દ્વારા વિરોધ દર્શાવતા નારા લગાવવામાં આવ્યા હતા. અહીં વિનોદ ચાવડા સાથે જિલ્લા ભાજપ પ્રમુખ દેવજી આહીર, જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજા સહિતના આગેવાનો જ્યારે સભા પૂરી કરી બહાર નીકળતા હતા તે સમયે ક્ષત્રિય કાર્યકર્તાઓએ નારા લગાવતાં વાતાવરણ તંગ બન્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, અલ્ટીમેટમનો સમય પૂરો થઇ ગયો હોઈ, ભાજપ વિરોધી મતદાન કરવાની અપીલ સાથે લોકસભા ક્ષેત્રોમાં આ ધર્મરથ ફેરવી ક્ષત્રિયોએ રૂપાલા અને ભાજપ સામે અસલી રણસંગ્રામ શરૂ કર્યો છે. આણંદ અને વડોદરામાં નારાજ થયેલો સમાજ મહાસંમેલન પણ યોજવાનો છે.

સમસ્ત ક્ષત્રિય સમાજે કટિબદ્ધતાથી આ લડત આદરી તો રાજયની આઠેક જેટલી બેઠકમાં હારજીતના પરીણામોમાં ફેરફાર થઈ શકે છે તેવું રાજનીતિજ્ઞો કહી રહ્યા છે. રૂપાલાએ વિના કારણે કરેલા અશોભનીય નિવેદન બાદ ઊભા થયેલા વિવાદમાં ફસાયેલા ભાજપ માટે ઈધર કુઆ અને ઉધર ખાઈનો તાલ સર્જાયો છે. ક્ષત્રિયોના મતવિસ્તારમાં ભાજપના ઉમેદવારો ચૂંટણી પ્રચાર કરવા જઈ શકતા નથી અને હિંમત કરીને જાય તો તેમને ઊભી પૂંછડીએ જતા રહેવાની નોબત આવી રહી છે. ■

# ભાજપને ૧૯૮૪ની ચૂંટણીમાં માત્ર એક બેઠક મળી હતી

## ૨૦૨૪માં ચૂંટણી પહેલાં જ એક બેઠક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લોકસભાની છેલ્લી બે ચૂંટણી ૨૦૧૪ અને ૨૦૧૯મા ભાજપને તમામ ૨૬ બેઠકો મળી હતી. લોકસભાની ૨૦૨૪ની ચૂંટણીમાં પણ ભાજપને મતદાન પૂર્વે જ એક બેઠક મળી ગઇ છે પરંતુ એકસમય હતો જ્યારે ભાજપને બેઠકો મેળવવાના ફાંફા હતા. ૧૯૮૪ની ચૂંટણીમાં સમગ્ર ગુજરાતમાંથી એક જ બેઠક મળી હતી જ્યારે આખા દેશમાં ભાજપને બે બેઠકો મળી હતી.

ભાજપ આજે દેશભરમાં છવાઇ ગયો છે અને આ ચૂંટણીમાં દક્ષિણના રાજ્યોમાં પણ નોંધપાત્ર રીતે ખાતુ ખુલે તેવી આશા ભાજપના નેતાઓ રાખી રહ્યા છે. તેની પાછળ ભાજપના નેતાઓની વિચારધારા આધારિત દાયકાઓની મહેનત અને આશાવાદ પણ છે. ૧૯૮૪માં મહેસાણા લોકસભા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર ડો. એ.કે. પટેલે કૉંગ્રેસના સાગર રાયકાને ૪૪ હજાર મતથી પરાજય આપ્યો હતો. ભાજપની સ્થાપના પછી રાજ્યમાં પ્રથમ ચૂંટણીમાં એક બેઠકથી ભાજપનું ખાતુ ખુલ્યું હતું. તે પછી આજે ભાજપ એ સ્થિતિમાં છે કે લોકસભાની તમામ ૨૬ બેઠકો જીતવાનો દાવો કરી શકે છે. એટલું જ નહીં છેલ્લી બે ચૂંટણીમાં ભાજપે તે કરી પણ બતાવ્યું છે. તે સમયે ગુજરાતની અન્ય બેઠકો પરથી અશોક ભટ્ટ, રતિલાલ વર્મા, ચીમનભાઇ શુકલ, ગાભાજી ઠાકોર જેવા ધુરંધર નેતાઓ ચૂંટણી લડ્યા હતા પરંતુ જીત મેળવી શક્યા ન હતા. ૧૯૮૪માં ગુજરાતમાં એક બેઠકથી શરૂ થયેલી જીત ઉતાર-ચઢાવ સાથે આગળ વધતી રહી છે. જેમાં ભાજપની નોંધપાત્ર બેઠકો ૨૦૦૪ની ચૂંટણીથી વધવાનું શરૂ થયું. જેમાં ભાજપને ૧૪ બેઠકો મળી હતી. ૨૦૦૯માં ૧૫ બેઠકો અને ૨૦૧૪માં પ્રથમ વખત તમામ ૨૬ બેઠકોની જીત સાથે જે ઇતિહાસ ભાજપે રચ્યો તેનું પુનરાવર્તન ૨૦૧૯માં પણ થયું હતું. હવે ૨૦૨૪ની ચૂંટણીમાં પણ તમામ ૨૬ બેઠકો ૫ લાખ મતની લીડ સાથે ભાજપ જીતશે તેવા દાવા પક્ષના નેતાઓ દ્વારા કરાયા છે. તેની શરૂઆત થઇ ગઇ હોય તેમ સુરતની એક બેઠક અત્યારે મળી જવા પામી છે. ભાજપને છેલ્લી બે લોકસભા ચૂંટણીમાં તમામ ૨૬ બેઠક મળી તેની પાછળ વધેલા મતદાનનો ફાળો પણ ઓછો નથી. ૧૯૭૧થી ૨૦૦૪ સુધીની લોકસભાની ચૂંટણીમાં એકપણ વખત મતદાનની ટકાવારી ૬૦ ટકાથી વધી નથી. તેની સામે ૨૦૧૪માં ૬૩.૬૬ ટકા અને ૨૦૧૯માં ૬૪.૫૧ ટકા મતદાન થવા પામ્યું છે. ■

જનતાનો ગદ્દાર

# સુરતમાં કૉંગ્રેસનાં કુંભાણી વિરુદ્ધ પોસ્ટરો લાગ્યાં

(અમારા પ્રતિનિધિ તરથી)

અમદાવાદ: સુરત બેઠક પર નીલેશ કુંભાણીનું ફોર્મ અમાન્ય થતા કૉંગ્રેસના કાર્યકરોમાં ભારે આક્રોશ છે. કૉંગ્રેસના કાર્યકરોએ નીલેશ કુંભાણીના ઘરે જઇને જનતાનો ગદ્દાર, લોકશાહીનો હત્યારો જેવા લખાણો સાથેના બેનરો સાથે વિરોધ નોંધાવ્યો હતો. જો કે નીલેશ કુંભાણીના ઘરે તાળું જોવા મળ્યું હતું. હાલમાં નિલેશ કુંભાણી સંપર્કવિહોણા હોવાની માહિતી મળી રહી છે.

સુરતમાં કૉંગ્રેસમાંથી ઉમેદવારી કરનારા નીલેશ કુંભાણી ભાજપમાં સામેલ થાય તેવી ચર્ચા છે. આ સપ્તાહના અંતમાં કે ત્યારબાદ નીલેશ કુંભાણી ભાજપમાં જોડાઈ શકે છે. કુંભાણીને આવકારવા ભાજપની તૈયારી પૂર્ણ થઈ છે.

ચાર દિવસથી ગુમ થયેલા નીલેશ કુંભાણીના સુરત શહેરમાં પોસ્ટર લાગ્યા છે. પૂર્વ કોર્પોરેટર દિનેશ કાછડિયાએ હીરાબાગ બ્રિજ પર પોસ્ટર લગાવ્યા હોવાનો આરોપ લાગ્યો છે. આ પોસ્ટરમાં નીલેશ કુંભાણીને વોન્ટેડ જાહેર કરાયા છે. આટલું જ નહીં પોસ્ટરમાં લોકતંત્રનો હત્યારો, ગદ્દાર જેવા લખાણ લખાયા છે. સુરત લોકસભાના ૧૯ લાખ મતદારોના હક્કનો સોદો કરનારને ઓળખો તેવો પણ ઉલ્લેખ કરાયો છે. તો પોસ્ટરમાં જ્યાં પણ દેખાય તેને સવાલ કરીને સબક શીખવાડવા અપીલ કરવામાં આવી છે. બીજી તરફ નીલેશ કુંભાણીના પત્ની નીતા કુંભાણીએ જણાવ્યું હતું કે,મારા ઘરે કૉંગ્રેસ દ્વારા વિરોધ કરાયો હતો.હુ ઘર બંધ કરીને બાળકોના યુનિફોર્મ લેવા ગઈ ત્યારે મારા ઘરની બહાર પોસ્ટર લગાડવામાં આવ્યા હતા, નીલેશ કુંભાણી અમદાવાદમાં હોય તેવી મને શંકા છે, કારણકે તેઓ જયારે ઘરેથી નિકળ્યા ત્યારે ગુજરાત હાઈ કોર્ટ જવાનું કહીને નિકળ્યા હતા. અત્યારે નીલેશ કુંભાણી ક્યાં છે તેની પણ મને કોઈ ખબર નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુરતમાં કૉંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થતા અને અન્ય ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા ભાજપના ઉમેદવારની બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. ત્યારબાદથી નિલેશ કુંભાણી ભૂગર્ભમાં ઉતરી ગયા છે. ■

# અમદાવાદમાં રોજના 30 થી વધુ હીટસ્ટ્રોકના કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં ગરમીના પ્રમાણમાં વધારો થતા ચાર-પાંચ દિવસમાં શહેરની ખાનગી ઉપરાંત સરકારી હૉસ્પિટલમાં રોજના ૩૦ થી વધુ જેટલા હીટસ્ટ્રોકના કેસો નોંધાઈ રહ્યા છે. સારવાર માટે હૉસ્પિટલો સજ્જ બની છે ત્યારે તડકામાં લાંબા અંતરની મુસાફરી કરતા લોકો આસાનીથી હીટસ્ટ્રોકનો શિકાર બની રહ્યા હોવાનું ડોકટરો જણાવી રહ્યાં છે.બીજી તરફ ઋતુગત બીમારી સાથે હીટસ્ટ્રોકના કેસમાં પણ વધારો થયો છે.અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાં હીટસ્ટ્રોક માટે ૧૧ બેડની વ્યવસ્થા કરી છે.

અમદાવાદમાં આવેલી એશિયાની સૌથી મોટી જાહેર હોસ્પિટલમાં લોકોને હીટસ્ટ્રોકથી બચાવવા માટે વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. જેમાં સિવિલ હૉસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે અલાયદો હીટસ્ટ્રોક વોર્ડ બનાવવામાં આવ્યો છે. જેમાં ૧૧ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. સદનસીબે હજુ સુધીમાં કોઈ પણ દર્દીને હીટસ્ટ્રોકના કારણે આ વોર્ડમાં દાખલ કરવાની ફરજ પડી નથી. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં એપ્રિલ મહિનાની આજની તારીખ સુધીમાં છેલ્લા ૨૦ દિવસમાં અંદાજિત ૧૮૦ જેટલા લોકો ઝાડા-ઊલટીની ફરિયાદ સાથે આવ્યા હતા. આ ઉપરાંત પણ શરીર અને માથાના દુખાવા સાથે પણ ઘણા દર્દીઓ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે પહોંચે છે. તેથી સ્પષ્ટપણે હીટસ્ટ્રોકના કેટલા દર્દીઓ આવ્યા તેનો અંદાજો લગાવવો મુશ્કેલ છે, તેમ સિવિલ હૉસ્પિટલના સુપરિટેન્ડન્ટે જણાવ્યું હતું. ■

# મુંદરા પાસે હીટ એન્ડ રનઃ બે લોકોના કમકમાટીભર્યાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:સરહદી કચ્છના બંદરીય મુંદરા તાલુકાના હટડી ગામ પાસે સામેથી આવી ચડેલા અજ્ઞાત વાહનની અડફેટે ચડી ગયેલા મોટરસાઇકલ સવાર એવા ઝારખંડના બે પરપ્રાંતીય શ્રમિક યુવકોનાં ઘટનાસ્થળે મૃત્યુ નિપજતાં અરેરાટી પ્રસરી છે.

ગત બુધવારના રાત્રે સાડા આઠથી નવ વાગ્યાના અરસામાં બનેલી દુર્ઘટના અંગે મુંદરા પોલીસે માહિતી આપતાં જણાવ્યું હતું કે, હટડીની પોર્ટ બ્રીજ કંપનીમાં મજૂરી કામ કરતા બે હતભાગી યુવકો મોટરસાઇકલ લઈને લેબર કોલોનીથી હટડી ગામ તરફ જતાં હતા ત્યારે અજાણ્યા વાહનની ટક્કરથી માથામાં ગંભીર ઈજા થતાં બંનેનાં ઘટનાસ્થળે મૃત્યુ નીપજ્યાં હતાં.

મોટરસાઇકલ હતભાગી અમિતપ્રકાશ દિલીપકુમાર દ્વિવેદી (ઉ.વ.૨૫) ચલાવતો હતો અને તેની પાછળ બિપીનકુમાર આત્મજ વિજયકુમાર ચંદ્રવંશી (ઉ.વ.૨૧) બેઠો હતો. સામેથી આવતાં ટ્રક જેવા ભારેખમ વાહન આગળ લાગેલાં તીક્ષ્ણ સેફ્ટી ગાર્ડ કે વાહનની સાઈડમાં રહેલાં પતરાં જેવી તીક્ષ્ણ ચીજવસ્તુથી ઈજા થતાં બંનેના માથાં અડધા ચીરાઈ ગયાં હોવાની શક્યતા જોવાઈ રહી છે. જીવલેણ અકસ્માત સર્જ્યા બાદ વાહનચાલક સ્થળ પરથી વાહન સમેત નાસી છૂટ્યો હોઈ પોલીસે લેબર કોન્ટ્રાક્ટર મહેન્દ્રસિંહ જાડેજાએ નોંધાવેલી ફરિયાદમાં હિટ એન્ડ રનની કલમ સાથે ગુનો નોંધી પીએસઆઈ એન.ડી.જાડેજાએ તપાસ હાથ ધરી છે.

હીટવેવની અસર

# અમદાવાદના મતદાનના દિવસે તમામ મથકો પર મેડિકલ ટીમ તહેનાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાં ૭ મેના રોજ મતદાન થવાનું છે, ચૂંટણીને પગલે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ કરી છે. જિલ્લા વહીવટી તંત્રની સાથે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પણ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જેમાં મતદાનના દિવસે ગરમીને જોતા શહેરના તમામ મતદાન મથકો પર મેડિકલ કિટ સાથે પેરામેડિકલ સ્ટાફને મતદાનના કલાક દરમિયાન હાજર રાખવાનું નક્કી કરાયું છે. જેથી મતદાન વખતે કોઈ ઈમરજન્સી હશે તો મતદારોને કેન્દ્ર ખાતે જ સારવાર મળી રહેશે. લોકસભાની ચૂંટણીમાં તા. ૭મી મેના રોજ મતદાન યોજાનાર છે. રાજ્યમાં જે રીતે ગરમીનો પારો રોજેરોજ વધી રહ્યો છે તેને જોતા ઉમેદવારો અને મતદારો બંને મૂંઝવણમાં મુકાયા છે. ઉનાળા વખતે કાળઝાળ ગરમીમાં મતદાન કરવા આવનારા મતદારોને કેન્દ્રો પર કોઈપણ મેડિકલ ઈમરજન્સી થાય તો તેના માટે મ્યુનિ. કોર્પોરેશનના મેડિકલ સ્ટાફને હાજર રહેશે. તમામ મતદાન મથકો ઉપર એક એક ટીમ મૂકાશે. તમામ અર્બન હેલ્થ સેન્ટરો અને કોમ્યુનિટી હેલ્થ સેન્ટરો ઉપર મતદાનના કલાકો સમય ડોક્ટર હાજર રહેશે. જેથી કોઈ ઇમર્જન્સી સર્વિસ થાય તો તાત્કાલિક સારવાર મળી રહેશે. ■

# વડા પ્રધાન ૧લી મે એ બનાસકાંઠાના ડીસામાં જાહેર સભા સાથે ચૂંટણી પ્રચાર શરૂ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧લી મેને ગુજરાતના સ્થાપના દિનની બપોરે ડીસા ખાતે સભાથી રાજ્યની ૨૫ બેઠકો માટે ઝંઝાવતી પ્રચાર પ્રવાસનો આરંભ કરશે. વડા પ્રધાન મોદી બપોરે ૩.૩૦ વાગે ડીસા એરોડ્રામ ખાતે બનાસકાંઠા અને પાટણ લોકસભા માટે પ્રચારસભાને સંબોધશે. વડા પ્રધાન બે દિવસમાં દક્ષિણ ગુજરાત સિવાયના ચાર ઝોનમાં છ જાહેરસભા સંબોધવાના છે. આ સભાઓ માટે બેથી ચાર લોકસભાના મતવિસ્તારોને આવરી લેવાય એવી રીતે આયોજન કરાયું છે. ભાજપ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ વડા પ્રધાનનો એકપણ મહાનગરમાં રોડ શો યોજાય તેવી શક્યતા નથી.

ભાજપના સૂત્રોના જણાવ્યા અનુસાર ૧લીમેના રોજ વડા પ્રધાન પૂર્વનિર્ધારિત પ્રચાર પ્રવાસથી સીધા બનાસકાંઠાના ડીસા આવી પહોંચશે. અહીં બનાસકાંઠા લોકસભાના ઉમેદવાર રેખાબેન ચૌધરી તથા પાટણ લોકસભાના ઉમેદવાર ભરતસિંહ ડાભીના સમર્થનમાં સભા સંબોધશે. વડા પ્રધાન ડીસાથી સાંજે ૫.૩૦ વાગે હિંમતનગર ખાતે મોદી ગ્રાઉન્ડમાં સાબરકાંઠાના શૌભના બારૈયા ઉપરાંત પાટણની ખેરાલુ વિધાનસભા ઉપરાંત મહેસાણાની વિજાપુર, અમદાવાદ પૂર્વની દહેગામ વિધાનસભાને આવરી લેતી સભા સંબોધશે. આમ, વડાપ્રધાન ૧લી મેના રોજ એક જ દિવસમાં પાંચ લોકસભા મતવિસ્તારોના મતદારોને આવરી લેશે.

બીજા દિવસે એટલે કે તા.૨જી મેના વડા પ્રધાન મોદી સવારે ૧૧ વાગે આણંદ ખાતે ખેડા અને આણંદ લોકસભા મતવિસ્તારોના મતદારોને આવરી લેતી સભાને સંબોધશે. જેમાં આણંદમાં મિતેશ પટેલ અને ખેડામાં દેવુસિંહ ચૌહાણ ઉમેદવારો છે. આણંદથી વડા પ્રધાન સીધા સુરેન્દ્રનગર પહોંચશે અને અહીં સુરેન્દ્રનગરમાં રાજકોટ રોડ ઉપર સભા સંબોધશે. અહીં વડા પ્રધાનની સભામાં રાજકોટના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા, ભાવનગરના નિમુબેન બંભાણીયા ઉપસ્થિત રહેશે. બપોરે ૩.૩૦ વાગે જૂનાગઢમાં અને સાંજે ૫ વાગે જામનગરમાં પ્રચાર સભા સંબોધશે.

# અમદાવાદમાં ૨૦ દિવસમાં ઝાડા ઊલટીના ૧૦૪૫, કમળાના ૧૧૫ અને ટાઈફોઈડના ૨૩૧ કેસ નોંધાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ચાલુ મહિને ૨૦ એપ્રિલ સુધીમાં ઝાડા ઉલ્ટી ૧૦૪૫, કમળો ૧૧૫, ટાઇફોઇડ ૨૩૧ અને કોલેરાના ૧૩ કેસ નોંધાયા છે. તો જાન્યુઆરીથી ૨૦ એપ્રિલ સુધી ઝાડાઉલ્ટી ૨૬૩૩, કમળો ૪૫૯, ટાઇફોઇડ ૯૬૪, અને કોલેરાના ૩૫ કેસ નોંધાયા છે.

અમદાવાદમાં પ્રદૂષિત પાણીની વધતી ફરિયાદોની સાથે પાણીજન્ય રોગના કેસમાં પણ વધારો થઈ રહ્યો છે. ઝાડા ઉલટી, કમળો તથા ટાઈફોઈડની સાથે કોલેરાના પણ એપ્રિલ મહિનામા તેર કેસ નોંધાઈ ગયા છે. શહેરના ૪૮ વોર્ડમાંથી પાણીના પોલ્યુશન અંગેની ૩૩૧૩૯ ફરિયાદ મ્યુનિસિપલ વહીવટી તંત્રને એક વર્ષમાં મળી છે. પાણીમાં પોલ્યુશન આવવા અંગેની સૌથી વધુ ફરિયાદ ખાડીયામાંથી ૨૨૫૫, સરસપુરમાંથી ૨૦૨૭ ઉપરાંત નવાવાડજમાંથી ૧૮૧૦ તથા દાણીલીમડા વોર્ડમાંથી ૧૨૭૭ ફરિયાદ એક વર્ષ દરમિયાન તંત્રને મળી હતી. શહેરીજનોને એક ટાઈમ પીવાનુ શુધ્ધ પાણી પણ વહીવટીતંત્ર કે સત્તાધારી પક્ષ આપી શક્તું નથી. જાન્યુઆરીથી ૨૦ એપ્રિલ સુધી શહેરમાં ૧૪૪૬૧ પાણીના સેમ્પલ લેવાયા, જેમાંથી ૨૮૭ સેમ્પલ અનફિટ આવ્યા છે. લિવેબલ સિટીના દાવા વચ્ચે શહેરમાં પીવાના પાણીના સેંકડો સેમ્પલ અનફીટ આવી રહ્યાં છે. મ્યુનિસિપલ કમિશનરની સતત તાકીદ છતા ઇજનેર-હેલ્થ વિભાગની કામગીરી સામે પ્રશ્નાર્થ ઊભો થઈ રહ્યો છે.

# ધો.૧૦-૧૨ની બોર્ડની પરીક્ષાનું પરિણામ વહેલું જાહેર નહીં થાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાનું પરિણામ હાલમાં તૈયાર કરી દેવામાં આવ્યું છે. બોર્ડ દ્વારા પરીક્ષા સમિતિની બેઠક બોલાવવા માટે ચૂંટણી પંચની મંજૂરી માગવામાં આવી હતી તે આપી દેવામાં આવી છે. આમ છતાં બોર્ડ દ્વારા વહેલું પરિણામ જાહેર કરવામાં આવે તેવી કોઇ શક્યતા નથી. બોર્ડના અધિકારીઓ કહે છે કે, તમામ તૈયારી પૂર્ણ કરી દેવામાં આવી છે મંજૂરી મળે તો પરિણામ જાહેર કરાશે. જોકે, ચૂંટણી પછી પરિણામ જાહેર કરવા અંગે કોઇ સ્પષ્ટતા કરવા તૈયાર નથી. અન્ય રાજ્યોમાં બોર્ડના પરિણામ જાહેર કરી દેવાયા છે ત્યારે હવે ગુજરાતમાં ચૂંટણી પહેલા પરિણામ જાહેર કરાશે કે કેમ તેની આશંકા ઊભી થઇ છે.

શિક્ષણ બોર્ડ દ્વારા લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાઓ ૧૧મી માર્ચથી શરૂ કરીને ૨૨મી માર્ચે પૂરી કરી દેવામાં આવી હતી. ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા પણ ૨૬મી માર્ચના રોજ પૂરી કરી દેવામાં આવી હતી. સામાન્ય રીતે પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરવહી મૂલ્યાંકન સહિતની કામગીરી શરુ કરવામાં આવતી હોય છે. ચૂંટણીને કારણે વહેલું પરિણામ જાહેર કરવું પડે તેવી શક્યતાને પગલે બોર્ડ દ્વારા પરીક્ષા પૂરી થાય તેની સાથે જ ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. ઉત્તરવહી ચકાસણી બાદ માર્કસની ડેટા એન્ટ્રી માટે પણ એકસાથે ૫૦૦ ઓપરેટરને કામગીરી સોંપવામાં આવી હતી. સૂત્રો કહે છે કે, ધો.૧૨ સાયન્સનું પરિણામ સૌથી પહેલા તૈયાર કરી દેવામાં આવ્યું છે. ધો.૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામની કામગીરી પણ આખરી તબક્કામાં છે. એટલે કે, મોટાભાગની કામગીરી પૂરી કરી દેવામાં આવી છે. તાજેતરમાં બોર્ડ દ્વારા પરિણામ જાહેર કરવા માટે ચૂંટણી પંચની મંજૂરી માગવામાં આવી હોવાની વિગતો પણ બહાર આવી હતી. આમ, વહેલું પરિણામ જાહેર કરવાની તમામ કવાયત કર્યા બાદ પણ પરિણામ ગત વર્ષની જેમ જ મેના પહેલા અથવા બીજા સપ્તાહમાં જ જાહેર થાય તેવી શક્યતા છે. સૂત્રો કહે છે કે, લીલીઝંડી મળે તો ગમે ત્યારે ધો.૧૨ સાયન્સનું પરિણામ જાહેર કરી દેવામાં આવે તેવી તૈયારી રાખવામાં આવી છે. ચૂંટણીને કારણે વહેલું પરિણામ જાહેર કરી દેવામાં આવે તો કેટલાક વાલીઓ પ્રવાસે કે ફરવા જતાં રહે તો મતદાનને અસર થાય તેવી આશંકાના પગલે પરિણામ તૈયાર હોવા છતાં જાહેર કરવામાં વિલંબ કરવામાં આવી રહ્યો હોવાની ચર્ચાઓ પણ શરૂ થઇ છે. જોકે, હાલ તો બોર્ડના અધિકારીઓ પરિણામના મુદ્દે મગનું નામ મરી પાડવા તૈયાર નથી. ■

# વડા પ્રધાન નરેન્દ્ર મોદી અંગે વાંધાજનક ટિપ્પણી કરનારની જૂનાગઢથી ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ આપત્તિજનક ટિપ્પણી કરનાર યુવકની જૂનાગઢથી પોલીસે ધરપકડ કરી હતી. જૂનાગઢના હૈદર નામના યુવાન દ્વારા વડા પ્રધાન માટે સોશિયલ મીડિયા પર આપત્તિજનક ટિપ્પણી કરાઈ હતી. પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર જૂનાગઢના યુવકની વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ ટિપ્પણી કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે હૈદર કુરેશી નામના યુવાનની ધરપકડ કરી હતી. હૈદર નામના યુવક દ્વારા વડા પ્રધાન માટે આપત્તિજનક ટિપ્પણી આઈ લવ માય જૂનાગઢ નામના વોટ્સએપ્પ ગ્રુપ પર કરાઈ હતી. એટલુ જ નહિ, તેણે સોશિયલ મીડિયા પર પણ વડા પ્રધાન વિરુદ્ધ ખરાબ શબ્દો વાપર્યા હતા. બાદમાં પોસ્ટ ડિલીટ કરી પુરાવાનો નાશ કર્યો હતો. સમગ્ર મામલો બહાર આવતા જૂનાગઢ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# ગુજરાતમાં સિનિયર સિટિઝન મતદારોનું ઘરેથી મતદાન શરૂ

અમદાવાદ: ગુજરાતમાં લોકશાહીનું પર્વ શરૂ ગયું છે. ગુરુવારથી શતાયું વૃદ્ધો એટલે કે ૧૦૦ વર્ષથી ઉપરના વયોવૃદ્ધ મતદારો માટે પોસ્ટલ બેલેટથી મતદાન શરૂ કરાયું હતું. બારડોલી લોકસભા બેઠક પર વયોવૃદ્ધ મતદારો માટે પોસ્ટલ બેલેટથી મતદાન શરૂ થયું હતું. મહુવાના માંગરોળિયા ગામે ૧૦૨ વર્ષના વૃદ્ધાએ મતદાન કર્યું હતું. ૧૦૨ વર્ષીય વાલીબેન પટેલે પરિવારને સાથે રાખી મતદાન કર્યું હતું. સાથે જ લોકોને અચૂક મતદાન કરવા અપીલ પણ કરી હતી.

લોકશાહીના પર્વ પેટે બારડોલી લોકસભા બેઠક પર વયોવૃદ્ધ માટે ગુરુવારથી પોસ્ટલ મતદાનની શરૂઆત થવા પામી છે. બારડોલી લોકસભા બેઠક વિસ્તારમાં આવતી મહુવા વિધાનસભા મતવિસ્તારમાં આવતું બારડોલી તાલુકાના માંગરોળિયા ગામે ૧૦૨ વર્ષ દાદીએ મતદાન કર્યું હતું. ચૂંટણી અધિકારી દ્વારા ગામમાં જઈ મતકુટિર બનાવી ગ્રુપ્ત મતદાનની ગરિમા પણ જાળવી હતી. મતદાર વાલીબેન કેશવભાઈ પટેલે (ઉ.વ.૧૦૨) પોતાના દીકરા વહુ અને પરિવાર સાથે રાખી મતદાન કર્યું હતું. મતદાર વાલીબેન પટેલે મતદાન કર્યા બાદ લોકોને પણ અપીલ કરી છે કે, બધા જ લોકો મતદાન કરે અને બધા સુખી રહોના આશીર્વાદ પણ વાલીબેન પટેલે આપ્યા હતા. ચૂંટણી અધિકારીઓ દ્વારા મતદાન કરાવી મતદાર વાલીબેનના હસ્તે પોતે કરેલ મતદાનનું બેલેટ પેપર મતપેટીમાં નાખ્યું હતું. સ્થાનિક ગ્રામજનોમાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. અરવલ્લીના માલપુરમાં ૮૫ વર્ષના વૃદ્ધાએ મતદાન કર્યું હતું. ■

# સૌરાષ્ટ્રનું ક્ષત્રિય આંદોલન ઉત્તર ગુજરાતમાં પહોંચ્યું: અંબાજીમાં વિશાળ ધર્મયાત્રા શરૂ

અમદાવાદ: ક્ષત્રિય આંદોલનને ઠારવા માટે ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ હિંમતનગર ખાતે ક્ષત્રિય આગેવાનો સાથે બેઠક કરી હતી, પરંતુ આ બેઠક નિષ્ફળ હોય એવી માહિતી મળી હતી. જો કે ક્ષત્રિય આગેવાનો સાથે બેઠક કરી હતી તેમને કોઈ પણ પ્રકારનું સમાધાન કરવાની ના પાડી દીધી હતી. હિંમતનગર ખાતેની એક ખાનગી હોટલમાં ગૃહ રાજ્યપ્રધાન ક્ષત્રિય આગેવાનો સાથે બેઠક કરી હતી. જેમાં ૫૦ કરતાં વધુ ક્ષત્રિય આગેવાનો હાજર હતા. આ ઉપરાંત ભાજપના ગુજરાત પ્રભારી રત્નાકર પણ બેઠકમાં હાજર રહ્યા હતા. તે બેઠકમાં ક્ષત્રિયોને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો, પરંતુ ક્ષત્રિયો દ્વારા સ્પષ્ટ ના પાડી દેવામાં આવી છે અને રૂપાલાની ટિકિટ રદ ન થતાં હવે ભાજપ વિરુદ્ધ મતદાન કરવાનું આગેવાનો દ્વારા કહેવામાં આવ્યું હતું.ક્ષત્રિયોના આંદોલનનો ઉત્તર ગુજરાતમાં ગુરુવારે ધર્મ રથની શરૂઆત અંબાજીથી કરવામાં આવ્યો હતો. જેમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા અને ગાંધીનગર સહિતના જિલ્લાઓના ક્ષત્રિયો આ ધર્મ રથયાત્રામાં જોડાયા હતા બુધવારે રાજકોટ, દ્વારકા, જામનગર, કચ્છ અને સુરેન્દ્રનગરથી ધર્મ યાત્રાનું પ્રસ્થાન થયું હતું. એમાં મોટી સંખ્યામાં યુવાનો-મહિલાઓ જોડાઈ હતી. ગુરુવારે દાતા અને પાલનપુર યાત્રા દરમિયાન એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું અને પાલનપુર બાદ રથયાત્રા પાટણ જિલ્લામાં પ્રવેશ કર્યો હતો અને જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ■

# સંસ્થા સમાચાર

## મહાતપસ્વી પરમ સૌમ્યાજી મહાસતીજીએ ગ્રહણ કર્યા ૧૦૦૮ આયંબિલના પ્રત્યાખ્યાન



અખંડ ૧૦૦૮ દિવસની આયંબિલ તપની આરાધના કરી મહાતપસ્વી સાધ્વીરત્નાની થાય એટલી અનુમોદના કરી લેવાની પાવન પ્રેરણા પ્રસારિત કરીને રાષ્ટ્રસંત પરમ ગુરુદેવના સાંનિધ્યે મહાતપોત્સવ - દીક્ષા મહોત્સવનો દ્વિતીય દિવસ જન જનને તપ ધર્મ પ્રત્યે વંદિત કરી ગયો હતો. જેમાં તેરાપંથ સંપ્રદાયના પૂજ્ય શ્રી કમલમુનિ મહારાજ સાહેબ આદિ સંતો, ડૉ. પૂજ્ય શ્રી જસુબાઈ મહાસતીજી આદિ, વિરલપ્રજ્ઞા પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજી આદિ ૫૦થી વધુ ઠાણાઓ સાથે દેશ - વિદેશના મળીને લાખો ભાવિકો લાઇવના માધ્યમે અનુમોદના કરવા અહોભાવથી જોડાઈ ગયાં હતાં.

એ સાથે જ, તપના પ્રભાવે અશાતા ખપે, તપના પ્રભાવે વિઘ્નો ખપે એવી પ્રેરણા આપીને પરમ ગુરુદેવે પૂજ્ય મહાતપસ્વીના ૧૦૦૮ આયંબિલ તપની અનુમોદનાએ રાત્રિ ભોજન ત્યાગની પ્રેરણા કરતાં હજારો ભાવિકો પ્રતિજ્ઞાબદ્ધ થયાં હતાં.

આ અવસરે બાળકોની સુંદર નૃત્ય પ્રસ્તુતિ અને દીદીઓ દ્વારા કરવામાં આવેલા મહાતપસ્વી અને દિક્ષાર્થીના વધામણા સાથે કિડઝ સાંજી થઈ હતી.

ભવોભવનું કલ્યાણ કરાવી દેનારા મહાતપોત્સવ અને દીક્ષા મહોત્સવના આવનારા આવતીકાલ ૨૬મી એપ્રિલ ૨૦૨૪ તૃતીય દિવસે 'હે શ્રમણી વંદન તને હજાર' અદ્‌ભુત કાર્યક્રમ સાથે સંવેદના પ્રભુ મિલનની અનોખી ભાવયાત્રા, ઉત્તમભાઈ છેડા દ્વારા પ્રસ્તુતિમાં જોડાવવા દરેક ધર્મપ્રેમી ભાવિકોને પધારીને ધન્ય બનવા શ્રી વિલેપાર્લે સંઘ તરફથી ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેનાની ચૂંટણી પંચને વિનંતી

# 'ભવાની' અને 'હિન્દુ' શબ્દ કાઢવા બાબત ફેરવિચાર કરો

મુંબઈ: ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેના દ્વારા પોતાના ચૂંટણી પ્રચાર માટેના ગીતમાં ભવાની માતા અને હિંદુ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો તેની વિરુદ્ધ ચૂંટણી પંચ દ્વારા વાંધો ઉઠાવી નોટિસ મોકલવામાં આવી હતી, ત્યાર બાદ ઉદ્ધવ ઠાકરે જૂથ આ મામલે કોઇ બાંધછોડ નહીં કરવામાં આવે તેમ કહી પ્રચાર ગીતમાંથી આ શબ્દો હટાવવાનો ઇનકાર કર્યો હતો. જોકે, હવે ઉદ્ધવ ઠાકરે જૂથ દ્વારા ચૂંટણી પંચને પોતે આપેલી નોટિસ બાબતે ફેરવિચારણા કરવા વિનંતી કરવામાં આવી છે.

આ બાબતે મુખ્ય ચૂંટણી અધિકારી એસ.ચોકલિંગમે જણાવ્યું હતું કે ચૂંટણી પંચે જે બાબતે વાંધો ઉઠાવ્યો છે તે નિયમ મુજબ યોગ્ય છે, છતાં અમે ટૂંક સમયમાં ઉદ્ધવ ઠાકરે જૂથ દ્વારા કરવામાં આવેલી અરજી બાબતે નિર્ણય લઇશું. ઉદ્ધવ ઠાકરે જૂથના પ્રચાર ગીત ઉપરાંત અન્ય ૩૯ મામલે પણ ચૂંટણી પંચે વાંધો ઉઠાવીને નોટિસ ફટકારી હોવાની માહિતી વધારાના મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ.કિરણ કુલકર્ણીએ આપી હતી. આદર્શ આચારસંહિતાના નિયમો અનુસાર ચૂંટણી પ્રચાર દરમિયાન ધર્મ કે પછી ઇશ્વરનો ઉલ્લેખ કરવાનું નિયમની વિરુદ્ધ છે. આ નિયમને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચે ઉદ્ધવ જૂથની શિવસેનાના પ્રચાર ગીતમાં ઉપયોગમાં લેવાયેલા ભવાની અને હિંદુ આ બે શબ્દ સામે વાંધો ઉઠાવ્યો હતો. જેના જવાબમાં ઉદ્ધવે સવાલ કર્યો હતો કે ભાજપ ખુલ્લેઆમ રામ ભગવાનના નામે મત માગી રહી છે તો તેમની સામે ચૂંટણી પંચ શા માટે કોઇ વાંધો નથી ઉઠાવતી. જોકે, હવે ઉદ્ધવ જૂથે ચૂંટણી પંચને આ બે શબ્દના ઉપયોગ બાબતે પોતાના નિર્ણય અંગે ફેરવિચારણા કરવાની વિનંતી કરતી અરજી કરી છે, જે અંગે ચૂંટણી પંચ ટૂંક સમયમાં નિર્ણય લેશે.

માલેગાવ બોમ્બબ્લાસ્ટ કેસ

# સુનાવણીમાં સાધ્વી પ્રજ્ઞાસિંહ ઠાકુરને નિયમિત હાજર રહેવાનો આદેશ

મુંબઈ: માલેગાવમાં ૨૦૦૮માં થયેલા બોમ્બ બ્લાસ્ટ કેસની સુનાવણીમાં ભાજપના સાંસદ અને આરોપી સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુરને ફરજિયાત હાજર રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે. વકીલે સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુરની તબિયત ખરાબ હોવાની માહિતી અદાલતે આપી હતી. તેમ જ તેઓ અદાલતની સુનાવણીમાં દરેક પ્રકારે સહકાર આપશે એવું પણ આશ્વાસન આપ્યું હતું.

સાધ્વીએ કોર્ટમાંથી બહાર આવીને કહ્યું હતું કે તે શારીરિક રીતે ખૂબ જ બીમાર છે, ગંભીર સ્વાસ્થ્યથી તે પીડાઈ રહી છે અને તેમને ઊભું પણ નથી રહેવાતું. તેમણે કહ્યું હતું કે મેં મારા મેડિકલ સર્ટિફિકેટ અદાલતમાં જમા કરાવ્યા છે, પણ જ્યાં સુધી મારું શરીર સાથ દેશે ત્યાં સુધી હું લડતી રહીશ અને સુનાવણીમાં હાજર રહીશ. એનઆઇએની મુંબઈમાં આવેલી વિશેષ અદાલતમાં આ કેસની સુનાવણી ચાલી રહી છે. આ પહેલા અદાલતે સાધ્વીની તબિયત ખરાબ હોવાને લીધે તેમને સુનાવણીમાં હાજર રહેવાથી રાહત આપવામાં આવી હતી, પણ તેમને ૨૫ એપ્રિલ પહેલા અદાલતમાં હાજર રહીને સુનાવણીમાં ભાગ લેવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

### બીજા તબક્કાની ચૂંટણી પૂર્વે

# ઉદ્ધવ અને શરદ પવાર જૂથે બહાર પાડ્યો ચૂંટણી ઢંઢેરો

મુંબઈ: લોકસભાની ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન આજે શુક્રવારે યોજાવાનું છે તે પૂર્વ ગુરુવારે ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેના તેમ જ શરદ પવાર જૂથની એનસીપી(રાષ્ટ્રવાદી કૉંગ્રેસ) દ્વારા ચૂંટણી ઢંઢેરો એટલે કે મેનિફેસ્ટો બહાર પાડવામાં આવ્યો હતો.

શરદ પવારની એનસીપી દ્વારા બહાર પાડવામાં આવેલા ચૂંટણી ઢંઢેરામાં જાતિ આધારિત વસતિ ગણતરી, ખેડૂતોના કલ્યાણ માટે અલાયદા કમિશન, મહિલાઓ માટે નોકરીમાં પચાસ ટકા અનામત જેવા મુદ્દાઓ સામેલ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત જમ્મુ અને કાશ્મીરને સંપૂર્ણ દરજ્જો આપવાની વાત પણ શરદ પવારની એનસીપીના ચૂંટણી ઢંઢેરામાં સામેલ કરવામાં આવી હતી. એલપીજી સિલિન્ડરના ભાવ ૫૦૦ રૂપિયા સુધી રાખી જો જરૂર પડે તો સબસિડી આપવાનો મુદ્દો પણ ચૂંટણી ઢંઢેરામાં છે. પેટ્રોલ અને ડિઝલ ઉપર મૂકવામાં આવેલા ટેક્સમાં ફેરફાર અંગે પણ એનસીપીના ચૂંટણી ઢંઢેરામાં જણાવાયું હતું.

## નવમાં પાનાનું ચાલુ

### શૂટરોને

એપ્રિલ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. કસ્ટડી પૂરી થતી હોવાથી ગુરુવારે બન્નેને ફરી કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા. આરોપીના વકીલે કોર્ટમાં દલીલ કરી હતી કે ગુનામાં વપરાયેલી પિસ્તોલ હસ્તગત કરવામાં આવી છે અને બન્ને આરોપી તપાસમાં પોલીસને સહકાર આપી રહ્યા હોવાથી તેમની પોલીસ કસ્ટડીની જરૂર નથી.

જોકે પોલીસે આરોપીઓની કસ્ટડી મેળવવા માટેનાં કેટલાંક સબળ કારણો કોર્ટ સમક્ષ રજૂ કર્યાં હતાં. બન્ને પક્ષની દલીલો સાંભળ્યા પછી એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મૅજિસ્ટ્રેટ એલ. એસ. પધેને ગુપ્તા અને પાલની પોલીસ કસ્ટડી ૨૯ એપ્રિલ સુધી લંબાવી હતી. આ કેસમાં પોલીસે જેલમાં બંધ ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈ અને વિદેશમાં ફરાર થઈ ગયેલા તેના ભાઈ અનમોલ બિશ્નોઈને ફરાર આરોપી દર્શાવ્યા છે.

બિહારના વતની બન્ને આરોપી રાજસ્થાન, પંજાબ, હરિયાણા સહિત અન્ય રાજ્યોમાં રહેતા સાગરીતો સાથે સંપર્કમાં હતા. આમાંથી કોણે બન્ને શૂટરોને આ કામ સોંપ્યું હતું તેની તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ તપાસમાં જણાયું હતું કે બન્ને શૂટરોને પિસ્તોલ સાથે ૪૦ કારતૂસ પૂરી પાડવામાં આવી હતી અને વધુમાં વધુ રાઉન્ડ સલમાનના બાન્દ્રા સ્થિત નિવાસસ્થાન પર ફાયર કરવાની સૂચના આપવામાં આવી હતી. જોકે શૂટરો માત્ર પાંચ રાઉન્ડ ફાયર કરીને ફરાર થઈ ગયા હતા. પોલીસે અત્યાર સુધીમાં ૧૭ કારતૂસ જપ્ત કરી છે. ૨૩ કારતૂસો આરોપીઓએ ક્યાં સંતાડી છે તેની તપાસ પણ પોલીસ કરી રહી છે.

### એન્ટોપ હિલમાં

પચાસેક ફૂટના અંતરે આવેલી ખાલી જગ્યામાં રમવા જતાં હતાં. ત્યાં જૂની ભંગારની અમુક કાર પાર્ક કરવામાં આવી છે. બુધવારની બપોરે પણ બન્ને બાળક એ સ્થળે રમવા ગયાં હતાં.

કહેવાય છે કે બપોરે દોઢેક વાગ્યે વડીલોએ બન્ને બાળકને જોયાં હતાં. જોકે બે વાગ્યાની આસપાસ જમવા માટે માતા બોલાવવા ગઈ ત્યારે બન્ને બાળકની કોઈ ભાળ મળી નહોતી. આસપાસના પરિસરમાં શોધખોળ કરવા છતાં કોઈ માહિતી ન મળતાં આખરે વડીલોએ એન્ટોપ હિલ પોલીસમાં મિસિંગની ફરિયાદ નોંધાવી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે સાંજે ૭.૪૫ વાગ્યે પોલીસને બાળકો ગુમ હોવાની જાણકારી મળી હતી. તાત્કાલિક પોલીસની ટીમ કોલોની નજીક પહોંચી હતી અને બાળકોની શોધ હાથ ધરી હતી. ઘટનાસ્થળ નજીક લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ પણ પોલીસે તપાસ્યાં હતાં.

આખરે ઘટનાસ્થળે પાર્ક કારમાં પોલીસે મોબાઈલની ટૉર્ચની મદદથી તપાસ કરી હતી. રાતે ૧૦ વાગ્યાની આસપાસ એક કારમાંથી બન્ને બાળક બેભાન અવસ્થામાં મળી આવ્યાં હતાં. સાયન હૉસ્પિટલમાં લઈ જવાયેલાં બાળકોને તબીબે મૃત જાહેર કર્યાં હતાં.

વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે પોલીસે ઘટનાસ્થળ પાસેના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ હસ્તગત કર્યાં છે. ફૂટેજમાં કાર નજીક બીજી કોઈ વ્યક્તિ જતી નજરે પડતી નથી એટલે પ્રથમદર્શી આ કેસમાં શંકાસ્પદ જેવું કંઈ જણાતું નથી. કારમાં બન્ને બાળક બેઠા પછી કારનો દરવાજો લૉક થઈ ગયો હશે. દરવાજોનું લૉક ખોલી ન શકતાં ગૂંગળામણથી બાળકોએ જીવ ગુમાવ્યા હોવાની શક્યતા પ્રાથમિક તપાસમાં જણાઈ રહી છે. જોકે પોસ્ટમોર્ટમના અહેવાલ પછી મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાશે.

### ... તો ઘરમાલિકો

હતું. જો ભાડૂઆતોનો પક્ષ નબળો પડશે તો ન કેવળ મુંબઈ પણ રાજ્યમાં અનર્થ થઇ જશે. દરેક જગ્યાએ મકાનમાલિક ભાડૂઆતોને ઘરવિહોણા કરી શકે છે. આની અસર મુંબઈ, થાણે, પાલઘર, વસઈ, પુણે, પેઠ, નાશિક, કોલ્હાપુર, સાંગલી અને સાતારા જેવા શહેરોને થશે. રાજ્ય સરકારે સમયને અનુરૂપ પગલું લેવું પડશે. સુપ્રીમ કોર્ટમાં ભાડૂઆતોના પ્રતિનિધિત્વ માટે ખાસ મંજૂરી મેળવે. સરકારે એ પણ સુનિશ્ચિત કરવું રહ્યું કે ગરીબ અને મધ્યમ વર્ગના ભાડૂઆતોને કોઇ પણ મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

### બદલાપુર-અંબરનાથમાં

માગમાં પણ વધારો થયો છે. તેને કારણે વીજ વિતરણ વ્યવસ્થા પર ભાર આવી રહ્યો છે. વીજ પુરવઠાને અસર થવાને કારણે બદલાપૂર અને અંબરનાથ શહેરમાં પાણીપુરવઠાને પણ મોટો ફટકો પડયો છે. તેમા પાછું ટેક્નિકલ સમસ્યા સર્જાતા બે દિવસ અંબરનાથ અને બદલાપુર આ બંને શહેરમાં નાગરિકોને પાણીની કટોકટીનો સામનો કરવો પડ્યો હતો.

### કોસ્ટલ રોડમાં

વહેલી સવારે ચાર વાગે ગર્ડર પ્રોજેક્ટ સાઈટ પર પહોંચી ગયો હતો. આર્ચને ૨૫,૦૦૦ મેટ્રિક ટનના વિશાળ ફૂટબોલ ગ્રાઉન્ડ સાઈઝના બાર્જમાં લાવવામાં આવી હતી. ગર્ડર લોન્ચિંગના કામમાં ઈન્સ્ટોલેશનનું કામ પાંચથી છ કલાકમાં પૂર્ણ કરવાની પાલિકાની ધારણા છે. ૧૩૬ મીટર સ્ટીલ ગર્ડર ખુલ્લા સમુદ્ર પર ભારતની સૌથી મોટી 'બો સ્ટ્રિંગ' છે.

મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ના અધિકારીના જણાવ્યા મુજબ આગળનું કામ શુક્રવારે મોડી રાતના બે વાગે હાથ ધરીને સવારના ૪.૩૦ વાગ્યા સુધીમાં પૂર્ણ કરવાની ધારણા હતી. આ કોસ્ટલ રોડને બાંદ્રા-વરલી સી લિંક સાથે જોડવાનો પાયો બની રહેશે. અધિકારીએ એમ પણ જણાવ્યું હતું કે વહેલી સવારના કામ હાથ ધરવાનું કારણ એ છે કે જમીન અને દરિયાના પાણીનું તાપમાન વધુ ઓછા પ્રમાણમાં સમાન બની જાય છે, જેના પરિણામે ઓછા પવનો અને દરિયાઈ કામ માટે અનુકુળ પરિસ્થિતિઓ બને છે.

ગર્ડરને બેસાડવાનું કામ અત્યંત પડકારજનક બની રહેવાનું છે, કારણકે વરલી સાઈટના દરિયામાં છીછરા પાણી છે અને દરિયાની સ્થિતી પણ બદલાઈ રહી છે. ઉપરાંત દરિયાની નીચે રહેલા પથ્થર બાર્જને નુકસાન પહોંચાડી શક છે. તેથી કામ કાળજીપૂર્વક કરવાનું લક્ષ્યાંક રહેશે. ઈરેકશનની પ્રક્રિયામાં બે કલાકની જરૂર પડે છે, કારણ કે તેમાં એક બાર્જને ૫૦ મીટર દૂરથી બ્રિજની ગોઠવણીથી થાંભલાઓ વચ્ચેની સ્થિતિમાં ખસેડવાનો સમાવેશ થાય છે. આ સૌથી વધુ સમય માંગી લેતું પગલું છે. અનુકુળ મોજા અને પવનની સ્થિતિ જ્યારે શ્રેષ્ઠ હોય છે ત્યારે માત્ર ૪૦ સેકેન્ડમાં સ્પેન તેના ચોક્કસ સ્થાને નીચે આવશે એવું અધિકારીએ જણાવ્યું હતું. ત્યારબાદ બાકીના કામ જેવા કે રોડ બનાવવો, વોટર પ્રૂફિંગમાં હજી એક મહિનો લાગવાની અપેક્ષા છે. અગાઉની યોજના મઝગાંવ ડોકના ન્હાવા યુનિટમાંથી ૨૧ એપ્રિલે સ્પાન શિફ્ટ કરવાની યોજના હતી. પરંતુ અનુકુળ આબોહવાની પરિસ્થિતિઓને કારણે તેને મુલતવી રાખવી પડી હતી.

મે અંત સુધીમાં બ્રિજના ડાબી બાજુને પણ સાઈટ પર લાવવાની યોજના છે, જે ૧૪૩ મીટર લાંબો હશે અને થોડા વળાંકને કારણે તે ૨,૪૦૦ મેટ્રિક ટન વજનનો હશે.

### ઉદ્ધવ રંગ

જ્યારે કૉંગ્રેસે કરેલા કાર્યોને ટેકરી સમાન ગણાવ્યા હતા.

શિંદેએ કહ્યું હતું કે છેલ્લાં દસ વર્ષમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલા કાર્યો હિમાલયના શિખર જેવા છે જ્યારે કૉંગ્રેસે કરેલા કાર્યો ટેકરી જેવા છે. આ ઉપરાંત ઉદ્ધવ ઠાકરેની ટીકા કરતા શિંદેએ ઉદ્ધવ ઠાકરેની એક ઑડિયો ક્લીપ વગાડી હતી, જેમાં ઉદ્ધવ નરેન્દ્ર મોદીના વખાણ કરી રહ્યા હતા. આ ક્લીપ પૂરી થયા બાદ શિંદેએ જણાવ્યું હતું કે પહેલા તો આ લોકો નરેન્દ્ર મોદીના વખાણ કરતા થાકતા નહોતા. જોકે, કાચિંડો રંગ બદલે છે, પરંતુ મેં કોઇ કાચિંડાને આટલી ઝડપથી રંગ બદલતા ક્યારેય નથી જોયો.

પોતે હેલિકોપ્ટરમાં પ્રવાસ કરતા હોવા બાબતે વિપક્ષ દ્વારા કરવામાં આવતી ટીકાનો જવાબ આપતા તેમણે કહ્યું હતું કે મારે જો મહાબળેશ્વર નજીક મારા ગામમાં જવું હોય તો આઠ કલાક સામાન્ય રીતે લાગે. હું તે આઠ કલાકમાં ૧૦,૦૦૦ ફાઇલ ઉપર હસ્તાક્ષર કરી શકું.

કૉંગ્રેસે બહાર પાડેલા ચૂંટણી ઢંઢેરા(મેનિફેસ્ટો) વિશે શિંદેએ કહ્યું હતું કે કૉંગ્રેસને મેનિફેસ્ટો બહાર પાડવાનો કોઇ હક્ક નથી. મેનિફેસ્ટો બહાર પાડતા પહેલા તેમણે કરેલા કાર્યો બદલ તેમણે માફીનામું બહાર પાડવું જોઇએ.

### શૂટરો સુધી પિસ્તોલ

પનવેલ આવ્યા હતા. લગભગ ત્રણ કલાક સુધી ચાંદેર અને થાપન શૂટરો સાથે રહ્યા હતા અને ચર્ચા કરી હતી. પછી બે પિસ્તોલ અને ૪૦ કારતૂસ શૂટરોને આપી બન્ને ત્યાંથી રવાના થઈ ગયા હતા. કહેવાય છે કે પિસ્તોલ બરાબર ચાલે છે કે નહીં તેની ચકાસણી કરવા બન્ને આરોપીએ બે રાઉન્ડ હવામાં ફાયર સુધ્ધાં કર્યા હતા.

### એકનાથ શિંદેની

છે. કલમ ૩૭૦ અને ૩૫(એ)ને હટાવવામાં આવી ત્યારબાદ કાશ્મીરમાં સત્તાવાર રીતે જમીન ખરીદનારું મહારાષ્ટ્ર પહેલું રાજ્ય બનશે અને મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કરેલી આ પહેલને ઐતિહાસિક માનવામાં આવે છે. આ સાથે જ અનેક વર્ષોથી ભારતથી અલગ પાડી દેવામાં આવેલા કાશ્મીરને ભારતના અન્ય રાજ્યો સાથે જોડવાની અને રાષ્ટ્રના એકીકરણને વધુ મજબૂત કરવાના એકનાથ શિંદેના આ પ્રયત્નને પગલે અન્ય રાજ્યો પણ કાશ્મીરમાં સત્તાવાર હાજરી નોંધાવે તેવી શક્યતા દેખાઇ રહી છે.

### કોઇનામાં દમ નથી કે રોકી શકે: શિંદે

અબ્દુલ્લાના વિરોધ છતાં કાશ્મીરમાં મહારાષ્ટ્ર ભવન બનાવવામાં આવશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા શિંદેએ જણાવ્યું હતું કે આપણી સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ છે તો પછી કાશ્મીરમાં મહારાષ્ટ્ર ભવન બનાવવાનો વિરોધ કરે તેવી તાકાત કોઇનામાં નથી.

## હિન્દુ મરણ

ઉષાકાંત ગણપતરાય અંતાણી (ઉં. વ. ૭૭) તે સ્વ. નયનાના પતિ. દિપાલી સિદ્ધપુર, હર્ષના પિતાશ્રી. સ્વ. રમેશભાઇ તેમ જ સ્વ. અરુભાઇ તેમ જ રસીલાબેનના ભાઇ. મંજુલાબેન અને સ્વ. હેમાબેનના દિયર. સ્વ. પ્રિતેશ, સૌ. હેતલનાં સસરા. ભાનુબેન તેમ જ ચંદ્રકાન્તભાઇ ઢેબરના જમાઇ મોરબી ખાતે તા. ૨૩-૪-૨૪ના અવસાન થયું છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ માંડવી હાલ મુંબઇ સ્વ. શાંતિલાલ ભવાનજી મડિયારના ધર્મપત્ની ગં. સ્વ. પુષ્પાબેન (ઉં. વ. ૬૯) બુધવાર, તા. ૨૪-૪-૨૪ના શ્રી રામશરણ પામેલ છે. તે સ્વ. કાનજી રણછોડદાસ દૈયા કચ્છ ગામ હમલામંજલ હાલ મુંબઇના સુપુત્રી. ભાવેશ, વિશાલ તથા ભાવનાબેન ભાવિક ભરતભાઇ ચોથાણીના માતુશ્રી. સંગીતાબેન બાબુલાલ મડિયાર, સ્વ. પ્રેમજી, ભરત, સ્વ. શંકર, સ્વ. જયોત્સનાબેન પ્રમોદ હિંદુસોતાના બહેન. સ્વ. વેણીલાલ તથા રમણીકલાલના ભાભીશ્રી. પ્રાર્થના રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી મોઢ વણિક**

ખસ નિવાસી હાલ મલાડ સ્વ. સવિતાબેન નંદલાલ શાહના સુપુત્ર ચંદ્રકાન્ત (ઉં. વ. ૭૯) તા. ૨૨-૪-૨૪ના સોમવારે શ્રીજીચરણ પામેલ છે. તે ફાલ્ગુની, તૃપ્તી, દર્શના, પિંકી, નિરવના પિતાશ્રી. ધર્મિષ્ઠા વી. દાણીના ભાઇ. તે રાકેશ, શૈલેષ, મેહુલ, જલ્પાના સસરા. મગનલાલ ઓધવજીના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૬-૪-૨૪ના સાંજે ૫થી ૭. ઠે: ઘનશ્યામદાસ સરાફ માતૃમંદિર હોલ, પોદાર પાર્ક સર્કલ પાસે, મલાડ (ઇસ્ટ).

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

થોરડી નિવાસી સ્વ. મનસુખલાલ કુંવરજી મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. ઇન્દુબેન (ઉં. વ. ૮૬) તા. ૧૮-૪-૨૪ના ગુરુવારે ભાવનગર મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે પુષ્પાબેન બળવંતરાય મહેતાના દેરાણી. સ્વ. સુભાષભાઇ, રાજુભાઇ, સુરંગીબેન, માધવીબેન તથા પન્નાબેનના કાકી. પિયર પક્ષે ભાવનગર નિવાસી સ્વ. બળવંતરાય મણીલાલ મહેતાના દીકરી. રમેશભાઇ, સ્વ. કાંતાબેન, સ્વ. લલીતાબેન, સ્વ. જયાબેન, સ્વ. પુષ્પાબેન તથા પ્રફુલ્લાબેનના બહેન. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**કચ્છી ભાનુશાલી**

ડોણ (તા.માંડવી) લખમીબાઈ અરજણભાઈ કટારીયા (ઉં. વ. ૯૫) મંગળવાર, તા.૨૩-૪-૨૪ના મુલુન્ડ ખાતે ઓધવશરણ પામેલ છે. તે જેઠ. સ્વ. હરજી નાનજી પુત્રો સ્વ. બાબુભાઈ, ચત્રભુજ, વસંત, શરદ, સ્વ. જેઠાલાલ, સ્વ. દયાળજી, ડૉ. લક્ષ્મીદાસ. પુત્રી- જમાઈ કસ્તુરબેન નરેન્દ્ર ગોરી- ભાડાઈ, પ્રીતી હિતેશ જોઈસર શીરવા, શીતલ સંજય ખાનીયા નાંગીયા, અવની ચૈત્યકુમાર, તન્વી રાકેશ ગોરી લઠેડી, માવિત્ર સ્વ. સોનબાઈ હીરજી તેજા મેંગર મોટા રતાડીયા, પૌત્રવધૂ-પૌત્ર શીતલ હિતેશ, માનસી રિકીન, પવનજીત અંકિત, દ્રષ્ટિ મિથિલ. લૌ. વ્ય. બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

રાજુ શાહ (ઉં.વ. ૬૨) તે સ્વ. નારણદાસ લક્ષ્મીદાસ શાહના પુત્ર. તે રીટા રાજેશ ભણશાલી, કીર્તિ પ્રદીપકુમાર વૈદ્ય, ધીરેન નારણદાસ શ્રીમાંકરના ભાઈ. સ્વ. નર્મદાબેન દિલસુખલાલ કાટકોરીયા, સ્વ. રાધાબેન અનુપચંદ પારેખ, સ્વ. સંધ્યાબેન વિનોદચંદ્ર ધ્રુવ, સ્વ. શાંતાબેન ચુનીલાલ વૈદ્ય, સ્વ. હરકીશનદાસ લક્ષ્મીદાસ શાહના ભત્રીજા. સ્વ. ચંદ્રકાંત દેવચંદ અટીલા, સ્વ. મણીલાલ દેવચંદ અટીલા, સ્વ. નયનાબેન ઈન્દુકુમાર શાહના ભાણેજ તા. ૨૪-૪-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. સાદડીની પ્રથા બંધ છે.

## પારસી મરણ

ગુલશન દીનયાર મોરાવાલા તે દીનયાર મીનોચેર મોરાવાલાની ધણિયાની. તે મરહુમો રોશન તથા દારાયસ નોસરવાનજીના દીકરા. તે રોકશારના માતાજી. તે રોહનટન તારાપોરના સાસુજી. તે મેહેર, આરમીન ને દીનાઝના બહેન. તે આવાના મમયજી. (ઉં. વ. ૬૭) રે. ઠે. બી-૨૧, ગોદરેજ બાગ, ઓફ નેપીયન્સી રોડ, નીયર સીમલા હાઉસ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા: તા. ૨૭-૪-૨૪ના રોજ બપોરના ૩.૪૫ કલાકે, જોખી અગિયારી, ગોદરેજ બાગ, મુંબઇ.

પરવીઝ રૂસી ભેસાનીયા તે મરહુમ રૂસીના વિધવા. તે મરહુમો મેહેરાબાઈ ને સોરાબ મિસ્ત્રીના દિકરી. તે દિલબરના માતાજી. તે મરહુમ હિલ્લા હોશંગ દુબાશના બહેન. તે મરઝી ને હઝીરના માસી. તે પરવીન ને માહારૂખના માસીસાસુ. તે મરહુમો મેહેરબઈ તથા હોરમઝજી કાવસજી ભેસાનીયાના વવ. (ઉં.વ. ૮૪). રહેવાનું ઠેકાણું: ૩૪એ, બોઈઝ બંગલો, ગ્રાન્ટ રોડ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા તા. ૨૬-૪-૨૪ના રોજ બપોરે ૩.૪૫ કલાકે મીઠઈવાલા અગિયારી, ગ્રાન્ટ રોડ, મુંબઈ.

ઓસતી નરગીશ બાહાદુર કેરાવાલા તે એરવદ બાહાદુર ફરામરોઝ કેરાવાલા (નવસારી આતશ બહેરામ બોયવાલા)ના વિધવા. તે મરહુમો આલામાય તથા નસરવાનજી કરીના દિકરી. તે ઓસ્તી અરનાઝ, એરવદ રોહીનટન, એરવદ ફરોખ તથા મરહુમ મેડયોમાહ કેરાવાલાના માતાજી. તે એરવદ રોહીન્ટન જે. તુરેલ તથા પર્લ ને પરસીસ કેરાવાલાના સાસુ. તે મરહુમો તેહેમીના, નાજુ, જમશેદ ને હોમીના બહેન. તે એરવદ નોઝર તુરેલના મમયજી. (ઉં.વ. ૯૫). રહેવાનું ઠેકાણું: એ. એસ. મિસ્ત્રી બિલ્ડીંગ, બી-૪, ભોંયતળીયે, ડો. સીરોડકર રોડ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા તા. ૨૬-૪-૨૪ના રોજ બપોરે ૩.૪૫ કલાકે એમ. જે. વાડીયા અગિયારી, લાલબાગ.

**મેઘવાળ**

ગામ કરદેજ (હાલ મુંબઇ) નિવાસી ગં. સ્વ. પ્રેમિલાબેન ગોહિલ મંગળવાર તા. ૧૬-૪-૨૪ના શ્રીરામશરણ પામ્યા છે. તે સ્વ. લક્ષ્મીબેન તથા સ્વ. ખોડિદાસ હમીર ગોહિલના પુત્રવધૂ. સ્વ. શ્યામજીભાઇ ખોડીદાસ ગોહિલના પત્ની. ધીરજભાઇ, ઉષાબેન, જયાબેનના માતા. જયોત્સનાબેન, પ્રેમજીભાઇ લકુમના સાસુ. પ્રાચી, ધર્મીના દાદી. સ્વ. મધુબેન તથા સ્વ. નાનજીભાઇ રામજી બોરીચાના દીકરી. બારમાની વિધિ તા. ૨૭-૪-૨૪ના શનિવારે ૫.૦૦ કલાકે, બીએમસી ચાળ, કે બ્લોક, રૂમ. નં.૨, મેઘનગર, આર્થર રોડ, ચિંચપોકલી.

**કપોળ**

ધોલેરાવાળા, હાલ કાંદિવલી સ્વ. શશીકલા કાંતિલાલ ત્રિભોવનદાસ મહેતાના પુત્ર પ્રફુલ (ઉં. વ. ૬૫) તે તા. ૨૫-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે હીનાબેનના પતિ. તે શિવાનીના પિતા. તે મધુ, હિરેન, હેમંતના ભાઇ. તે જાફરાબાદવાળા સ્વ. જસુમતી ભવાનીદાસ સંઘવીના જમાઇ. તે સ્વ. મનસુખલાલ, સ્વ. શાંતિલાલ, સ્વ. ધીરજલાલના ભત્રીજા. લૌકિક પ્રથા બંધ છે. ઠે. બી-૩૦૩, શ્રી વલ્લભ એપાર્ટમેન્ટ, કમલા વિહાર સ્પોર્ટસ કલબ લેન, કાંદિવલી (પશ્ચિમ).

**નવગામ ભાટિયા**

કાલાવડ નિવાસી હાલ બોરીવલીના વિઠ્ઠલદાસ મોરારજી જાધવજી નેગાંધી (ઉં. વ. ૮૨) તે ૨૪/૪/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. વિરમતીબેનના પતિ. મુકુલ, ધીરેન તથા રક્ષાના પિતા. જયશ્રી, આશા, હિમાંશુકુમાર રણજીતભાઈ આશરના સસરા. સ્વ.બાબુભાઇ, સ્વ. જીવણદાસ, સ્વ. જમનાબેન સંપટ, સ્વ. મણીબેન ઉદેશી, સ્વ. કસ્તુરબેન આશર, સ્વ. જયાબેન વેદ, ગં. સ્વ લીલીબેન વેદ તથા સ્વ. શાનુબેન સંપટના ભાઈ. તે સાસરાપક્ષે કાલાવડવાળા સ્વ. ત્રિભુવનદાસ વિઠ્ઠલદાસ સંપટના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ગામ ભાવનગર, હાલ વિલેપાર્લે નિવાસી ગં.સ્વ હસુબેન મોદી (ઉં. વ. ૯૪) સોમવાર તા. ૨૨.૦૪.૨૦૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ.ઈશ્વરલાલ વૃજલાલ મોદીનાં ધર્મપત્ની. પંકજ, તુષાર, અજય, પરાગનાં માતૃશ્રી. કલ્પના, પ્રફુલ્લા, માલતીનાં સાસુમા, આશિષ, કાનન, નિકીતા, વિરાજ, દેવાંશીનાં દાદીમાં, મહુવા નિવાસી સ્વ.પ્રભુદાસ દુર્લભદાસ સરવૈયા (મહેતા)નાં દીકરી. સ્વ.પદમાબેન બિહારીલાલ, સ્વ.સરલાબેન ગુણવંતરાય, સ્વ.મનહરલાલ પ્રભુદાસનાં બેન. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગઢશીશા હાલે મુલુંડ નિવાસી સ્વ.મણીબેન અને સ્વ. જીવરામ ગોવિંદજી મોટનપૌત્રાના પુત્ર સ્વ.દેવીદાસભાઈના ધર્મપત્ની ગં. સ્વ. જયોત્સનાબેન (ઉં. વ.૭૩) તે સ્વ.પાર્વતીબેન અને સ્વ.લાલજીભાઈ સતજુગાના પુત્રી. શિતલબેન હિતેશભાઈ, ગીતાબેન ચેતનભાઈ, શિલ્પાબેન રાજેશભાઈ, નેહલબેન મનીષભાઈ અને છાયાબેન ભાવેશભાઈ ગટાના માતા. સ્વ.જયાબેન મોતીરામભાઈના દેરાણી. સ્વ.ભાનુમતીબેન મુલરાજભાઈ, સ્વ.વિજયાબેન મહાવીરભાઈ, સ્વ.સાવિત્રીબેન પ્રેમજીભાઈ, ગં.સ્વ.કસ્તુરબેન માધવજીભાઈ, ગં.સ્વ. શારદાબેન લીલાધરભાઈના ભાભી. બુધવાર તા.૨૪-૦૪-૨૦૨૪ના શ્રીરામશરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા.૨૬-૦૪-૨૦૨૪ના ૫:૩૦ થી ૭:૦૦. ઠે. શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, પવાણી હોલ, પહેલે માળે, આર.આર.ટી.રોડ, મુલુન્ડ (વેસ્ટ) લૌકિક વ્યવહાર બંધ છે.

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

મુળ ગામ જામ સલાયા નિવાસી સ્વ. કરશનદાસ જમનાદાસના પુત્ર સ્વ. વામનરાય જોષી (ઉં. વ. ૮૩) તા.૨૩-૦૪-૨૦૨૪ના મંગળવારે શ્રીજીચરણ પામ્યા છે. તે દિપકભાઈ, શ્યામભાઈના પિતા. પ્રાર્થનાસભા તા. ૨૬/૦૪/૨૦૨૪ના શુક્રવારે ૪ થી ૫. ભાટીયા ભગિરથી મંદિર, ૮૮, દાદી શેઠ અગિયારી લેન, અનંતવાડી, કાલબાદેવી રોડ, મરીનલાઈન (પૂ.).

**મચ્છુ કઠીયા સઈ સુથાર**

મૂળ ગામ માળીયા હાટીના હાલ દુબઈ પીતાંબરભાઈ નાગજીભાઈ પરમાર (ઉં. વ. ૯૦) તા. ૨૩-૪-૨૦૨૪ના મંગળવારે લોનાવાલા મધ્યે શ્રીજીચરણ પામ્યા છે. તે વિજયાબેનના પતિ. તે સ્વ. કાનજીભાઈ, સ્વ.પ્રભુદાસભાઈના નાનાભાઈ, પરસોત્તમભાઈ વેલજીભાઈ પરમાર(જૂનાગઢ)ના જમાઈ. તે ભરતભાઈ, ધર્મેન્દ્ર (રાજુ)ભાઈ, પ્રકાશભાઈ, પ્રવિણાબેન જયંતકુમાર લીંબડ, હંસાબેન જયંતકુમાર કાપડિયા, બીનાબેન રશ્મિકાંત કાપડિયા. પ્રિતીબેન ઉમેશકુમારના પિતાશ્રી. તે જીગ્નાબેન, રેશ્માબેન, અને જયોતિબેનના સસરાજી. પ્રાર્થનાસભા તા. ૨૬-૪-૨૦૨૪ના શુક્રવારે ૪.૦૦ થી ૬.૦૦. સ્થળ- સોની વાડી, શિમ્પોલી ક્રોસ લેન, એસ.વી.રોડ, બોરીવલી-વેસ્ટ.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડાના મોંઘીબેન કાનજી વેલજી મામણીયાના જમાઈ ગામ : કુરાલ (મિરારોડ) નિવાસી કલ્પેશભાઈ શીવાભાઇ પટેલ (ઉં. વ. ૬૬) તા. ૨૩/૪/૨૪ના અવસાન પામ્યા છે. શીવાભાઈ પુરુષોત્તમભાઈ પટેલના પુત્ર. કલ્પનાબેનના પતિ. તેજસ, હાર્દિક, પ્રશાંતના પિતા. સ્વ. મનુભાઈ, સ્વ. જયંતિભાઈ, સ્વ. વિનુભાઈ, દિનેશભાઈના ભાઈ. પ્રા. શ્રી વર્ધમાન સ્થાનક ઉપાશ્રય,એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી (વેસ્ટ). ટા. ૪ થી ૫.૩૦.

મોટી ખાખરના શાંતીલાલ ગાંગજી વોરા (ઉં. વ. ૭૬) તા. ૨૪-૪ના અવસાન પામેલ છે. સાકરબેન ગાંગજીના પુત્ર. નિર્મળાના પતિ. રાખી, ધવલ, શ્વેતાના પિતા. દમયંતી, કાંતા, રેખા, સં. પક્ષે આ. ગુણચંદ્ર સાગરજી મ.સા.ના ભાઇ. જેતીબેન શામજીના જમાઇ. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. શાંતીલાલ વોરા, પુજાનગર બીલ્ડીંગ નં. ૧, રૂમ નં. ૨૦૮, કેબીન ક્રોસ રોડ, ભાયંદર (ઇસ્ટ).

સણોસરાના અ.સૌ. પુષ્પા જયંતીલાલ હેમરાજ નાગડા (ઉં. વ. ૭૧) તા. ૨૪-૪ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન હેમરાજ ખીંયશીના પુત્રવધૂ. જયંતીલાલના ધર્મપત્ની. મુકેશ, ચેતનાના માતુશ્રી. ગઢશીશાના લીલબાઇ રતનશી ખીમજી દેઢીયાના સુપુત્રી. લખમશી, વિશનજી વીરજી, દેવપુર વેલબાઇ મેઘજી, ખેતબાઇ શામજી, તેજબાઇ પ્રેમજી, કમળા વિશનજી, ભારતી અનીલ, ગઢશીશા ગુણવંતી વલ્લભજી, દમયંતી મુલચંદ, પ.પૂ. સાધ્વીશ્રી કૈવલ્યગુણાશ્રીજીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હેમરાજ નાગડા, ૬ દેવ આશીષ, હીમાલય સોસાયટી, મિલિન્દનગર, ઘાટકોપર (વે.).

પત્રી હાલે ગુંદાલાના રાહુલ જયંતિલાલ સાવલા (ઉં. વ. ૪૧) તા. ૨૨-૪-૨૪ના ગુંદાલા મધ્યે અવસાન પામેલ છે. ઝવેરબેન ધનજી સાવલાના પૌત્ર. વિમળાબેન જયંતિલાલના પુત્ર. રોનકના ભાઈ. વડાલાના પાનબાઈ પદમશી નરશી ગાલાના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિ. જયંતિલાલ સાવલા. દેઢિયા ફરીયો, ગુંદાલા, કચ્છ-૩૭૦૪૧૦.

બિદડા (વેલાણી ફરીયો)ના અરવિંદ ભાણજી છેડા (ઉં. વ. ૭૨) તા. ૨૨-૪-૨૪ના અવસાન પામેલ છે. લધીબાઈ ભાણજીના પુત્ર. જયશ્રીના પતિ. પૂર્વેશ, જીગર, હર્ષલના પિતા. ગિરીશ, નિતીન, મધુ, ભારતી, હીના, કલ્પનાના ભાઈ. પ્રા.શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લઘુ નીસર હોલ, દાદર (વે). ટા.૪ થી ૫.૩૦.

કુંદરોડીના હીરબાઇ હંસરાજ મામણીયા (ઉં. વ. ૯૦) તા. ૨૪-૪-૨૪ના અવસાન પામ્યા છે. દેવકાબાઇ જેઠુ જાદવના પુત્રવધૂ. સ્વ. હંસરાજના પત્ની. પ્રેમીલા, ભાવના, કિરણ, સ્વ. જયેશ, કેતનના માતા. રતાડીયા (ગ.) દેવઇ મા લાલજી રાયમલના પુત્રી. હીરજી, ખીમજી, મમીબાઇના બેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સં.સં. કરસન લઘુ નિસર હોલ, દાદર (વે.) ટાઇમ ૨ થી ૩.૩૦.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ધારી નિવાસી હાલ બોરીવલી સ્વ. ચંપાબેન મોહનલાલ વેલજીભાઈ ઠોસાણીના પુત્ર સ્વ. ગુણવંતરાયના ધર્મપત્ની સરોજબેન (ઉં.વ. ૮૩) તા. ૨૧-૪-૨૪, રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે શૈલેષભાઈના માતુશ્રી. કેતકીબેનના સાસુ. યશ, પાર્થના દાદી. જુનાગઢ નિવાસી શેઠ સૌવચંદ સૌભાગ્યચંદના દીકરી. પ્રાર્થનાસભા તા. ૨૮-૪-૨૪, રવિવારના ૩.૩૦ થી ૫.૩૦ સ્થાનકવાસી જૈન ઉપાશ્રય - ડાયમંડ ટોકીઝ સામે, એલ. ટી. રોડ, બોરીવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ઘુઘરાળા (ખાંભા) નિવાસી હાલ ઘાટકોપર સ્વ. વિનોદરાય જેચંદભાઈ બદાણીના ધર્મપત્ની ગં. સ્વ. ભાનુબેન (ભારતીબેન) (ઉં.વ. ૮૬) બુધવાર, તા. ૨૪-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે મનિષ, મયુર, મીના રાજેશભાઈ મહેતા, જુલીના માતુશ્રી. બેલા, સોનલના સાસુ. હસમુખભાઈ, નિતીનભાઈ, હરેશભાઈના ભાભી. સ્વ. તનસુખલાલ પ્રાણલાલ ખંઢેરિયાના પુત્રી. સ્વ. દિપકભાઈ, સ્વ. ઉષાબેન, સ્વ. હંસાબેન, નલિનીબેન, ગં. સ્વ. ભાવનાબેનના બેન. બંને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૭-૪-૨૪ના ૧૦ થી ૧૨ લાયન્સ કમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર પૂર્વ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા જૈન**


લીંબડી નિવાસી હાલ કાંદિવલી પ્રમોદરાય ભૂરાલાલ શાહ (ઉં. વ. ૮૭) તે ઇલાબેનના પતિ. બિંદેશ-બીજલ, અમિત-બીના તથા ધીરેન-બિરવાના પિતા. સ્વ.અનસૂયાબેન રમણલાલ, સ્વ.અમૃતલાલ, સ્વ.રસિકભાઈ, સુરેશભાઈ, ભુપેન્દ્રભાઈ, હર્ષા -હર્ષદકુમારના ભાઈ. સાસરાપક્ષે સ્વ. અચરજલાલ ઉજમશીભાઈ શાહના જમાઈ. ચારુબેન, કિરણબેન, જગદિશભાઈ, મીનાબેનના બનેવી. ૨૩/૪/૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ જૈન**

પાટણ નિવાસી ઝવેરીનો વાડો, સ્વ.અરવિંદભાઈ પોપટલાલ શાહના ધર્મપત્ની પુષ્પાબેન શાહ (ઉં. વ. ૮૪) તે ૨૩/૪/૨૪ના સ્વર્ગવાસ પામેલ છે. પનાલાલ મફતલાલ શાહના પુત્રી. સાગર, નીતા સુનિલભાઈ શાહ, સ્વાતિ હેમંતભાઈ મહેતા, તૃપ્તિ અમીષભાઇ મહેતાના માતુશ્રી. તેજલના સાસુ. પ્રાચી પાર્થ શાહ, હિરલના દાદી, દિશાંત, નિશી, આકાશ, સોનમ, મનનના નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મેટિની



ગયા વર્ષે 'એનિમલ'ને મળેલી ગજબનાક સફળતા પછી એક્ટર પૌરાણિક કથા, લવ સ્ટોરી તેમજ એક્શન ફિલ્મમાં કામ કરવાના અખતરાઓ કરી અભિનયમાં પ્રયોગ કરવા ઉત્સુક છે

# રણબીરના રસાયણ

## ધર્મ, પ્રેમ ને હિંસા

કવર સ્ટોરી

હેમા શાસ્ત્રી

એક સમય હતો જ્યારે ધૂંઆધાર સફળ ફિલ્મ પછી એક્ટરોની ડિમાન્ડ વધી જતી અને ધડાધડ ફિલ્મો સાઈન કરવામાં આવતી. 'મેરે પાસ માં હૈ' ડાયલોગ પડદા પર બોલી શશી કપૂર 'મેરે પાસ સૌ ફિલ્મેં હૈ' એવું વટથી કહેતા હતા. વીસમી સદીના છેલ્લા ત્રણ દાયકાના સફળ એક્ટરોના લિસ્ટમાં સાઈન કર્યા પછી 'શેલ્વ્ડ ફિલ્મ્સ' - પડતી મુકવામાં આવેલી ફિલ્મોની સંખ્યા ખાસ્સી જોવા મળતી. આ એવી ફિલ્મો હતી જે સાઈનિંગ એમાઉન્ટ સાથે સાઈન તો કરવામાં આવતી, પણ કોઈ કારણસર શરૂ જ ન થતી અથવા થોડી બન્યા પછી પડતી મૂકવામાં આવતી. 'એક ફિલ્મ પૂરી કર્યા પછી બીજી ફિલ્મ કરીશ' એવો અખતરો કર્યો. એના આ પ્રયાસને પગલે ફિલ્મની પસંદગીમાં એક્ટરોમાં સાવચેતી, સાવધાની જોવા મળ્યા. હવે અનેક ઓફર આવતી હોવા છતાં કલાકારો બે - ત્રણથી વધુ ફિલ્મ એક સાથે સાઈન નથી કરતા. એટલું જ નહીં, ફિલ્મ એવી પસંદ કરે છે જેમાં એક જ પ્રકારના પાત્ર ન હોય. ટૂંકમાં ઈમેજમાં કેદ થવામાં આજનો એક્ટર નથી માનતો અને જોખમ ઉઠાવી, અખતરાઓ કરી અભિનયમાં પ્રયોગ કરવા ઉત્સુક છે. સંજય લીલા ભણસાલીની 'સાંવરિયા' (૨૦૦૭)થી અભિનયમાં એક્કો સાબિત થયેલો રણબીર કપૂર આ અખતરા પેઢીનો સભ્ય છે. લવ સ્ટોરી ફિલ્મોમાં ઓળખ બનાવ્યા પછી રિશી કપૂર - નીતુ સિંહના પુત્રએ ગયા વર્ષની 'એનિમલ' ફિલ્મથી દિશા બદલી હોવાનો સંકેત આપી દીધો છે.'સંજુ' અને 'શમશેરા'માં રણબીરે વેગળી વાટ પકડવાની કોશિશ કરી, પણ 'સંજુ'ની ટીકા થઈ જ્યારે 'શમશેરા' પીટાઈ ગઈ. ગયા વર્ષે શ્રદ્ધા કપૂર સાથે 'તૂ જૂઠી મૈં મક્કાર' કર્યા પછી ટિપિકલ રોમેન્ટિક ફિલ્મોને રામ રામ કરી દેવાનો નિર્ણય રણબીરે લીધો અને 'એનિમલ' આવી. વિવેચકોએ વખોડી કાઢેલી આ ફિલ્મને દર્શકોએ એટલું વહાલ કર્યું કે એની સિક્વલ હજી લખાણના તબક્કે છે ત્યાં એના વિશે કુતૂહલ ઊભું કરી દેવામાં આવ્યું છે. આ વર્ષે રણબીરની ડાયરીમાં નીતીશ તિવારીની 'રામાયણ', સંજય લીલા ભણસાલીની યુદ્ધની પાર્શ્વભૂમિ પર આકાર લેતી લવ સ્ટોરી (રાજ કપૂરની 'સંગમ'નો આધુનિક અવતાર એવી વાત વહેતી થઈ છે) જેનું 'લવ એન્ડ વોર' ટાઇટલ નક્કી થયું છે, ત્યારબાદ સંદીપ વાંગાની 'એનિમલ પાર્ક' અને 'બ્રહ્માસ્ત્ર' સિરીઝની બીજી ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર ૨' એટલા નામ છે. આમાંથી શૂટિંગ તો માત્ર 'રામાયણ'નું શરૂ થઈ ગયું છે. 'રામાયણ' માટે રણબીરના સંસ્કૃત પ્રચુર હિન્દી ભાષા શીખવાના સમાચાર અને તીરંદાજી શીખવાના ફોટોગ્રાફ્સ વાયરલ થઈ ઉત્સુકતા વધારી રહ્યા છે. ભણસાલીની ફિલ્મનું શૂટિંગ નવેમ્બરમાં શરૂ થશે જ્યારે 'એનિમલ પાર્ક' તો હજી કાગળ પર આકાર લઈ રહી છે અને 'બ્રહ્માસ્ત્ર ૨' ક્યારે શરૂ થશે એ તો બ્રહ્મા જાણે. ટૂંકમાં રણબીર પાસે 'ધર્મ, પ્રેમ અને હિંસા'નું રસાયણ છે. આ સિવાય રણબીરની એક અત્યંત રસપ્રદ ફિલ્મ છે જેની પ્રથમ ઘોષણા તો ૨૦૧૨માં કરવામાં આવી હતી, પણ એ અટવાઈ ગઈ હતી. 'બરફી'ની સફળતા પછી અનુરાગ બાસુએ મહાન ગાયક - અભિનેતા કિશોર કુમારની બાયોપિક બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. એ માટે 'બરફી'ના હીરો રણબીર કપૂર સાથે વાત પણ થઈ હતી. જોકે, કોપીરાઇટનું કારણ આગળ ધરી કિશોર કુમારના પરિવારે વાંધો ઉઠાવતા ફિલ્મને ગ્રહણ લાગી ગયું હતું. છેલ્લા અહેવાલ અનુસાર બાયોપિક બનાવવા આડેની કાનૂની ગૂંચ ઉકેલાઈ ગઈ છે અને ગાયકના પરિવાર તરફથી લીલી ઝંડી મળી જતા અનુરાગ બાસુ - રણબીર કપૂર ફિલ્મ ક્યારે શરૂ કરવી એની ચર્ચા કરી રહ્યા છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કલાકારની રણબીરની આ બીજી બાયોપિક હશે. કિશોર કુમારના ફિલ્મી જીવનના ૧૯ - ૫૮ વર્ષ સુધીના સમયને આવરી લેવાનો હોવાથી રણબીર માટે આ રોલ એક મોટો પડકાર હશે.

આ બધી ઓફરો વચ્ચે એક ઓફર એવી આવી છે કે જે કાગળ પર તો ભવ્ય જ લાગે, અનેક કલાકાર એ કરવા ઉત્સુક સુધ્ધાં હોય છે. વાત છે હોલિવૂડની. જોકે, રણબીર હોલિવૂડની ફિલ્મ કરવા જરા પણ ઉત્સુક નથી. આ ઓફર વિશે પૂછવામાં આવતા રણબીરે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે હમણાં હોલિવૂડની ફિલ્મોમાં કામ કરવાની મારી કોઈ ઈચ્છા નથી. કારણ એટલું જ કે હાલ હું અહીં (હિન્દી ફિલ્મોમાં) મારું નામ અને સ્થાન બનાવવાની કોશિશમાં છું. મારે ભારતીય સિનેમાના વિકાસમાં યોગદાન આપવું છે. મારું દૃઢપણે માનવું છે કે જો વિશ્વભરમાં ખ્યાતિ મેળવવી હોય તો એ આપણી સંસ્કૃતિ અને આપણાં પાત્રોથી મેળવવી જોઈએ. આજની તારીખમાં જે પ્રકારની ભારતીય ફિલ્મો બની રહી છે એનાથી હું બહુ ખુશ છું. આપણી ફિલ્મો વિદેશમાં ડંકા વગાડે એમાં મને વધુ રસ છે. હોલિવૂડની ફિલ્મ નકારવાનું આ પ્રમુખ કારણ છે એ ખરું, પણ અભિનેતાએ નનૈયો ભણ્યો એનું બીજું પણ એ કારણ છે. રણબીરને જે હોલિવૂડની ફિલ્મ ઓફર થઈ હતી એ રીમેક છે અને રીમેકમાં કામ કરવા સામે રણબીરનો વિરોધ છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જૂજ એક્ટરો છે જેમણે હજી સુધી રિમેકને હાથ નથી અડાડ્યો. એક છે રણબીર કપૂર અને બીજો છે વિકી કૌશલ. ફિલ્મ જ નહીં ગીતના રીમેક પણ રણબીરને પસંદ નથી. હા, તે 'બચના અય હસીનો'ના નવા અવતારમાં નજરે પડ્યો હતો, પણ ત્યારે એ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નવોસવો હતો એટલે ચૂં કે ચા કર્યા વિના એ તેણે સ્વીકારી લીધું હતું. અલબત્ત રિમેક માટે 'નહીં કભી નહીં' એવું તેનું વલણ નથી. મૂળ ફિલ્મ કરતાં એની રજૂઆત અલગ હોવી જોઈએ અને પ્રેક્ષકને રિમેક બહેતર બની છે એવી લાગણી થવી જોઈએ એવું રણબીર કપૂરનું માનવું છે. આ સંદર્ભમાં એક્ટરે 'અમર અકબર એન્થની'ની રિમેક બનાવવાની કોઈ હિંમત કરે તો એમાં એન્થનીનો રોલ કરવાનો ઈરાદો પણ તેણે વ્યક્ત કર્યોછે. ■

ડ્રેસ-સર્કલ

નિધિ શુકલ

# સિકવલ ત્રીજાને દે તાલી?!

**કેટલીક ફિલ્મની સિકવલ સફળ થતાં એના ત્રીજા પાર્ટની અત્યારે તડામાર તૈયારી ચલી રહી છે. એ પણ સફળ થશે તો હિન્દી ફિલ્મજગતમાં હેટટ્રિકનો એક નવો ઈતિહાસ લખાશે.**

વર્ષ ૨૦૨૨૨-૨૩ના અપવાદ પહેલાં હિન્દી ફિલ્મો,જે રીતે બોકસ ઑફિસ પર ફસડાઈ રહી હતી એ જોઈને ભલભલા નિર્માતા-નેર્દેશકો -અદાકારો આઘાતના કોમામાં એવા સરકી ગયા હતા કે એ મૂર્છામાંથી બહાર આવવાની આશા જ છોડી દીધી હતી. ત્યારે જેમ લક્ષ્મણજીને ભાનમાં લાવે એવો જડીબુટ્ટીનો પર્વત હનુમાનજી ઊંચકી લાવ્યા હતા તેમ અનાયાસ સિકવલ નામની ઔષધિ આપણા ફિલ્મવાળાઓને મળી આવી , જે એમના માટે ખરા અર્થમાં સંજીવની પૂરવાર થઈ. પરિણામે ફિલ્મજગત લાંબી મૂર્છામાંથી બહાર આવી શક્યું. છે.

કોઈ ફિલ્મ દર્શકોને ગમે ને ટિકિટબારી પણ એ ઠીક ઠીક ટંકશાળ પાડે એટલે એની સફળતાથી પ્રેરાઇને એની સિકવલ ( કે પાર્ટ- ટુ) બને. ૨૦૨૨-૨૩ દરમિયાન આવી 'ગદર-ટુ'- 'ઑએમજી-ટુ' - 'દ્રશ્યમ-ટુ' - ભૂલ ભૂલૈયા-ટુ' અને ડ્રીમ ગર્લ-ટુ' ની અણધારી સફળતા જોઈને બોલિવૂડવાળાને હવે સિકવલના નામે સફળતાની જાણે છૂપી મેજિક ફોર્મ્યુલા હાથ લાગી ગઈ છે. મૂળ ફિલ્મની સફળતા પછી એની સિકવલ ને એ પણ જો ક્લિક થઈ તો સિકવલ - ટુ અને થ્રીના રવાડે ચડી ગયા છે.

આ અને આગામી વર્ષ દરમિયાન આવી સિકવલ -ટુ અને થ્રીની લાંબી કતાર અત્યારે લાગી ગઈ છે.

કેટલાક ઉદાહરણ જોઈએ તો મારફાડ અને કાર-ઉછાળ ફેમ નિર્માતા- દિગ્દર્શક રોહિત શેટ્ટીની 'સિંઘમ અગેઈન' અર્થાત 'સિંઘમ - થ્રી' આગામી ૧૫ ઑગસ્ટના આવી રહી છે.

એ જ રીત શાહરુખની 'જવાન - ટુ' ની સાથે 'પઠાણ -ટુ'ની પણ તૈયારી ચાલી રહી છે. થોડાં વર્ષ પહેલાં રાજકુમાર રાવ અને શ્રદ્ધા કપૂરની હોરર-કોમેડી 'સ્ત્રી' એ દર્શકોને જલસો કરાવી દીધો હતો .હવે એની પણ સિકવલ 'સ્ત્રી-ટુ ' બની રહી છે એ જ અદાકારો સાથે..

જો કે, આ બધી સિકવલ -ટુ પર ફિલ્મ વિવેચકો અને દર્શકોની નજર તો છે તેમ છતાં ૨૦૨૪ નું વર્ષ 'સિકવલ -થ્રી' માટે વધુ મહત્વનું પુરવાર થવાનું છે, કારણ કે આ ફિલ્મો સાથે બોલુવૂડના ટોપ મોસ્ટ સ્ટાર્સ- સૌથી સફળ દિગ્દર્શકો ને તગડા નિર્નાતાઓ સંકળાયેલા છે, જેમકે.

★ **વેલકમ -૩ :**

અર્થાત 'વેલકમ ટુ જંગલ' ના નામે આવનારી આ ફિલ્મ પણ એના નિર્માતા-દિગ્દર્શક અને મૂળ તથા નવા કલાકારો વિશે જાતભાતના સમાચાર આવી રહ્યા છે ફિલ્મજગતના જાણકારો અનુસાર આ ફિલ્મમાં બડી તગડી કાસ્ટ જોવા મળશે, જેમકે અક્ષયકુમાર- રવીના ટંડન- દિશા પટની- સંજય દત્ત- પરેશ રાવલ- સુનીલ શેટ્ટી - લારા દત્ત-અરશદ વારસી અને આ જ ફિલ્મના શૂટિંગ દરઅમિયાન જેને હાર્ટ એટેક આવી ગયો હતો એ શ્રેયસ તલપડે પણ આમાં છે.

★ **હેરાફેરી -૩:**




આમાં એના મૂળ કલાકારો અક્ષયકુમાર-સુનીલ શેટ્ટી અને પરેશ રાવલ જોવાં મળશે કે નહીં ત્યાંથી લઈને કાર્તિક આર્યન આ ફિલ્મમાં મુખ્ય અદાકાર તરીકે ચમકશે ત્યાં સુધીની બહુ ચર્ચા ચાલી અને આજે હજુ પણ ફાઈનલ કાસ્ટ માટે જૂદા જૂદા સમાચાર આવી રહ્યા છે.

★ **ભૂલ ભૂલૈયા-૩ :**




અક્ષયકુમાર સાથેની પહેલી 'ભૂલ ભૂલૈયા'ની ઠીક ઠીક સફળતા મળી હતી,પંણ એની સિકવલ 'ભૂલ ભૂલૈયા-ટુ ' માં કાર્તિક આર્યન અને કિયારા અડવાણીની જોડીએ એવી જબરી જમાવટ કરેલી કે ફિલ્મ ધારી નહોતી એવી સફળ નીવડી.

જો કે, આ 'ભૂલ ભૂલૈયા-૩' માં કાર્તિકની સાથે કિયારાની જગ્યાએ તૃપ્તિ ડિમરી ('એનિમલ ' ફેમ ) છે. સાથે વિદ્યા બાલમ અને માધુરી દીક્ષિત પણ આમાં ખાસ ભૂમિકામાં દેખાશે. આ સિકવલ- ૩નું સુકાન સંભાળ્યું છે કુશળ દિગ્દર્શક અનિસ બાઝમીએ એટલે આ ફિલ્મની આતુરતાથી રાહ જોવાઈ રહી છે

આ ઉપરાંત , બીજી અનેક ફિલ્મોની સિકવલની પણ રાહ જોવાઈ રહી છે. એમાં

રૂપિયા ૯૧૫ કરોડના જબરદસ્ત ટર્નઓવર સાથે તહેલકો મચાવી દેનારી રણબીર કપૂરની ફિલ્મ 'એનિમલ' નો ભાગ -૨, 'એનિમલ પાર્ક' ના નામે આવી રહ્યો છે.

એ જ રીતે , હ્રિતિક રોશનની 'ક્રિશ-ફોર' તથા 'વોર-ટુ' પણ છે. રણવીર સિંહની 'ડોન-૩' -અજય દેવગણની 'દશ્યમ-૩' પણ સિકવલ્ની કતારમાં છે

આ બધા વચ્ચે, ' ફોર્સ-૩'ની સાથે 'આશિકી-૩' અને 'ફૂકરે -૩' પણ ફ્લોર પર છે


બીજા શબ્દોમાં કહીએ તો આ ૨૦૨૪નું વર્ષ બોલિવૂડની અનેક ફિલ્મો માટે હેટટ્રિક ચર સાબિત થઈ શકે તેમ છે.આમ થશે તો નિર્માતા- સ્ટાર્સ- નિર્દશકો એકમેકને દે તાલી 'કહેતાં જરૂર કરશે ચિયર્સ ' .! ■



# સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

# પરિસ્થિતિ જ્યારે સારી ન હોય ત્યારે મજબૂત થવાય મજબૂર નહિ....



રવિવારે હાઉસ ફુલ' નું બોર્ડ જોઈ પેંડા ખાધા. હવે હાઉસ ફૂલ' નાં બોર્ડનો જાણે નશો ચડતો હતો. લગાતાર હાઉસ ફૂલ' નાં બોર્ડ ઝુલતા હતા. હા, ક્યારેક આગલા દિવસે તો ક્યારેક વહેલી સવારે, પણ હાઉસ ફૂલ થઇ જ જતું. આ રફતાર આમ જ ચાલતી રહે તો મજો' પડી જાય એવું નાટક સાથે સંકળાયેલા દરેકને હોય એ સહજ હતું. થિયેટર મેળવવા મારે જે પહેલા ઝઝૂમવું પડતું હતું એ કામ હવે ભટ્ટ સાહેબ એક ફોન ઉપર પતાવી દેતા હતા. આ જુના જોગીના બોલનું પણ વજન એટલું પડતું કે સારા થિયેટરની સાંજો મળ્યાં કરતી.

કિશોર દવે પણ હવે વધુ દલીલો નહોતા કરતાં પણ એવું માન પણ નહોતા આપતા.આમ પણ મારે રોટલાથી કામ હતું ટપટપથી નહિ. હું હસતું મોઢું રાખી એમની સાથે સંબંધ સાચવી રાખવા પ્રયત્ન કરતો. જેની ગાંઠ પ્રયત્નપૂર્વક ખુલી શકતી હોય તેના પર ઉતાવળે ક્યારેય કાતર ન ચલાવવી, પછી એ દોરો હોય કે સંબંધ, આ વાત મેં મારા મનમાં કોતરી રાખી હતી.

થિયેટર મેળવતા એક રવિવાર એવો પણ આવ્યો, જ્યારે ભટ્ટ સાહેબને પણ થિયેટર મળવાના વાંધા પડી ગયા. ભટ્ટ સાહેબે કહ્યું કે 'બિરલા માતુશ્રી સભાગાર'મા શો કરીએ. મેં કહ્યું, એ તો બહુ મોટું થિયેટર છે તો હાઉસ ફૂલની હારમાળામા બ્રેક લાગી જશે તો?' ભટ્ટ સાહેબ હસ્યા. મને કહે,' કોઈ અમરપટો લખાવીને નથી આવ્યું, હાઉસ ફૂલ નું બોર્ડ પણ નહિ. સરસ અને સફળ રીતે ચાલતા આ નાટકમાં ગેપ' પડે એના કરતાં થોડું રિસ્ક' લેવું જ જોઈએ. જે રીતે નાટક ચાલે છે એ જોતા નુકશાની તો નહિ જ થાય'. મેં કહ્યું,' એક તો હોલનું ભાડું પણ વધુ છે, બીજું પાર્કિંગની વ્યવસ્થા નથી એટલે લોકો આવતા પણ ખચકાય છે.'

ભટ્ટ સાહેબ બોલ્યા,' જેને આવવું છે એ ગમે ત્યાંથી આવવાના. આવા વિચારો કરી ઘરે થોડું બેસી રહેવાય! આ સફળતા લોકોને નાટક પસંદ પડ્યું એની છે, મારી કે તારી નહિ. આટલી જ મહેનત તે છાનું છમકલું' મા પણ કરેલી જ ને?'. મેં કહ્યું, બરાબર છે. આ વખતે નસીબનું પાંદડું જરા ફર્યું બીજું શું?. મને ટપારતા ભટ્ટ સાહેબ બોલ્યા,' જો બેટા, કડવી હકીકત છે કે સફળતાને માણસ પોતાની હોશિયારી ગણે છે અને નિષ્ફળતાને નસીબ. આપણે નસીબને કોસવાનું કે નથી આપણી હોશિયારીનું ગુમાન રાખવાનું. સમય, સમયનું કામ કરે છે. માન હંમેશા સમયનું હોય છે પણ વ્યક્તિ એને પોતાનું સમજી બેસે છે અને ત્યાં જ મને વાંધો છે.'




*અનુભવની આખી પાઠશાલા- મને જેનો અનુભવ થયો*

હું આ વ્યક્તવ્ય સાંભળી રહ્યો. મારા ખભા પર હાથ મૂકી મને કહે,' હું ભરત.જોષી. સાથે બિરલા માતુશ્રી નો ચેક બરજોર પાવરીને મોકલાવી દઉં છું. એ નહિ હોય તો સત્યનારાયણ લઈ લેશે. ( જે બિરલા માતુશ્રી સભાગારમાં ઉચ્ચ હોદ્દા પર હતા. ઘણા વર્ષો પહેલા એમનું નિધન થયું.) ભટ્ટ સાહેબના નિર્ણય સામે મારે તો કઈ બોલવા જેવું રહ્યું જ નહિ. ખબર નહિ, આજે મને ભટ્ટ સાહેબ થોડા બદલાયેલા લાગ્યા. જે તમારી સાથે બદલાઈ રહ્યાં છે એવું લાગે તો સમજી જજો કે તેનો અથવા તમારો સમય બદલાઈ રહ્યો છે. મેં એમના બિરલામા શો કરવાની વાત પર મારી સંમતિનો સિક્કો મારી દીધો. જો કે મારે ક્યાં કોઈ દલીલ કરવી હતી. કદાચ ભટ્ટ સાહેબને એવું હોય કે દાદુને પૂછીને ફાયનલ કરું. જે હોય તે, બીજે દિવસે ભ.જો. જઈને બિરલા માતુશ્રી સભાગારનું ભાડું ભરી આવ્યો. મેં પણ હકારાત્મકતા સાથે સ્વીકાર્યું કે આ શો પણ હાઉસ ફૂલ જશે. હવે આવા પોઝીટીવ વિચારો બાબત હું મેચ્યુર્ડ થતો જતો હતો. કહે છે ને કે ફળ પરિપક્વ થયા પછી નીચે પડી જાય છે જ્યારે માણસ નીચે પડી ગયા પછી પરિપક્વ થાય છે. 'છાનું છમકલું' માંથી બનેલ 'વાત મધરાત પછીની' આ જ પરિપક્વતાનો દાખલો હશે.!

બિરલા માતુશ્રી માટે જા.ખ. નું બજેટ થોડું વધુ રાખ્યું. બીજા થીયેટર કરતાં આ થીયેટરની વધુ સીટ્સ ભરવાની હતી. બુધવારે બુકિંગ ખુલ્યું. પહેલા દિવસે ૯ થી ૧૨ મા તો કહી શકાય એવો કોઈ ઉમળકો પ્રેક્ષકોએ ન દેખાડ્યો. સાંજે થશે?' એવો વિચાર મનમાં આવ્યો ખરો, સાંજે પણ ખાસ' કઈ બુકિંગ થયું નહિ. મેં ડરતા ભટ્ટ સાહેબને ફોન કર્યો તો મને કહે, શું નબળો થઇ જાય છે? આટલી સારી નાટકની માઉથ પબ્લીસીટી છે, શોઝ હાઉસ ફૂલ જઈ રહ્યાં છે તો થોડી ધીરજ રાખ. આજે હજી પહેલો દિવસ છે, થશે. પરિસ્થિતિ જ્યારે સારી ન હોય ત્યારે મજબૂત થવાય. મજબુર નહિ. અને પરિસ્થિતિ સારી જ રહેશે એ હું મારા અનુભવે કહું છું.'

એમના અનુભવ સામે મારા વિચારો તો ચલણ ગાડી જેવા જ નીવડશે એ સમજી મારે કહેવું હતું એ બધું અંદર જ સમેટી લીધું.

ઘરે પત્ની ભારતીને પણ મેં મારી વિટંબણા કહી. એ તો એકદમ પોઝીટીવ છે, મને ભટ્ટ સાહેબ કરતાં પણ વધુ જ્ઞાન પીરસી દીધું. એ રાત્રે મને માંડ ઊંઘ આવી.

સવારે ૯ વાગે બુકિંગ ખુલતું હતું. પણ મને આશંકા હતી કે હમણા ફોન કરીશ અને કોઈ મને ન ગમતો જવાબ મળ્યો તો?. એના કરતાં ૧૦ વાગે ફોન કરું? હિંમત કરી અંતે ૧૦ વાગે મેં ફોન કર્યો. ભૂલતો ન હોઉં તો રંજનબેન બુકિંગ પર બેસતા. એમણે મને જે આંકડો કહ્યો, મારા માન્યામાં જ ન આવ્યું. પાછું કહ્યું કે આ શો પણ હાઉસ ફૂલ જશે.

અને ખરેખર, બુકિંગ વધતું ગયું. છેલ્લે તો જૂજ ટીકીટો જ બચી. લાઈન ખુબ લાંબી લાગી હતી. મેં બહાર જઈ માહોલ જોયો અને મારી છાતી ગદ-ગદ થઇ ગઈ.

ભટ્ટ સાહેબનો અનુભવ સાચો હતો. ત્યાં મેં બુકિંગ પર જોયું કે દસેક વર્ષની છોકરી બુકિંગ ક્લાર્ક સાથે કોઈ માથાકૂટ કરી રહી હતી. પાછળ લાઈનમાં ઉભેલા અન્ય પ્રેક્ષકો જલ્દી કરો..જલ્દી કરો..' ની બુમો પાડતા હતા. હું કાઉન્ટર પર ગયો. પૂછ્યું તો ખબર પડી કે એ ગરીબ છોકરીને ૧૦ રૂપિયા વાળી ટીકીટ જોઈતી હતી જે ક્યારની ખલાસ હતી.

મેં કહ્યું કે આપ ૧૦ રૂપિયા'. એ છોકરીએ ૫ પૈસા, ૧૦ પૈસા અને ચાર આના.. આ બધું પરચુરણ કાઉન્ટર પર મુક્યું. એને નાટક જોવું જ હતું. પણ સ્થિતિ... મારી આંખમાં આંસુ આવી ગયા.

મેં રાખેલી અમુક ટીકીટોમાંથી એક ટીકીટ એને આપી અને પૈસા પાછા લઇ લેવા કહ્યું. એણે પૈસા લેવાની ઘરાર નાં પાડી અને થેંક યુ' કહી હસતી હસતી નીકળી ગઈ. થયું, નાટકની કેવી ઈમ્પેક્ટ' હશે કે આ વર્ગ પણ નાટક જોવા આવવા માંડયો... ભયાનક ખાલીપામાં જે ભરચક અજવાળું ભરી જાય છે તે આવા પ્રેક્ષક !

***

*બહારથી દેખાય એટલા બધા,*
*ભીતરથી કોઈ રૂપાળા નથી હોતા,*
*સંબંધોમાં બધા તમે માનો છો,*
*એટલા હુંફાળા નથી હોતા.* ■

ડબલ રિચાર્જ

એકવાર એટલું બધું અમીર થઇ જવું છે કે આઈસક્રીમનું ઢાંકણ ચાટયા વગર ફેંકી દેવું છે.

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# ૭૫ વર્ષ પહેલાના ફિલ્મી ગીતમાં છ ભાષા

## કમર જલાલાબાદીની રચના, શમશાદ બેગમનો સ્વર અને એસ ડી બર્મનનું સ્વરાંકન ધરાવતા 'શબનમ'ના એક ગીતમાં હિન્દી ઉપરાંત ગુજરાતી, મરાઠી, બંગાળી, મદ્રાસી અને પંજાબી ભાષાની પંક્તિઓ સાંભળવા મળે છે



(ડાબેથી) શમશાદ બેગમ, કમર જલાલાબાદી અને એસ ડી બર્મન

હિન્દી ફિલ્મ સંગીતની સમૃદ્ધિ અફાટ છે. પ્રેમગીત છે, કરુણ ગીત છે, દેશભક્તિના ગીત છે, બાળકોના ગીત છે, કેબ્રે સોન્ગ્સ છે અને રમૂજી ગીતો પણ છે. આજે આપણે ૭૫ વર્ષ પહેલા આવેલી 'શબનમ' (રિલીઝ થવાની તારીખ ૨૨ એપ્રિલ,૧૯૪૯)ના એક એવા રમૂજી - મજેદાર ગીતની વાત કરવી છે જેમાં હિન્દી ઉપરાંત પાંચ ભાષા (ગુજરાતી, મરાઠી, બંગાળી, મદ્રાસી અને પંજાબી)નો ઉપયોગ કરવામાં આવ્યો છે. ચિત્રપટના મુખ્ય કલાકાર છે દિલીપ કુમાર અને કામિની કૌશલ. આ ગીત એવા તબક્કે આવે છે જ્યારે હીરો - હિરોઈનને ભૂખ લાગી છે, પણ બગાસું ખાવા સિવાય પાસે બીજું કશું નથી. નજીકમાં એક કાફલો વિશ્રામ કરી રહ્યો છે. એ કાફલાનું ભોજન સેરવી લેવાના આશય સાથે કામિની કૌશલ એમની વચ્ચે જઈ ગીત ગાવાની યોજના બનાવે છે અને બધા નાચ ગાનમાં વ્યસ્ત હોય ત્યારે દિલીપ કુમારે ખોરાક લઈ પલાયન થવું એવું નક્કી થાય છે. અને કામિની કૌશલ ગીત શરૂ કરે છે. આ ગીત લખ્યું છે કમર જલાલાબાદીએ (મૂળ નામ ઓમપ્રકાશ ભંડારી). શ્રી જલાલાબાદીની વિવિધ પ્રકારના લખ્યા છે જેમાં 'દિન હૈ સુહાના આજ પેહલી તારીખ હૈ' (પેહલી તારીખ) અને 'ગુણીજનો ભક્તજનો' (આંસુ ઔર મુસ્કાન) જેવા અવિસ્મરણીય હળવાફૂલ ગીતનો પણ સમાવેશ છે. 'શબનમ'ના ગીતનાં ગાયિકા છે શમશાદ બેગમ. લતા મંગેશકર નામનો સૂર્ય ઉગ્યો એ પહેલા આકાશમાં જે તારલાઓનો ઝગમગાટ હતો એમાંના એકનું નામ હતું શમશાદ બેગમ. હિન્દી સિવાયની પાંચ ભાષાની પંક્તિઓ ગાવામાં શમશાદજીએ ખૂબ કાળજી રાખી છે. ગીતમાં કામિની કૌશલ દેશના વિવિધ પ્રાંતના લોકો કોઈ કન્યા સાથે ઈશ્કી ખેલ કરવાની કોશિશ કરે ત્યારે કન્યા કેવી લાગણી અનુભવે છે એનું રમૂજી શૈલીમાં વર્ણન કરે છે. અહીં બંગાળી, ગુજરાતી, મરાઠી, મદ્રાસી અને પંજાબી પ્રાંતના પુરુષ સાથેના અનુભવનું વર્ણન સંબંધિત પ્રાંતની શૈલી અનુસાર છે. આ ગીતને સંગીતબદ્ધ કર્યું છે સચિન દેવ બર્મને. 'દો ભાઈ'ના હિટ સોન્ગ 'મેરા સુંદર સપના બીત ગયા'થી જાણીતા બનેલા બર્મનદાનું 'શબનમ'નું આ ગીત એ સમયે લોકોના હોઠ પર રમતું થયું હતું. એપ્રિલ મહિનો શ્રીમતી શમશાદ બેગમની જન્મજયંતી અને પુણ્યતિથિનો પણ છે એ નિમિત્તે આ અનોખા ગીતને માણીએ. ગીત યુ ટ્યુબ પર ઉપલબ્ધ છે. સમય કાઢી જરૂર સાંભળજો. ચોક્કસ જલસા પડશે.

ગીતની શરૂઆત 'યે દુનિયા રૂપ કી ચોર, બચા લે મુજે બાબુ' પંક્તિથી થાય છે. પહેલી કડી છે 'રાસ્તે મેં મિલા એક બંગાલી, દર્શન કા અભિલાષી, વો કેહને લગા **જોલ ખાબે, રોશોગુલ્લા ખાબે, ઔર કેહને લગા આમી તુમી ભાલો બાશી, મૈં ક્યા જાનુ આમી તુમી, મૈં ભાગી તુમરી ઓર.** ત્યારબાદ ગુજરાતીના મેળાપની વાત આવે છે. શબ્દો છે 'હુઈ મુલાકાત મેરી એક ગુજરાતી સે, કેહને લગા મુજે સારું છે, સારું છે. શું છે, કેમ છે, **સારુંછે. છે છે છે. હેએએ મારે તે આંગણે એકવાર આવજો, મૈં ક્યા જાનુ આવજો આવજો, મૈં ભાગી તુમ્હારી ઓર.** ગુજરાતી પછી મરાઠીભાષીનો વારો. શબ્દો છે 'एक मराठी साहब आला, आते ही सब गडबड झाला, कभी कहे अस काय, कभी कहे तस काय, अस काय, बरं बरं बरं बरं बरं .चटक चांदणी जरा इकडे ये जरा इकडे ये जी जी जी जी जी जी, अग गुलाबाच्या कळी, जरा इकडे ये इकडे ये, मैं क्या जानू इकडे तिकडे, मै भागी तुम्हारी ओर. ત્યારબાદ મુલાકાત મદ્રાસી (૭૫ વર્ષ પહેલા દરેક સાઉથ ઈન્ડિયન મદ્રાસી તરીકે ઓળખાતો) સાથે થાય છે. શરૂઆત અસ્સલ કર્ણાટક સંગીતના લહેકાથી થાય છે અને શબ્દો સંભળાય છે 'એક મદ્રાસી લગા બુલાને એ એ એ એ એ, મૈં લગી જાને તો વો લગા ગાને, **ચક્રપાણી અડી રુક્મણિયે, ઉન્ને નાડી વંદદે એ નક્કી કેડ વંદદે.'** મદ્રાસી ઉચ્ચારણ પૂરા થતાની સાથે હિન્દીમાં પંક્તિઓ શરૂ થાય છે કે **'હે હે હે સુન કે મુજે હો ગયા બુખાર, મૈં ભાગી તુમ્હારી ઓર.'** છેલ્લે વારો આવે છે પંજાબીનો. 'રસ્તે મેં મિલા એક પંજાબી, કેહને લગા તેરી અખિયાં ગુલાબી, હો ઓ ઓ ઓ બલ્લે બલ્લે બલ્લે, હો બલિયે, હો લસિયે, ઓ સોણીયે મલાઇયે, કિતાઈ મૈનું શરાબી, હો જા કાર કે ગડી હી વિચ બેહ જાતે રોયે ગીચ, પેડ ખાયેગી થૈ થૈ.' પંજાબી પંક્તિઓ પૂરી થાય છે અને ગીત આગળ વધે છે 'થૈ થૈ સુન કે ચંપલે ઉતાર કે મૈં ભાગી તુમ્હારી ઓર. અહીં ગીત પૂરું થાય છે અને વાર્તા આગળ વધે છે.

કમર જલાલાબાદી અને શમશાદ બેગમે ભાષાશુદ્ધિ જાળવવાની મહત્તમ કોશિશ કરી છે. મામૂલી ક્ષતિઓ છે, પણ ૭૫ વર્ષ પહેલાનો આવો પ્રયાસ આવકારદાયક તો ખરો જ, પણ એ આનંદદાયક બન્યો છે એ બહુ મોટી સિદ્ધિ કહેવાય.

## હિન્દી ગીતમાં ગુજરાતી

વિદેશનાં પ્રખ્યાત પ્રવાસન સ્થળોએ ગુજરાતીઓને માફક આવે એવું ભોજન મળે છે અને અનેક હિન્દી ફિલ્મોમાં ગુજરાતી ફ્લેવર ઉમેરી આકર્ષણ વધારવામાં આવે છે. બિન ગુજરાતી ગીતકારોએ સોન્ગના મૂડને ધ્યાનમાં રાખી કે પછી એની લોકપ્રિયતા વધારવા ગુજરાતી પંક્તિઓનો ઉપયોગ કર્યો હોવાનાં કેટલાંક ઉદાહરણો જોવા મળે છે. અમુક ગીતમાં સંગીતકારે ગુજરાતી ગાયકનો આગ્રહ રાખ્યો છે તો અમુક ઠેકાણે પંજાબી ગાયકોએ ગુજરાતી પંક્તિઓને ન્યાય આપ્યો છે. છેલ્લાં ૨૫ વર્ષના કેટલાક ઉદાહરણ જોઈએ.

મોટો ગોટાળોઃ ફિલ્મઃ ગોરી તેરે પ્યાર મેં. ઈમરાન ખાન અને કરીના કપૂરની સુપરફ્લોપ ફિલ્મનું ગીત રિલીઝ વખતે અનોખી સ્ટાઇલનું હોવાથી યંગસ્ટર્સને ગમ્યું હતું. જોકે, ગુજરાતીનો જે થોડો ઘણો ઉપયોગ થયો છે એમાં બેદરકારી દેખાય છે. 'મોટો ગોટાળો'ને બદલે 'મોટો ઘોટાલો' સાંભળવા મળે છે, કારણ એટલું જ કે ગોટાળો હિન્દીમાં ઘોટાલા કહેવાય છે. ગીતના પ્રારંભમાં, વચ્ચે અને અંતમાં **'આઓ મારો છોકરા, મામા લાવે ઢોકલા, ઢોકલા તો ભાવે નૈ, નાકો ચને ચબાવે નૈ'** પંક્તિઓની મદદથી ગુજરાતી ફ્લેવરની કોશિશ કરવામાં આવી છે જે સાંભળવામાં કૃત્રિમ તો લાગે છે જ, કાનને ખટકે (ઢોકળાની બદલે ઢોકલા) પણ છે. મૂળ ગુજરાતી પંક્તિઓ આમ છેઃ **'તાળી પાડે છોકરા, મામા લાવે ટોપરા, ટોપરા તો ભાવે નહીં, મામા ખારેક લાવે નહીં'**. એ શબ્દો, એ લહેકો, એ ભાવની તો વાટ લગાડી દીધી છે.

શુભારંભઃ ફિલ્મ કાઈપો છે. અભિષેક કપૂર દિગ્દર્શિત ફિલ્મની બહુ પ્રશંસા થઈ હતી. વાર્તા અમદવાદમાં આકાર લઈ રહી હોવાથી એક ગીત ગુજરાતી ફ્લેવરવાળું તૈયાર કરવાની કોશિશ થઈ છે. 'રંગીન પરોઢ આવે, ખુશિયો સંગ લાવે, હરખાયે હૈયું હાય હાય' પંક્તિ પછી હિન્દી - ગુજરાતી ભેળ ચાલે છે. જોકે, ગુજરાતી શબ્દો હિન્દી શૈલીમાં હોવાથી માતૃભાષા સાથે છેડછાડ થઈ હોય એવું લાગે છે.

મોર બની થનગાટ કરેઃ ફિલ્મ ગોલિયોં કી રાસલીલા - રામલીલા. ઝવેરચંદ મેઘાણીની આ રચના ગુજરાતી સુગમ સંગીતોના શોખીનો માટે અજાણી નથી. ઓસમાણ મીર ગાયક છે અને દિગ્દર્શક સંજય લીલા ભણસાલી એમ બે ખમતીધર ગુજરાતી હોવાથી ભાષાનું લાલિત્ય જળવાયું છે. 'હમ દિલ દે ચુકે સનમ'માં 'ઢોલી તારો ઢોલ બાજે' પંક્તિઓમાં ગુજરાતી ફ્લેવર અકબંધ છે, કારણ કે ડિરેક્ટર ભણસાલી છે અને સંગીતકાર ઈસ્માઈલ દરબાર.

જો તું નથી તો તારો ફોટો પણ ચાલશે, જો તારો ફોટો નથી તો ફોટો કોપી પણ ચાલશે - ફિલ્મ જય હો. હિમેશ રેશમિયા, કીર્તિ સાગઠિયા અને પલક મુછલએ જોડકણાં જેવા ગીતમાં ગુજરાતી ઉચ્ચારણમાં ધોરણ જાળવી રાખ્યું છે.

શું છે શું છે મને કહી દો, મનમાં શું છે એ કહી દ્યો - ફિલ્મ વોટ્સ યોર રાશિ. મધુ રાયની અફલાતૂન નવલકથા 'કિમ્બલ રેવન્સવૂડ' પરથી આશુતોષ ગોવારીકરએ બનાવેલી ફિલ્મના આ ગીતમાં ગુજરાતી પંક્તિઓ વખતે લહેકો સાંભળવાની મજા પડે છે. ■

ફિલ્મનામા

નરેશ શાહ

# ઋષિકપૂરની ફિલ્મી જીવનની અકળામણ બની રેકોર્ડ સર્જક



અમારા દામ્પત્ય જીવનમાં ભરતી-ઓટ નથી આવી એવું હરગીઝ નથી , પરંતુ એ દરેક ચઢાવ- ઉતારમાં જવાબદાર હું જ હતો, નીતુ (સીંઘ) નહીં... હા, અમારા સંબંધોમાં આવેલા ભરતી-ઓટમાં ક્યારેય કોઈ મહિલા કેન્દ્રસ્થાનમાં નહોતી એ પણ મારે કહેવું છે .

આ શબ્દો ઋષિ કપૂરના છે. આ સ્ટેટમેન્ટ પછી જો કે ઋષિ ઉમેરે છે કે, જયારે સાગર (૧૯૮૫) ફિલ્મમાં ડિમ્પલ સાથે એ કામ કરતા હતા ત્યારે નીતુ થોડી ડરી ગઈ હતી અને એ ભયની વાત એણે ખુદ થોડા વર્ષ પછી ખુદ ઋષિને કરી હતી.

૩૦ એપ્રિલ, ૨૦૨૪ના દિવસે જેમના અવસાનની ચોથી પુણ્યતિથિ છે,એ ઋષિકપૂરને હીરો તરીકે ચમકાવતી 'બોબી' ફિલ્મ રિલીઝ થાય એ પહેલાં જ ડિમ્પલે સુપરસ્ટાર (અને પોતાનાથી મોટા) રાજેશ ખન્ના સાથે લગ્ન કરી લીધા હતા અને બાર વરસ પછી 'સાગર' ફિલ્મથી ડિમ્પલ કાપડિયાએ કમબેક કર્યું ત્યારે એ બે બાળકીની માતા અને ડિવોર્સી હતા. 'બોબી' સમયે ઋષિમાટે ડિમ્પલ મિત્રથી થોડી વિશેષ હતી.અને એની જાણ નીતુને હતી અને એટલે જ એ 'સાગર' વખતે જરા અપસેટ રહેતી હતી, પણ...

પોતાની પ્રથમ ફિલ્મ 'બોબી'થી સ્ટાર બની ગયેલાં ઋષિની હાલત એ સમયે કફોડી થઈ ગઈ હતી, કારણકે બોબી' સમયે એ માત્ર ૨૧ વરસના હતા અને ફિલ્મજગતમાં એની સાથે જોડી બનાવી શકાય તેવી કોઈ ખાસ હિરોઈનો પણ નહોતી. એંસીનો દાયકો હેમા માલિની, રેખા, પરવીન બાબી, ઝિન્નત અમાન જેવી હિરોઈનોનો હતો. આ બધી યા તો ઋષિકપૂર કરતાં મોટી દેખાતી હતી યા તો એનું એનર્જી લેવલ ઋષિ જેવા યંગ એનર્જી સાથે મેચ થાય તેમ નહોતું.

પોતાની કેરિયરના પ્રથમ પડાવમાં રોમાન્ટિક હીરોની ઈમેજ સાથે કામ કરનારા ચિન્ટુ (ઋષિનું હૂલામણું નામ) માટે હાલત એવી કફોડી થઈ ગઈ હતી કે રાજ કપૂરે એની બીજી ફિલ્મ માટે નવો ચહેરો જ પસંદ કરવો પડેલો.

બહુ ઓછા લોકો જાણે છે કે 'બોબી' પછી તરત રાજ કપૂર એના પૂત્ર ઋષિને જ લઈને 'હિના' (જે પછીથી ઋષિ-ઝેબા બખ્તીયાર સાથે છેક ૧૯૯૧માં બની. તેના ડિરેક્ટર રણધીર કપૂર હતા કારણકે રાજજીનો દેહાંત થઈ ગયો હતો ) બનાવવાના હતા અને હિના તરીકે નફિસા અલી ('અક્સ'માં અમિતાભ બચ્ચનના પત્ની બનેલાં) નામનો નવો ચહેરો પસંદ કર્યો હતો પણ એ સમયે બાત બની નહીં.

આ તરફ ઋષિસાથે મેચ થઈ શકે એવી બે જ હીરોઈન બચતી હતી. બાળ કલાકાર તરીકે કામ કરનારી નીતુ સિંઘ અને મૌસમી ચેટરજી. બોબી' પછી રિલીઝ થયેલી ઝહરિલા ઈન્સાન, રફુચક્કર, ઝિંદાદીલ, ખેલ ખેલ મેં ફિલ્મમાં નીતુ અને મૌસમી ચેટરજી હતા , પણ દરેક ફિલ્મમાં આ બે જ હીરોઈનને ઋષિકપૂરની સાથે લેવાનું પ્રેકટિકલ નહોતું (ઋષિ-નીતુ એ ૧૫ હિન્દી ફિલ્મમાં સાથે કામ કર્યું છે તેમ છતાં) આ કારણે જ ઋષિસામે હિરોઈન તરીકે નવા ચહેરાને લોન્ચ કરવાનો અખતરો વાસ્તવમાં તો રેકોર્ડ બનીને બોલીવુડના ઈતિહાસમાં ચિન્ટુજીના નામે નોંધાય ગયો છે.

૬૮ વરસની આવરદામાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં છવ્વીસ વરસ કામ કરીને ૧૬૩ ફિલ્મો (શર્માજી નમકિન - અવસાન પછી અને પરેશ રાવલને લઈને ૨૦૨૧માં રિલીઝ થઈ) કરનારા ઋષિકપૂર માટે એ રેકોર્ડ કાયમ રહેશે કે એમની સાથે યા ન એમની ફિલ્મમાં ત્રીસ જેટલી નવી તારિકાઓને બ્રેક આપવામાં આવ્યો હતો.

એક લિસ્ટ પર નજર નાખવા જેવું છે :

ડિમ્પલ કાપડિઆ (બોબી), સુલક્ષણા પંડિત (રાજા), શોમા આનંદ (બારુદ), નસીમ (કભી કભી), કાજલ કિરણ (હમ કિસી સે કમ નહીં), ભાવના ભટ્ટ (નયા દૌર), રંજિતા કૌર (લૈલા મજનુ), જયા પ્રદા (સરગમ - હિન્દીમાં તેની પ્રથમ ફિલ્મ હતી), પદમિની કોલ્હાપુર (જમાને કો દિખાના હૈ - હિરોઈન તરીકેની પ્રથમ, અન્ય ફિલ્મો બાળ કલાકાર તરીકે કરેલી), રાધિકા (નસીબ અપના અપના) સોનમ (વિજય), વિનીતા ગોયલ (જનમ-જનમ), સંગીતા બિજલાની (હથિયાર), ઝેબા બખ્તિયાર અને અશ્વિની ભાવે (હિના), રુખસાર (ઈન્તિહા પ્યાર કી), વર્ષા ઉષગાંવકર (હનીમુન), તબ્બુ (પહેલા પહેલા પ્યાર).

આ લિસ્ટ ઋષિ ૨ સાથે રોમાન્ટિક રોલ કરનારી હીરોઈનનું છે. ઋષિખુદ સ્વીકારી ચૂક્યા હતા કે, નવી તારિકાઓ સાથેની મારી ફિલ્મો (બોબી, સરગમ, લૈલા મજનુ, હમ કિસી સે કમ નહીં) હિટ ગઈ હતી, પણ એ ફિલ્મોમાં જાણીતો ચહેરો મારો હોવાથી સઘળો યશ મને જ મળ્યો હતો. મારી સાથે પ્રથમ વખત ચમકનારી હિરોઈનોમાં પણ ગજબનો સંયોગ એ થયો કે એમની સાથે મારી બીજી ફિલ્મ બની જ નહીં યા વરસો પછી (ડિમ્પલની જેમ) કોઈ ફિલ્મમાં અમારી પેર બની.

ચોકલેટ બોય' યા રોમાંસના 'રાજા' તરીકેની કેરિયરના પ્રથમ રાઉન્ડમાં જો કે 'દૂસરા આદમી' ફિલ્મમાં સાથે કામ કરનારા રાખી ગુલઝાર માટે ઋષિને વિશેષ માન હતું, કારણકે રાખીએ પોતાની ઈમેજની પરવાહ કર્યા વગર અમિતાભ બચ્ચનની હિરોઈન બનવા સાથે 'શક્તિ'માં ઋષિની મા બનવાનો સાહસિક નિર્ણય લીધો હતો. રાખી ઋષિ કપૂર કરતાં પાંચ વરસ જ મોટા હતા છતાં 'કભી કભી ' અને 'યે વાદા રહા' ફિલ્મમાં એ ઋષિકપૂરની પણ મા બન્યા હતા.


ચરિત્ર ભૂમિકાનો બીજો રાઉન્ડ ઋષિકપૂર માટે ૧૯૯૬થી ( 'પ્રેમગ્રંથ' ફિલ્મની નિષ્ફળતા પછી) શરૂ થયો, જેમાં એમણે અમિતાભ બચ્ચનની જેમ ધમાકેદાર ઈનિંગ રમી. આ પિરીયડમાં પણ આલિયા ભટ્ટ (સ્ટુડન્ટ ઓફ ધ ઈયર), વાણી કપૂર (શુદ્ધ દેશી રોમાંસ), પલ્લવી શારદા (બેશરમ), તાપસી પન્નુ (ચશ્મે બદદુર), મિષ્ટી (કાંચી) જેવી હિરોઈનો જે ફિલ્મમાં લોન્ચ થઈ અને તેમાં ચિન્ટુ બાબાએ મહત્ત્વનાં કિરદાર નિભાવ્યાં હતાં. ■

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# શું કેમેરા પણ સિનેમામાં કિરદાર હોઈ શકે ખરો?

## કેમેરાની ફૂટેજ વાર્તા આગળ ચલાવતી હોય તેવા સિનેમાનો અનોખો પ્રકાર







જયારે સિનેમાના જોનર કે ફોર્મેટની વાત કરવામાં આવે ત્યારે અમુક જોનર કે ફોર્મેટ તરત ધ્યાનમાં આવે, જેમ કે કોમેડી, એક્શન, રોમાન્સ જોનર હોય કે પછી ફિચર ફિલ્મ, ડોક્યુમેન્ટરી, શોર્ટ ફિલ્મ જેવા ફોર્મેટ. કોઈ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થાય કે એ જોઈને તરત જ દર્શકોને ખબર પડી જાય કે આ હોરર છે કે કોમેડી. જો કે, સિનેમાના અમુક એવા ફોર્મેટ કે મેકિંગની પદ્ધતિ છે , જે નાવિન્યસભર હોવા છતાં એટલા ઓછા પ્રમાણમાં બને છે કે તેનાથી માહિતગાર ન હોય એવા દર્શકો એ જોઈને નક્કી જ ન કરી શકે કે આ છે શું!

૧૯ એપ્રિલે રિલીઝ થયેલી દિબાકર બેનર્જી દિગ્દર્શિત ફિલ્મ 'લવ સેક્સ ઔર ધોખા ૨'નું ટ્રેલર બહાર પડ્યું ત્યારે કંઈક આવી જ સ્થિતિ સર્જાઈ હતી. એ ફિલ્મના ટ્રેલર પર દર્શકોના એવા જ પ્રતિભાવો હતા કે આ તો કોઈ રીતે ફિલ્મના ટ્રેલર જેવું લાગતું જ નથી- બહુ જ ગૂંચવણભર્યું છે- કશું સમજાતું જ નથી.


આવું એટલે બન્યું કે ટ્રેલરમાં જે દ્રશ્યો બતાવવામાં આવ્યા છે એ પરંપરાગત શૈલીમાં ન દેખાયાં, પણ 'બિગ બોસ' જેવા કોઈ રિયાલિટી ટીવી- શો, વીડિયો ગેમ, સીસીટીવી ફૂટેજ અને સોશિયલ મીડિયા રીલ્સમાં હોય એ રીતે દેખાયાં. અને આના કારણે લોકોને સમજાયું જ નહીં કે આ તે વળી ફિલ્મનો કયો પ્રકાર છે!

-તો ફિલ્મના આ પ્રકાર, ફોર્મેટ કે મેકિંગ પદ્ધતિનું નામ છે : 'ફાઉન્ડ ફૂટેજ ફિલ્મ્સ'. ફાઉન્ડ ફૂટેજ ફિલ્મ્સ એટલે એવી સિનેમેટિક પદ્ધતિ કે જેમાં દ્રશ્યો સામાન્ય રીતે શૂટ કરવામાં ન આવે. પાત્રોની ઘટનાઓ બનતી જાય અને તેને કેમેરામાં શૂટ કરાયું હોય એમ બતાવવામાં ન આવે, પણ પાત્રોને જ કેમેરા સાથે જોડી દેવામાં આવે. કેમેરા પોતે જ ફિલ્મનું એક પાત્ર બની જાય. દ્રશ્યને કાં તો પાત્ર દ્વારા જ શૂટ કરવામાં આવ્યું હોય અથવા તો વાર્તા કે દ્રશ્યની સ્થિતિ જ એવી હોય કે જેમાં કોઈ રીતે કેમેરા એક મહત્ત્વનો ભાગ હોય. ફાઉન્ડ ફૂટેજનો મતલબ એ કે જાણે કોઈ ઘટના સાચે જ બની છે અને કેમેરામાં કેદ થઈ છે અને તેને એક ફિલ્મ તરીકે દર્શકો સામે રજૂ કરવામાં આવી છે.

માનો કે તમે રસ્તા ઉપર કંઈક શૂટ કરી રહ્યા છો અને બરાબર ત્યારે જ કોઈ ગુંડો અચાનક આવીને કોઈનું ખૂન કરી નાખે અને એ અજાણતા જ તમારા કેમેરામાં કેદ થઈ જાય. અને પછી તમે એ ફૂટેજને ફિલ્મ તરીકે રિલીઝ કરો એવું કંઈક. પણ આ તો થઈ માત્ર પદ્ધતિ. ઘટનાઓ અજાણતા જ કેમેરામાં કેદ થઈ ગઈ છે એવું ખરેખર હોતું નથી, એવું મેકિંગમાં જાણીજોઈને શૂટ કરવામાં આવે છે. ફાઉન્ડ ફૂટેજના આ સિનેમા પ્રકારમાં સીસીટીવી ફૂટેજ, છૂપાવેલા કેમેરાની ફૂટેજ, કોઈ પાત્રના ફોન કે ડીએસએલઆર શૂટની ફૂટેજ, રિયાલિટી ટીવી શોની ફૂટેજ, વગેરેને પાત્ર બનાવીને એને ફિલ્મનો હિસ્સો બનાવવામાં આવે છે. આ ફાઉન્ડ ફૂટેજ જોનર સૌથી વધુ હોરર ફિલ્મ્સને માફક આવે છે. એટલે અત્યાર સુધીમાં જેટલી પણ ફિલ્મ્સ આ જોનરમાં બની છે

એમાંની લગભગ ૮૦% ફિલ્મ્સ હોરર ફિલ્મ્સ છે. આ જોનરની ફિલ્મ્સના મોટાભાગના ટોપ લિસ્ટ્સમાં સામેલ થતી 'ધ બ્લેયર વિચ પ્રોજેક્ટ' (૧૯૯૯) ફિલ્મમાં ફાઉન્ડ ફૂટેજ પદ્ધતિનો બહુ જ સારી અને પ્રભાવી રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે. તેની વાર્તા કંઈક એવી છે કે ૧૯૯૪ની સાલમાં ત્રણ ફિલ્મમેકિંગના વિદ્યાર્થીઓ 'બ્લેર વિચ' નામથી જાણીતી એક દંતકથા વિશે વધુ જાણવા અને તેના ઉપર એક ડોક્યુમેન્ટરી બનાવવા માટે જાય છે. પણ ત્રણે અચાનક ગાયબ થઈ જાય છે. આ ઘટનાના એક વર્ષ પછી એમના સામાનમાંથી એક કેમેરા મળે છે, જેમાં એમની સાથે શું બન્યું તેની ફૂટેજ હોય છે. અને એ ફૂટેજ એટલે જ ફિલ્મ! ના, આવી સાચી બનેલી ઘટનાની રિલીઝ કરવામાં આવતી ફૂટેજ એટલે આ પ્રકાર નહીં. પણ ફિલ્મ જ એવી રીતે શૂટ કરવામાં આવે કે તેની વાર્તાની ઘટનાઓ ફાઉન્ડ ફૂટેજ તરીકે દર્શકોને બતાવવામાં આવે.

બ્લેર વિચ નામની દંતકથા સુધ્ધાં સાચી નથી.




તેને પણ ડિરેક્ટર્સ ડેનિયલ અને એડુઆર્ડો દ્વારા ઊભી કરવામાં આવી હતી. આ કે બીજી વાર્તાઓને જે શૈલીમાં બાકીની ફિલ્મ્સ બને એવી રીતે પણ બનાવી જ શકાય, પણ જો સિનેમામાં અવનવા પ્રયોગો ન થાય તો તેની મજા કાયમી ન રહે ને. એટલે જ આ સિનેરસિક ડિરેક્ટર જોડીને જયારે લાગ્યું કે એમને પરંપરાગત

હોરર ફિલ્મ્સના બદલે ડોક્યુમેન્ટરી સ્ટાઇલની હોરર ફિલ્મ્સમાં મજા આવે છે ત્યારે નક્કી કર્યું કે શા માટે આ બંને

ચીજને ભેગી કરીને કશું ન બનાવાય? પછી એમણે બનાવવાની શરૂઆત કરી ફાઉન્ડ ફૂટેજ હોરર ફિલ્મ 'ધ બ્લેર વિચ પ્રોજેક્ટ'. આમ એ બની આ જોનરની સૌથી સફળ અને સૌથી લોકપ્રિય ફિલ્મ.

૨૦૦૭માં રિલીઝ થયેલી દિગ્દર્શક ઓરન પેલીની ફિલ્મ 'પેરાનોર્મલ એક્ટિવિટી' પણ 'ધ બ્લેર વિચ પ્રોજેક્ટ' જેમ આ જોનારમાં ટોચની ફિલ્મ ગણાય છે.

આ ફિલ્મમાં એક દંપતીના ઘરે કશીક અજુગતી ઘટનાઓ બનવાનું શરૂ થાય છે. એમને બંનેને એનાથી ડર લાગવા માંડે છે- સમજાતું નથી કે શું થઈ રહ્યું છે ને કોણ છે એ ઘટનાઓ પાછળ. આના જવાબ જાણવા માટે એ એક રસ્તો અપનાવે છે. એમના ઘરમાં કેમેરા લગાવે છે કે જેથી બનતી ઘટનાઓ તેમાં કેદ થઈ જાય. પછી એમના ઘરમાં બનતી ઘટનાઓ પાછળની રાક્ષસી શક્તિ કોઈને કોઈ રીતે એમને કેમેરામાં દેખાતી જાય છે અને એમનો એ શક્તિ સાથે પનારો પડતો જાય છે. આ બધું જ ઘરના કેમેરામાં શૂટ થતું જાય છે ને એ શૂટિંગની ફૂટેજ બને છે દર્શકો માટેની ફિલ્મ. આ ફાઉન્ડ ફૂટેજ ફિલ્મ્સનો પ્રકાર અસ્તિત્વમાં આવ્યો કઈ રીતે? તેની શરૂઆત ક્યારથી થઈ? હજુ આવી ફિલ્મ્સના ક્યાં-ક્યાં રસપ્રદ ઉદાહરણો છે? ફિચર ફિલ્મ્સ અને હોરર જોનર સિવાય પણ આ પદ્ધતિનો ઉપયોગ બીજા જોનર કે ફોર્મેટમાં કરવામાં આવે છે કે નહીં? ભારતીય ફિલ્મ્સમાં આ જોનર કેટલા અંશે અને કઈ રીતે જોવા મળ્યો છે? અને ખાસ તો આ પ્રકાર વિશે મેકર્સનું શું કહેવું છે?

આ વિષયમાં હજુ આ બધા મજેદાર સવાલોના જવાબો આપણે મેળવવાના બાકી છે તો તેની વાત કરીશું આવતા સપ્તાહે!

(ક્રમશઃ)■

### લાસ્ટ શોટ

'પેરાનોર્મલ એક્ટિવિટી' સફળ નીવડી પછી અત્યાર સુધીમાં આ ફિલ્મના કુલ ૭ ભાગ બની ચૂક્યા છે.

# એક ચમત્કાર

ટૂંકી વાર્તા

હરીષ થાનકી



વિજાપુર આમ તો કાંઈ બહુ મોટું કહી શકાય એવું ગામ નહોતું. નજીકના તાલુકા મથક પરથી અહીં આવવા માટે આખા દિવસમાં બે બસ માંડ મળતી. વિજાપુર ની વસતી ઓછી હોવાથી એ બસો પણ મોટે ભાગે ખાલી જ આવ જા કરતી. ગામના મોટા ભાગના લોકોએ તો પોતાના ખેતર માં જ રહેવા માટેનાં મકાનો ચણાવી લીધાં હતાં. વળી, છેલ્લાં ઘણાં વરસોથી મેઘરાજાની મહેર પણ એ ગામ પર સારી એવી ઊતરી હોવાથી લોકો પાસે પોત-પોતાનાં વાહનો પણ હતાં. હા, હાઈસ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓ તાલુકાએ ભણવા જવા એ બસમાં અપ-ડાઉન કરતા ખરા.

પરંતુ હમણાં હમણાં એ બસમાં થોડો ટ્રાફિક વધી ગયો હતો. ટ્રાફિક વધવાનું પણ એક કારણ હતું વિજાપૂર ગામનાં પાદરની ઉત્તર દિશામાં આવેલા એક શિવમંદિરના પૂજારી જટાશંકર ગોરને ત્યાં જૂનાગઢની ગિરનાર તળેટીમાં પંદર વરસ તપ કરી ચૂકેલા ઓઘડજી બાપુ અને સતત એમની સેવામાં રહેતા એમના શિષ્ય રંગનાથજી પધાર્યા હતા. જટાશંકર ગોર એકલપંડે જીવ હતા. વરસોથી તેઓ અહીં આવીને વસેલા એટલે ગામનાં કોઈપણને ઘરે કથા-કીર્તન કે પછી નાની એવી ધાર્મિક વિધિ હોય ત્યારે ત્યાં એમની હાજરી આવશ્યક ગણાતી.

સામાન્ય રીતે એ મંદિરે જટાશંકર ગોરને ત્યાં વરસના વચલે દિવસે આવી ચઢતા સાધુ સંન્યાસીનો ઊતારો બે- ત્રણ દિવસ માંડ રહેતો, કારણ કે એક તો ગામ નાનું અને વળી લોકોનાં રહેઠાણ ખેતરે એટલે પહેલી નજરે સાવ ઉજ્જડ જેવાં લાગતાં ગામમાં આવતા કોઈ સાધુ માટે ત્યાં ઝાઝો વખત રહેવા કોઈ પ્રયોજન જ નહોતું રહેતું. પરંતુ આ વખતે પધારેલા ઓઘડજી બાપુએ તો ત્યાં રીતસરનાં ધામા નાંખ્યા હોય તેમ અઠવાડિયા સુધી રોકાઈ ગયા. એ દરમિયાન એમના શિષ્ય રંગનાથજીએ ઓઘડજી બાપુ એક મહાન ચમત્કારી સાધુ છે એવી વાયકા ગામલોકોમાં ફેલાવવી શરૂ કરી દીધી. ધીરે ધીરે ગામમાંથી ઘણાં લોકો સવાર સાંજ બાપુ પાસે આવવા શરૂ થયા અને પછી તો જોતજોતામાં એમણે ગિરનારમાં કરેલો તપની અને એની ફલશ્રુતિ સ્વરૂપે પ્રાપ્ત થયેલા ચમત્કારી પણાની વાતો કર્ણો-પ કર્ણ આસપાસનાં ગામડાઓમાં પણ પ્રસરી. ગામેગામથી લોકો મોટર સાઈકલમાં, છકડો રિક્ષામાં અને તાલુકા મથકેથી આવતી બસોમાં ત્યાં આવવા લાગ્યાં. જેમ જેમ બાપુનો માહોલ જામતો ગયો તેમ તેમ જટાશંકર ગોરની અકળામણ વધવા લાગી, કારણ કે આ બધી પળોજણને લીધે જટાશંકર ગોરને કામનું ભારણ વધી ગયું.

જટાશંકર ગોરને દુઃખ એ વાતનું નહોતું કે બાપુએ અહીં સેવાયજ્ઞ શરૂ કર્યો હતો. દુઃખ એ વાતનું હતું કે બાપુ જરૂરતમંદ વ્યક્તિને જે કાંઈ ઈલાજ સૂચવતા, મંત્ર આપતો કે પછી દોરો-ભભૂત આપતા તેના બદલામાં સારી એવી રકમ પણ ખંખેરતા. સાંજ પડ્યે મંદિરની આરતી વેળાએ બાપુનો દુઃખ નિવારણ કાર્યક્રમ પૂર્ણ થતો ત્યારે બાપુ આખા દિવસની કમાણી ભેગી કરી પોતાની સાથે લાવેલા પટારામાં મૂકી, તેને તાળું મારી, ચાવી પોતાની જનોઈમાં લટકાવી દેતા. આમ જટાશંકર ગોરને એમાંથી એક કાણી કોડીની યે આવક થતી નહોતી અને ઉપરથી મફતમાં આખો દિવસ કૂચે મરવા જેવું થતું. મંદિરના ઈતિહાસમાં આવું પહેલી જ વખત થઈ રહ્યું હોવાથી આનો શો રસ્તો કાઢવો એનો જટાશંકર ગોરને ખ્યાલ નહોતો આવતો.

રોજ આવતા લોકોની સંખ્યા વધવા લાગી એટલે ઓઘડજી બાપુએ મંદિરની પરશાળમાં જ દુઃખદર્દ નિવારણ કાર્યક્રમ શરૂ કરવો પડ્યો. કોઈની ઉઘરાણી ફસાઈ ગઈ હોય કે પછી કોઈની વહુ પિયર બેઠી હોય, કોઈને માથે ચઢી ગઈ ગયેલાં કરજની સમસ્યા હોય કે કોઈને અસાધ્ય રોગ હોય, ઓઘડજી બાપુ પાસે સબ દુઃખોકી દવા રહેતી. કોને કેટલો ફાયદો થતો એ તો એ જ જાણે પરંતુ ઓઘડજી બાપુ પાસે ધીમે ધીમે સારી એવી રકમ એકઠી થવા લાગી હતી. હવે તો એમણે વિજાપુરમાં અડિંગો જ જમાવી દીધો.

એ દિવસે સવારે નિત્યક્રમ પ્રમાણે સવારે દસ વાગ્યે મંદિરની પરશાળમાં તેમની લાકડાની બેઠાઘટની વ્યાસપીઠ પર એમણે જ્યારે બેઠક લીધી ત્યારે આવેલા ભક્તોની સંખ્યા થોડી ઓછી હતી. સામેની શેતરંજી પર કુલ પાંચ વ્યક્તિ બેઠી હતી. જેમાં બે સ્ત્રીઓ હતી, બે પ્રૌઢ વયના પુરુષો હતા અને એક પચ્ચીસેક વરસનો યુવાન હતો. અહીં વહેલો તે પહેલોના ધોરણે મુલાકાત અપાતી હોવાથી સૌથી પહેલા બે પ્રૌઢ પુરુષોનો વારો પહેલો હતો. એ બન્ને જણાએ વારાફરતી પોતપોતાની સમસ્યાઓ કહી એટલે ઓઘડજી બાપુએ તેમને ઉપાયો સૂચવ્યા અને એમની પાસેથી આશરે બસ્સો રૂપિયા જેવી રકમ પ્રાપ્ત કરી લીધી. એ પછી વારો આવ્યો પેલા યુવાન છોકરાનો. શિષ્ય રંગનાથજીએ તેને ઈશારો કરી બાપુની નજીક જવા કહ્યું પરંતુ એ માથું ધુણાવી બધાનો વારો આવી જાય એ પછી પોતે બાપુને મળશે એવો મૂક ઈશારો કર્યો એટલે ઠીક ઠીક યુવાન દેખાતી પહેલી સ્ત્રીને સંતાન નહોતાં થતાં એ તરલીફ હતી તો બીજી પ્રૌઢ સ્ત્રીને તેનાં સંતાનો કહ્યામાં નહોતાં રહેતાં એ વાતનું દુઃખ હતું. બાપુએ બન્નેને દોરા આપ્યા. કાનમાં મંત્ર ભણ્યો ને રોજ એ મંત્રની બે માળા કરવાનું કહી સાથે ભભૂતિની એક પડીકી આપી. એ બન્ને સ્ત્રીઓએ વંદન કરી વિદાય લીધી.

હવે શિષ્ય રંગનાથજીએ પેલા યુવાનને બોલાવ્યો એટલે એ પોતાની જગ્યાએથી ઊભો થયો અને હળવા પગલે ઓઘડજી બાપુ પાસે જઈ બેઠો અને નમન કર્યું.

બાપુએ પછ્યું : ક્યા નામ હે તુમ્હારા બેટા, ઔર કહાં સે આયે હો?

પેલા યુવાને જવાબ વાળ્યો : મારું નામ વિજય છે.અને બાજુનાં ધોળાવા ગામેથી આવું છું.

'બોલો ક્યા તકલીફ હૈ' બાપુએ થોડેક ઉતાવળે પ્રશ્ન કર્યો.

જવાબમાં પેલા યુવાને આજુબાજુ નજર ઘૂમાવી કોઈ જોતું નથી ને એની ખાતરી કરી સહેજ ઉભડક થઈ પોતાના જીન્સ પેન્ટની ઝીપ ખોલી ડાબા પગનાં મૂળમાં એક મોટો સફેદ ડાઘ બાપુને બતાવ્યો.

બાપુએ તપાસીને કહ્યુંઃ 'અરે, યે તો સફેદ દાગ હૈ'

'બસ. આજ તકલીફ છે બાપુ. આનો કોઈ ઉપાય ખરો તમારી પાસે? વિજયે વિનમ્રતાથી પૂછ્યું.

' અરે બચ્ચા, હમારે પાસ હર તકલીફ કા ઈલાજ હૈ. તુ જરા ભી ચિંતા મત કર. યે લે ભભૂત ઔર લગાતે વક્ત અબ જો મંત્ર મેં તેરે કાનમેં પઢૂંગા ઉસકા ઈકકીસ બાર જપ કરના બસ, પંદરહ દિનમેં યે દાગ ચલા જાયેગા.' બાપુએ કહ્યું.

'ફક્ત પંદર દિવસમાં?' વિજયે આશ્ચર્યથી પૂછ્યુંઃ 'આ કોઢના ઈલાજ માટે મેં અત્યાર સુધી ઢગલાબંધ રૂપિયા ખર્ચી કાઢ્યા છે. દસ વરસથી હું આ રોગથી પાછળ પડ્યો છું. પરંતુ કોઈ હિસાબે મટ્યો જ નહીં અને તમે કહો છો કે પંદર જ દિવસમાં...'

' અરે ભાઈ, તુમ અભી તક જાનતે નહીં હો કે બાપુજી કીતને સમર્થ સાધુ હૈ' ... હવે શિષ્ય રંગનાથજીએ દરમિયાનગીરી કરી.

'જી બાપુજી...' કહી એણે નમન કર્યું એટલે ઓઘડજી બાપુએ તેના કાનમાં એક મંત્ર ગણગણ્યા.

' શું આપવાનું?' પ્રશ્નાર્થ નજરે તેણે ખિસ્સામાંથી પાકીટ કાઢી રંગનાથજી સામે જોયું.

' એક હજાર દે દો...' સામેથી જવાબ આવ્યો એટલે વિજયે થોડા ખચકાટ સાથે એ રકમ કાઢી ઓઘડજી બાપુના ચરણમાં મૂકી અને વિદાય લીધી.

બરાબર સોળમાં દિવસે વિજય પાછો આવ્યો. એ દિવસે પણ એ બધા લોકો વિદાય થઈ ગયા પછી ઓઘડજી બાપુ પાસે ગયો.

'ક્યું બેટા, દાગ ઠીક હો ગયા?' બાપુએ પૂછ્યું.

' નહીં બાપુ, કુછ ફર્ક નહીં પડા' આ વખતે વિજયે હિન્દીમાં જ પ્રત્યુત્તર આપ્યો.

'દિખાએ તો જરા...' બાપુએ કહ્યું એટલે વિજયે ફરીથી પેન્ટની ઝીપ ખોલી.

'કોઈ બાત નહીં બેટા, તેરા યે રોગ થોડા પુરાના હૈ તો હઠીલા હો ગયા હૈ. અબ ઐસા કર ફીર પંદરહ દિન કે લીયે ભભૂતી લે જા.'

એ દિવસે વિજયે ફરીથી ભક્તિભાવપૂર્વક નમન કર્યા અને બાપુના ચરણોમાં ફરીથી એક હજાર રૂપિયા મૂકી અને વિદાય લીધી.

એ વાતને પંદર દિવસ વિતી ગયા પરંતુ વિજય ન દેખાયો એટલે એ બાબત પછી તો બાપુ પણ વિસરી ગયા.

પરંતુ એ પછી બરાબર પાંચ દિવસ બાદ...

એ દિવસે ફરીથી ઓઘડજી બાપુએ સામે બેઠેલા વિશાળ ભાવિકવૃંદની વચ્ચે વિજયને બેઠેલો જોયો એટલે તેમને યાદ આવ્યું કે જેની કોઢની સારવાર પોતે કરી રહ્યા છે તે વ્યક્તિ આજે ફરીથી...

'ક્યા હુઆ બેટા? કુછ ફર્ક પડા કી નહીં? મોડી સાંજે બધા લોકો ગયા એટલે છેલ્લ બાપુએ વિજય પાસે બોલાવીને પૂછ્યું.

'અરે બાપુ...શું વાત કરું ફેરનું તો શું પૂછવું ડાઘ સમૂળગો જતો રહ્યો. વિજયના મોઢે એ વાત સાંભળી ઓઘડજી બાપુ આશ્ચર્યમાં પડી ગયા. પોતાની સાવ સાદી ભભૂત અને મનઘડંત મંત્રથી કોઈનો કોઢ મટે જ કઈ રીતે...?

'અહીં જુઓ...' કહી અને વિજયે પોતાનો સાથળ ખુલ્લો કરી ઓઘડજી બાપુને બતાવ્યો. ઓઘડજી બાપુને પોતાની સગી આંખ પર વિશ્વાસ ન આવતો હોય તેમ ત્યાં હાથ ફેરવીને જોયું. ડાઘ ખરેખર ગાયબ થઈ ગયો હતો. બાપુ દિગ્મૂઢ થઈ ગયા પછી તારે અહીં બેઠેલા બધા લોકો ચાલ્યા ગયા પછી મને મળવા આવવાની શી જરૂર હતી! બધાની હાજરીમાં આ વાત થઈ હોત તો પોતાનો ટી.આર. પી વધી જાત ને!

બાપુ આવું કશું બોલવા જાય એ પહેલાં તો વિજય પોતાનું મોઢું બાપુનાં કાન પાસે લઈ ગયો અને બોલ્યોઃ ' બાપુ આ ડાઘ મટ્યો ખરો, પણ તમારી મંત્ર ભભૂતને કારણે નહીં, પરંતુ ઠેઠ હિમાલયથી આવેલા એક વંદનીય સંત પૂરણબાબાના ઓસડિયાથી.

હવે ઓઘડ બાપુ માટે આ બીજો આંચકો હતો. એમના મનમાં અનેક પ્રશ્નો ઊઠ્યા. એ હજુ કશું પૂછવા જાય એ પહેલાં વિજયે વાત આગળ ચલાવી : ' તમારી ભભૂતિ અને મંત્રથી તો કાંઈ જ ફેર ન પડ્યો એટલે હું તમારી પાસે આવવાનો જ હતો, પરંતુ એ દરમિયાન મથુરા રહેતા મારા મોટા ભાઈ કે જેઓ સંન્યાસી જીવન જીવે છે એમની વિનંતીથી એમને ત્યાં પધારેલા એક અલગારી સંત પૂરણબાબાએ મને મથુરા બોલાવ્યો. તેમણે મારો કોઢ જોઈ પોતાની પાસે હતા એમાંથી કેટલાક ઓસડિયામાંથી રસ કાઢી તેમાંથી એક લેપ બનાવ્યો અને મને સાથળ પર લગાડવા કહ્યું. મેં જેવો એ લેપ ત્યાં લગાડ્યો ત્યાં તો દસ મિનિટ મને એકદમ બળતરા થઈ પણ પછી ધીમે ધીમે એ જગ્યા શીતળ થવા લાગી. એ પછી એમણે ત્યાં રૂ લગાવી પાટો બાંધી દીધો અને મને કહ્યું કે સવારે પાટો છોડી નાખજો. સવારે પાટો છોડતાંવેંત સફેદ ડાઘ સાવ ગાયબ. ત્યાં એકદમ ચામડીનાં રંગ જેવી ચામડી થઈ ગઈ.

'એમણે જે જડીબુટ્ટી વાપરી હતી તેનું કોઈ નામ કે ઠેકાણું કહ્યું હતું? અવાજમાં બને એટલી સ્વાભાવિક્તા લાવવાનો પ્રયત્ન કરતા ઓઘડજી બાપુના અવાજમાં થોડી ઉત્તેજના છલકાઈ ગઈ.

'નામ સરનામું તો નહીં બાપુ, પરંતુ એક ડબ્બામાં મને એ લેપ જ આપતા ગયા અને કહેતા ગ યા કે જે કોઈ જરૂરતમંદ વ્યક્તિ તારી પાસે આવે તેને આ લેપ લગાડી આપજે.' વિજયે જવાબ વાળ્યો અને પછી ઓઘડજી બાપુ સામે તાકી રહ્યો.

વાત સાંભળી ઓઘડજી બાપુના કાન સરવા થવા લાગ્યા. એમના મનમાં ઝડપથી કેટલાક વિચારો આવી ગયા : 'જો બેટા, તું રહ્યો કામ -ધંધાવાળો માણસ. તારી પાસે તો એવા લોકો ક્યાંથી આવે?

એક કામ કર, તું એ લેપ મને આપી દે. એના વડે હું ઘણાં દુઃખી જીવોની સેવા કરી શકીશ'

વિજયે સહેજ તીક્ષ્ણ નજર કરી બાપુ સામું જોયું અને પછી એકદમ ધીમા અવાજે બોલ્યોઃ ' જુઓ બાપુ, હું રહ્યો વેપારી માણસ. હું જ્યારે જ્યારે તમારી પાસે આવ્યો ત્યારે મેં તમને મારી સારવારનાં બદલામાં પૈસા આપ્યા હતા, બરાબર ને! હવે જો તમારે એ લેપ જોઈતો હોય તો તમારે પણ મને રૂપિયા આપવા પડે. બોલો, મારી વાત વહેવારુ છે કે નહીં?

' પહેલા મને એ લેપનો ડબ્બો તો બતાવ...' બાપુએ વેપારી ચાલ ચાલી. વિજયે પોતાની થેલીમાંથી એક ડબ્બો કાઢ્યો. બાપુએ એ ડબ્બો હાથમાં લીધો, ખાલ્યો અને લેપ સુંઘ્યો અને પછી જાણે કે તેનું વજન માપતા હોય તેમ હાથમાં રાખેલો એ ડબ્બો થોડો ઊંચોનીચો કર્યો.

'કેટલા જોઈએ છે, બોલ ...?' બાપુએ ભાવતાલ કરવાની શરૂઆત કરી.

'પચાસ હજાર' વિજયે એકદમ સ્વાભાવિક્તાથી કહ્યું પછી આગળ ધપાવ્યુંઃ 'બાપુ એ ડબ્બામાં જેટલો લેપ છે તેના ઉપયોગથી તમે ધારો તો લાખ- દોઢ લાખ તો કમાઈ જ લેશો ખરું ને?

છેવટે લાંબી રમઝકના અંતે મામલો ચાલીસ હજારમાં નક્કી થયો એટલે વિજયે એ ડબ્બો બાપુને સુપરત કરી રોકડા રૂપિયા ગણી લીધા.

વિજયના રવાના થયા બાદ અત્યાર સુધી ચૂપ બેઠેલા રંગનાથજીએ છેલ્લાં કેટલાય સમયથી પોતાના મનમાં ઘોળાતો પ્રશ્ન બાપુને પૂછી લીધોઃ 'બાપુ, એ વેપારીનો છોકરો આપણી સામે ક્યાંક છેતરપિંડી તો નહીં કરી ગયો હોય ને?

બાપુએ કહ્યું, 'અરે હોય કાંઈ, તેં જાયું નહીં કે તેના સાથળનો કોઢ કેવો મટી ગયો હતો! મારી આંખ કોઈદી છેતરાય નહીં રંગનાથ.' બરાબર એક કલાક પછી વિજય પોતાના ગામે પહોંચી સીધો જ ઘરે ગયો અને અદ્લોઅદ્લ પોતાના જેવો જ ચહેરો ધરાવતા જોડીયા ભાઈ અજયને ભેટી પડતાં કહ્યું 'ભાઈ, તારા સાથળના કોઢે આજે આપણને સારી એવી કમાણી કરાવી દીધી.' પછી કાંઈક યાદ આવતાં બોલ્યોઃ 'અરે હા, આ ચાલીસ હજારમાંથી પાંચ હજાર પૂજારી જટાશંકર ગોરને આપવાનો છે હોં, કારણ કે મૂળ આઈડિયા તો એમનો હતો ને?' ■

# મોટા પડદા પર હીલોળા લે છે ઓટમ્નલ (પાનખર)નો રોમાંસ

વિશેષ

કૈલાસ સિંહ

લેખક-નિર્દેશક વિજય મૌર્યાને ઘણીવાર પૂછવામાં આવે છે કે શું તેમની ફિલ્મ 'મસ્ત મેં રહેને કા' એવા લોકોથી પ્રેરિત છે જેને તેઓ જાણે છે? આ ફિલ્મમાં જેકી શ્રોફ અને નીના ગુપ્તા એકલતાથી પીડાતા વરિષ્ઠ નાગરિકો છે, જેમને જીવનના ત્રીજા તબક્કામાં એકબીજામાં પ્રેમ, સાથ અને મિત્રતા મળે છે. જેને ઔટમનલ (પાનખર) રોમાંસ કહેવામાં આવે છે. પ્રાચીન વૈદિક નિયમો જીવનને ૨૫-૨૫ વર્ષના ચાર તબક્કામાં વિભાજિત કરે છે. ત્રીજા તબક્કામાં, એટલે કે ૫૦ વર્ષની ઉંમર પછી જે સંબંધો વિકસિત થાય છે કે અનુભવ થાય છે, તે રોમેન્ટિક સંબંધોને આજના આધુનિક



ઇન્ટરનેટ વિશ્વમાં ઔટમનલ રોમાંસ નામ આપવામાં આવ્યું છે. આ સમયે શા માટે પાનખર રોમાંસ વધી રહ્યો છે તે એક અલગ લેખનો વિષય છે. હમણાં માટે, એટલું કહેવું પૂરતું છે કે નવીનતમ સંશોધન મુજબ, ડેટિંગ એપ્લિકેશન્સ પર ૫૦ વર્ષથી વધુ વયની વસ્તી યુવાનો કરતાં ૩૦ ટકા વધુ છે, તેમના ચેટ મેસેજની આવૃત્તિ પણ ૫૦ ટકા વધુ છે અને આ સામાજિક પરિવર્તનનો ફિલ્મો ફાયદો ઉઠાવી રહી છે.

વિજય મૌર્યા કહે છે કે, હું પાડોશના પાર્કમાં જોતો કે સિનિયર સિટિઝન જેઓ એકલા રહે છે અને તેમની સાથે વાત કરવા માટે કોઈ નથી, તેઓ એકલતા અનુભવે છે, જેના કારણે તેમને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જ્યારે તેમને કોઈ જીવનસાથી મળી જાય છે, ત્યારે તેમના જીવનમાં ખુશી પાછી આવે છે. એકલતામાં તેઓ ઘણીવાર પોતાની સાથે જ વાત કરે છે. મેં મારી માતાને આ વાર્તા કહી સંભળાવી અને તેણીને આશ્ચર્ય થયું નહીં. તેણીએ કહ્યું કે તે પોતે આનો અનુભવ કરે છે. મને સમજાયું કે વાર્તા તો પહેલેથી જ અસ્તિત્વમાં છે અને મેં ફિલ્મ બનાવી દીધી. પ્રેમ પામવા કરતાં અધિક સુંદર બીજું કંઈ નથી. આધેડ વયમાં, પ્રેમ કરતાં સાથની જરૂર હોય છે. જો કે, પાનખર રોમાંસ પર ઘણી ફિલ્મો બની છે, જગ્યાના અભાવે તે બધાનો અહીં ઉલ્લેખ કરવો શક્ય નથી, પરંતુ આ વિષયને ખરેખર ઊંડે સુધી સ્પર્શનાર કેટલાક લોકો વિશે જણાવવું જરૂરી લાગે છે. ફિલ્મ લિસન... અમાયા (૨૦૧૩)માં, લીલા (દીપ્તિ નવલ) એક યુવાન પુત્રી અમાયા (સ્વરા ભાસ્કર) ની માતા છે. તે વર્ષો પહેલા વિધવા થઈ ગઈ છે અને એક કેફે લાઈબ્રેરી ચલાવે છે, જેમાં જયંત (ફારુક શેખ) નિયમિત ગ્રાહક તરીકે આવે છે. ફોટોગ્રાફર જયંતની પુત્રી અને પત્નીનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું છે અને તે અમાયાને કોફી ટેબલ બુક તૈયાર કરવામાં મદદ કરે છે. દરમિયાન, લીલા અને જયંત પોતપોતાની એકલતાના કારણે એકબીજાને ટેકો આપતા નજીક આવી જાય છે અને જીવનને બીજી તક આપવા વિશે વિચારવાનું શરૂ કરે છે. અમાયાને જ્યારે આ સંબંધ વિશે ખબર પડે છે, ત્યારે તે તેનો વિરોધ કરે છે કારણ કે તે નથી ઈચ્છતી કે તેના પિતાનું સ્થાન કોઈ લે.



આ એવા ઘણા લોકોની વાર્તા છે જેમણે અકસ્માત, બ્રેક-અપ અથવા છૂટાછેડાને કારણે તેમના જીવનસાથીને ગુમાવી દીધા છે અને પછી જીવનની લાંબી સફર પૂર્ણ કરવાની બીજી તક મળે એવું ઈચ્છે છે. પણ આ બીજી તક ખૂબ જ મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે કારણ કે તેમાં અવરોધો છે, જે ઘણીવાર બાળકોના રૂપે તો ક્યારેક સામાજિક રૂઢિવાદના રૂપમાં સામે આવે છે. આ ઉપરાંત ઉંમરને પણ એક મુદ્દો બનાવવામાં આવે છે કે બાળકો મોટાં થઈ ગયાં છે, તમારી ઉંમરનું કંઈક તો ધ્યાન રાખો, જાણે કે સાથની જરૂર ફક્ત યુવાનીમાં જ હોય છે. 'લાઇફ ઇન અ મેટ્રો' એ એવા લોકોની વાર્તા છે જેઓ શહેરમાં રહે છે અને તેમના સંબંધો અને સમસ્યાઓ વચ્ચે સંઘર્ષ કરી રહ્યા છે, પરંતુ તેમાં ઔટમનલ રોમાંસનું પણ એક તત્ત્વ છે. અમોલ (ધર્મેન્દ્ર) ૪૦ વર્ષ પછી ભારત પરત ફરે છે, જેથી જીવનના અંતિમ વર્ષ તે તેની પ્રથમ પ્રેમ શિવાની (નફીસા અલી) સાથે ગુજારી શકે. આ ઈચ્છા એટલી મોટી છે કે સમાજની પણ કાઈ પરવાહ નથી. તેવી જ રીતે, 'ચીની કમ' એક ક્રોધી વૃદ્ધ રસોઇયા અને એક આધેડ વયની સ્ત્રી વચ્ચેની પ્રેમકથા છે જે રોમાન્સ પ્રત્યેનો આપણો દ્રષ્ટિકોણ બદલી નાખે છે. આમાં પ્રેમીઓ ન તો વૃક્ષોની આસપાસ દોડે છે અને ન તો દિલ તૂટવાનું કોઈ ગીત છે. એક પિતા તે તેની પુત્રીના પ્રેમની વિરુદ્ધ છે કારણ કે તે તેના કરતા ઘણી મોટી ઉંમરના પુરુષના પ્રેમમાં પડી છે. 'ચીની કમ'માં પિતા તેની પુત્રીના પ્રેમની વિરુદ્ધ છે, તો 'પ્યાર મેં ટિવ્સ્ટ'માં બાળકો પ્રેમના દુશ્મન છે. ઋષિ કપૂરની પત્નીનું નિધન થઈ ગયું છે અને ડિમ્પલ કાપડિયા પણ તેના પતિથી અલગ થઈ ગઈ છે. સંજોગો એવા બની જાય છે કે જીવનના એક ક્ષણે તેઓ એકબીજા સાથે ટકરાઈ છે અને આખરે પ્રેમમાં પડે છે, પરંતુ તેમનાં બાળકો તેમના એક થવાની વિરુદ્ધ છે. જોકે 'શિરીન ફરહાદ કી તો નિકાલ પડી' વાર્તા અને પટકથાની દષ્ટિએ નબળી ફિલ્મ હતી, પરંતુ તેનો પ્રયોગ સરાહનીય હતો કે આધેડ વયના બોમન ઈરાની અને ફરાહ ખાન હસતા-મજાક કરતા, પોતાના જીવનની એકલતા દૂર કરે છે અને એકબીજાને પ્રેમ કરવા લાગે છે. બોલીવૂડમાં ઉંમરના તફાવતને લઈને ઘણી ફિલ્મો બની છે, જેમ કે 'દિલ ચાહતા હૈ'માં યુવાન અક્ષય ખન્ના છૂટાછેડા લીધેલી ડિમ્પલ કાપડિયાના પ્રેમમાં પડે છે, પરંતુ આ પ્રકારના પ્રેમને યશ ચોપરાએ ૧૯૯૧માં તેમની ફિલ્મ 'લમ્હે'માં દર્શાવ્યો છે. જેને અમે તેને ૨૦૨૪ માં પણ દર્શાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છીએ. અનિલ કપૂરને તેના કરતાં મોટી ઉંમરની શ્રીદેવી સાથે પ્રેમ થઈ જાય છે, પરંતુ તેનું કોઈ પરિણામ મળતું નથી. સમય બદલાય છે અને શ્રીદેવીની દીકરી અનિલ કપૂરના પ્રેમમાં પાગલ થઈ જાય છે. ■

# એક વિદ્રોહી ગાયકને મળ્યો સંગીત કલાનિધિ એવૉર્ડ

ફોકસ

શાહિદ એ. ચૌધરી

કર્ણાટકનાં ક્લાસિકલ ગાયક ટી. એમ. કૃષ્ણાના સંગીતના આત્મામાં ખુંપી જવા તેમના રાજકીય દષ્ટિકોણથી સંમત થવાનું જરૂરી નથી. તેઓ રાહુલ ગાંધીની ' ભારત જોડો યાત્રા'નું સમર્થન કરે છે. તેઓ અનેક વાર ઈસામસીહ અને અલ્લાહને ત્યાગરાજ, દિક્ષિતર, સુબ્રમનિયમ ભારતી, ઈકબાલ બાનો અને ટાગોરને પોતાના કર્ણાટક ક્લાસિકલ કાર્યક્રમમાં સામેલ કરે છે. તેમની વિચારધારા સાથે કોઈ અસંમત ભલે હોય, પરંતુ કોઈ કૃષ્ણાની સંગીતની ગુણવત્તા પર સવાલ ન કરી શકે, જેને તેમણે જૂની પરંપરાના રૂપમાં અપનાવ્યું છે. કૃષ્ણાએ બાળપણમાં તેમની ટેલન્ટ વડે બધાને ચકિત કર્યા હતા. તેમના પ્રખર ટીકાકારો પણ તેમની કળા અને સ્કિલનો સ્વીકાર કરવા માટે લાચાર છે. આ જ રીતે રંજની-ગાયત્રીના હિન્દુત્વ એજન્ડા સાથે સંમત થવાની જરૂર નથી, પરંતુ તેમની કળાની ઊંડાઈને કોઈ નકારી ન શકે. ગાયત્રી એમ કહે છે કે બ્રાહ્મણ બધા સમુદાયોમાં સૌથી ઓછા જાતિવાદી છે અથવા તો સેક્યુલરનો અર્થ ઈસ્લામ છે. હકીકત એ છે કે બન્ને કૃષ્ણા અને રંજની-ગાયત્રી ૧૯મી શતાબ્દીના સંત ત્યાગરાજના રામભજન કીર્તનમાં ગાય છે તો શ્રોતાને અલૌકિક અનુભવ થાય છે.

સમાનતા અહીં સમાપ્ત થતી નથી. નવ વર્ષ પહેલાં ૨૦૧૫માં કૃષ્ણાએ ચેન્નીના પ્રતિષ્ઠિત ડિસેમ્બર મ્યુઝિક સિઝન (માઘ મહિનામાં મનાવાતો જલસો)માંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું. કારણ કે તેમને આ સમારોહ સમાવેશક વિચારના વિરુદ્ધ લાગ્યો જેમાં સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક અડચણો હતી. હવે રંજની-ગાયત્રી અને બીજા અનેક લોકોએ નામ પાછું લીધું કારણકે કૃષ્ણાને સંગીત કલાનિધિ એવૉર્ડથી વિભૂષિત કરાયા. કર્ણાટક ક્લાસિકલ સંગીતકારોનું એક જૂથ જેમાં બધા બ્રાહ્મણ છે તેમનું માનવું છે કે કૃષ્ણા ( જે પોતે બ્રાહ્મણ છે)એ દ્રાવિડ આંદોલનના સંસ્થાપક પેરિયારના ગુણગાન ગાઈને ત્યાગરાજ અને એમએસ સુબ્બાલક્ષ્મીનું અપમાન કર્યું છે.

કર્ણાટક સંગીતમાં સંગીત કલાનિધિ એવૉર્ડ હંમેશાં સૌથી સન્માનિત એવૉર્ડ ગણાય છે. આ એવૉર્ડ ૧૦૦ વર્ષ પહેલાં રચાયેલી સંસ્થા આપે છે. કલાકાર આ પુરસ્કારને એ ભક્તિ ભાવથી સ્વીકારે છે જે ત્યાગરાજની કૃતિ દરમિયાન બતાડવામાં આવે છે. ધ મ્યુઝિક એકેડેમીનો વિચાર ડિસેમ્બર ૧૯૨૭માં



મદ્રાસમાં આયોજિત ઓલ ઈન્ડિયા કૉંગ્રેસ સત્ર દરમિયાન ઉદભવ્યો હતો. આનો હેતુ કર્ણાટક સંગીતના માપદંડ સ્થાપિત કરવાનો હતો. તેનું ઉદ્ઘાટન ૧૯૨૮માં થયું અને ૧૯૨૯થી આ સંસ્થાએ સંગીત પર વાર્ષિક કોન્ફરન્સનું આયોજન કરવાનું શરૂ થયું. જેનાથી 'ડિસેમ્બર મ્યુઝિક ફેસ્ટિવલ ઑફ મદ્રાસ'નો જન્મ થયો જે કચેહરી સિઝનના નામથી વિખ્યાત છે. આના ફોર્મેટમાં ચેન્નઈમાં એક મહિના સુધી વિવિધ જગ્યાએ સંગતીજલસાનું આયોજન કરાય છે. આનો તર્ક એ હતો કે કોઈ પણ ભેદભાવ વગર બધાને સંગીતમાં સામેલ કરી શકાય. શું એમ થયું કે પછી જાણીબુઝીને અમુક લોકની બાદબાકી કરાય. માત્ર ૧૨ વર્ષની વયે કૃષ્ણાએ મ્યુઝિકના કાર્યક્રમોમાં પર્ફોર્મ કર્યું હતું. ત્યાર બાદ તેણે પાછળ ફરીને જોયું નથી. તેને આમાં પ્રશંસા અને એવૉર્ડ સાથે ગાળો અને આલોચના પણ મળ્યા.

કૃષ્ણાએ ૪૮ વર્ષ પહેલાં મદ્રાસમાં આ જ સંસ્કૃતિમાં જન્મ લીધો. તેમનું શિક્ષણ કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત સ્કૂલમાં થયું. શરૂઆતમાં તેમને પ્રોત્સાહન તેમના દાદાના ભાઈ ટી. ટી, કૃષ્ણાચારીથી મળ્યું જેઓ ઉદ્યોગપતિ, ભૂતપૂર્વ નાણાપ્રધાન અને એકેડેમીના સભ્ય હતા. આ વિશેષાધિકારે તેની આંખ ખોલી અને જે બ્રાહ્મણવાદી વ્યવસ્થાનો ભાગ હતી તેની સામે જ સવાલ ઉઠાવીને તેનો વિરોધ કર્યો. તેમનો ઉછેર અને શિક્ષણ તેમને આત્મમંથનના માર્ગે લઈ ગઈ. કૃષ્ણાના બીજા પુસ્તક 'એ સધર્ન મ્યુઝિક : ધ કર્ણાટક સ્ટોરી' (૨૦૧૩)માં તેમનો વિદ્રોહ એકદમ સ્પષ્ટ થઈ ગયો. તેમણે લખ્યું હતું કે '' કર્ણાટક સંગીત સંસારનું વાતાવરણ એ છે કે જેમાં ભીતરથી એક નાસ્તિક માટે કામ કરવું કઠીણ બની ગયું છે. જૂજ લોકો છે, પરંતુ તેમને માટે જાહેરમાં સામે આવવું મુશ્કેલ છે. એક અન્ય સ્થળે તેમણે કહ્યું હતું કે સંગીત તેનું રૂપ અને નિષ્ઠા મારે માટે સન્માનીય છે, પરંતુ આપણે કચેહરીમાં ફસાયા છીએ. હું કચેહરીને છોડવા તૈયાર છું, કારણકે એક સમય પછી કચેહરીએ સંગીતનો ખ્યાલ નથી રાખ્યો અને પોતાની જ કહાણીમાં ફસાઈને રહી ગઈ.

'સેબેસ્ટિયન એન્ડ સન્સ' માં કૃષ્ણાએ જાતિગત ભેદભાવ પર સવાલ ઉઠાવ્યો. ટીકાકારો અને તેમના સાથીદારો ખાસ કરીને પરંપરાવાદીઓ ભડકી ગયા. કૃષ્ણાના સવાલ અણિયાળા અને ફોર્મ અને કન્ટેન્ટથી આગળના હતા. જેનાથી મોટા પાયાઓ હચમચી ગયા. કોઈને એ વાતનું આશ્ચર્ય ન થયું કે કર્ણાટક સંગીતનો એક સમુદાય બ્રાહ્મણનો ઈજારો બની ગયો. અલબત્ત કૃષ્ણાએ આનો જાહેરમાં વિરોધ કર્યો એ બીજાથી સહન થયું નથી. આમે સુધારકોને કાંટાથી ભરેલા રસ્તા પર ચાલવું પડે છે.

કૃષ્ણાએ આ જોખમ ઉઠાવ્યું. તેમણે પ્રગતિશીલ લેખક પેરુમલ મુરુગન સાથે મળીને પેરિયારના લેખન અને પ્રાચીન ટેકસ્ટ્સને કર્ણાટક સંગીત વડે બાંધ્યા. આનાથી અમુક લોકો હેરાન થાય એ સ્વાભાવિક હતું. રંજની ગાયત્રી પૅરિયારને બ્રાહ્મણોના નરસંહારના પ્રમોટર માને છે. જોકે તેમણે પણ એક સંગીતકાર તરીકે કૃષ્ણાનો આદર કર્યો છે. કૃષ્ણા કલાકાર છે જે સ્પેક્ટ્રમની બીજી બાજુ પહોંચવામાં સફળ થઈ. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| कछुआ | આગિયો |
| गिरगिट | ખિસકોલી |
| गिलहरी | તમરું, કંસારી |
| जुगनू | કાચિંડો |
| झींगुर | કાચબો |

## ઓળખાણ પડી?



૧૯૩૩થી શરૂઆત કરી છેક ૧૯૭૧ સુધી હિન્દી ફિલ્મોમાં સાતત્યપણે વિલન અને ચરિત્ર ભૂમિકા કરનારા પડછંદ એક્ટરની ઓળખાણ પડી? તેમના દીકરાએ પણ વિલન તરીકે ખ્યાતિ મેળવી.

અ) જયરાજ બ) સજ્જન ક) જયંત ડ) અજીત

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ગ | ૨ તિ | ક્ષ | ૩ મ | | ૪ અ | ૫ નુ | ૬ સા | ર | |
| ૭ જ | લ | | ૮ રી | ૯ ત | | ૧૦ ર | ક્ષા | | ૧૧ મ |
| રા | | | ૧૨ જ | ર | ખ | | ૧૩ ત | રં | ગ |
| ૧૪ જ | ૧૫ ગ | ૧૬ ત | | ફે | | ૧૭ મ | | | દૂ |
| | ૧૮ ગ | ળ | ૧૯ પ | ણ | | ૨૦ દ | ર | ૨૧ બા | ર |
| ૨૨ જ | ન | પ | દ | | ૨૩ આ | ન | | દ | |
| ર | | દી | | ૨૪ સં | ત | | ૨૫ ક | શા | ૨૬ ક |
| ૨૭ દા | ન | | ૨૮ સં | સ્થા | પ | ૨૯ ક | | ૩૦ હ | લ |
| લુ | | | સા | | | ૩૧ ડ | ૩૨ બો | | દા |
| | ૩૩ સુ | પ | ર | ત | | ૩૪ પ | રી | ક | ર |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ૪ | | | ૫ | ૬ |
| | | | | ૭ | | | | ૮ | |
| ૯ | ૧૦ | | ૧૧ | | ૧૨ | ૧૩ | ૧૪ | | |
| ૧૫ | | | ૧૬ | ૧૭ | | ૧૮ | | | |
| | | ૧૯ | | | | | ૨૦ | | ૨૧ |
| | | | | | | ૨૨ | | | |
| | ૨૩ | | | ૨૪ | ૨૫ | | ૨૬ | ૨૭ | |
| ૨૮ | | | ૨૯ | | | ૩૦ | | ૩૧ | |
| ૩૨ | | | | | | | | | |
| ૩૩ | | | | | | ૩૪ | | | |

### આડી ચાવી

૧. અવ્યવસ્થા, હિસાબમાં ઘાલમેલ (૪-૩)
૫. ઘર (૨)
૭. સંભાળ રાખનાર (૨)
૮. જે કૈ થશે તે --- થશે (૨)
૯. વાયા, દ્વારા (૪)
૧૨. કૃષ્ણના વંશનો ----થી અંત આવ્યો (૫)
૧૫. ક્ષમતા (૨)
૧૬. હવે બહુ થયું (૨)
૧૮. ખોળો (૨)
૧૯. ખુલ્લા (૪)
૨૦. પ્રિયપાત્ર ન મળવાથી થતો શોક (૩)
૨૨. વળતરની ભાવના વગર કરેલું કામ (૨)
૨૩. ગટર, મોરી (૨)
૨૪. બેસતા વર્ષના દિવસે વંચાય (૨)
૨૬. --- માં ભલભલા વિદ્યાર્થી અટવાય (૩)
૨૮. ચક્કર, ફરીથી (૨)
૨૯. આકસ્મિક, અણધાર્યું (૪)
૩૧. રંગ, શરીર (૨)
૩૨. અવાજ (૨)
૩૩. વણજારાની પત્ની (૫)
૩૪. શરીરનો દુખાવો (૪)

### ઊભી ચાવી

૧. બટાટાવડાં તો --- જ ખવાય (૬)
૨. ગરમીમાં ઠંડક આપે (૩)
૩. બીચ માટે પ્રખ્યાત ભારતનું રાજ્ય (૨)
૪. --- નિર્ધન કાકે (૩)
૫. ગૃહને સ્થિરતા આપનાર (૩)
૬. મહેલ જેવું ઘર (૩)
૧૦. છુટ્ટી (૨)
૧૧. દોડ, ઘોડાની દોડનો પગરવ (૪)
૧૩. વિશ્વાસઘાત (૨)
૧૪. ચર્ચા (૨,૩)
૧૭. એક અને પા (૨)
૨૧. વાતાવરણ (૪)
૨૩. ખારવાની પત્ની (૪)
૨૪. --- બોલું એટલે સત્ય કહેનાર (૨)
૨૫. રાતની ચોકી માટે ફરવું તે (૨)
૨૭. સાત વાગીને પંદર મિનિટ (૪)
૨૮. 'ફેરવવું'નું આજ્ઞાર્થ (૩)
૨૯. પ્રભાવ, છાપ (૩)
૩૦. હળવી પીડા (૩)

## ગુજરાત મોરી મોરી રે

'ઢીંગલી ઘર' સહિત અનેક નાટકો તેમજ હિન્દી ફિલ્મોમાં ચરિત્ર અભિનેત્રી તરીકે અનેરી ઊંચાઈ પ્રાપ્ત કરનારાં દીના પાઠકની પહેલી ગુજરાતી ફિલ્મનું નામ જણાવો.

અ) રાણકદેવી બ) વેવિશાળ
ક) કરિયાવર ડ) કહ્યાગરો કંથ

## જાણવા જેવું

૧૯૯૦માં સહાયક અભિનેત્રીનો ફિલ્મફેર એવોર્ડ આપવા માટે ગુલઝારસાબને સ્ટેજ પર બોલાવવામાં આવ્યા હતા. એન્વલપ ખોલી નામ વાંચી તેઓ હસ્યા અને બોલ્યા કે 'આ નામ મારે જરા જુદી રીતે બોલવું પડશે.' અને પછી બોલ્યા કે 'અજી સુનતી હો?' સ્ટેજ પર તેમના પત્ની રાખીની એન્ટ્રી થઈ અને અભિનેત્રીને 'રામ લખન' માટે એવોર્ડ એનાયત થયો.

## સુડોકુ-૫૦૭૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | ૮ | | | |
| ૮ | ૬ | ૪ | | | | ૯ | ૨ | ૩ |
| ૨ | | | | | | | | ૫ |
| ૧ | ૩ | | ૯ | | ૫ | | ૪ | ૨ |
| | | | | ૬ | | | | |
| ૪ | ૯ | | ૩ | | ૨ | | ૭ | ૬ |
| ૬ | | | | | | | | ૮ |
| ૯ | ૨ | ૧ | | | | ૫ | ૩ | ૭ |
| | | | ૨ | | ૧ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૫૦૭૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | ૪ | ૯ | ૨ | ૮ | ૭ | ૩ | ૧ |
| ૧ | ૮ | ૭ | ૩ | ૪ | ૬ | ૫ | ૨ | ૯ |
| ૨ | ૩ | ૯ | ૫ | ૧ | ૭ | ૮ | ૪ | ૬ |
| ૫ | ૪ | ૩ | ૬ | ૮ | ૯ | ૧ | ૭ | ૨ |
| ૭ | ૧ | ૮ | ૪ | ૩ | ૨ | ૬ | ૯ | ૫ |
| ૯ | ૬ | ૨ | ૭ | ૫ | ૧ | ૩ | ૮ | ૪ |
| ૩ | ૯ | ૧ | ૨ | ૭ | ૫ | ૪ | ૬ | ૮ |
| ૮ | ૭ | ૬ | ૧ | ૯ | ૪ | ૨ | ૫ | ૩ |
| ૪ | ૨ | ૫ | ૮ | ૬ | ૩ | ૯ | ૧ | ૭ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

રાજેશ ખન્ના અને હેમા માલિનીએ કેટલીક ફિલ્મમાં સાથે કામ કર્યું છે. આ બંને કલાકાર સૌપ્રથમ વાર રૂપેરી પડદા પર કઈ ફિલ્મમાં જોવા મળ્યા હતા એ કહી શકશો?

અ) પ્રેમ નગર બ) કુદરત ક) રાજપૂત ડ) અંદાઝ

## નોંધી રાખો

સૌપ્રથમ ફિલ્મફેર એવોર્ડ ૧૯૫૩ની ફિલ્મો માટે જાહેર થયા એમાં નૌશાદ સાબને પણ એવોર્ડ મળ્યો હતો. ત્યારબાદ ચાર વખત નોમિનેટ થયા હતા, પણ એકેય વાર સન્માનિત નહોતા થયા.

## માઈન્ડ ગેમ

નાના બજેટની ફિલ્મના કલાકાર તરીકે શરૂઆતમાં ઓળખ મેળવનારા અફલાતૂન અભિનેતા રાજકુમાર રાવની ફિલ્મ આપેલા વિકલ્પમાંથી શોધી શકશો?

અ) બધાઈ હો બ) વિકી ડોનર
ક) બરેલી કી બરફી ડ) ભેજા ફ્રાય

## ગયા શુક્રવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| पनपना | ઊછરવું |
| उकसाना | ઉશ્કેરવું |
| उमेटना | આમળવું |
| छाँटना | અલગ પાડવું |
| रौंदना | કચડવું |

ઓળખાણ પડી?
નીલમ કોઠારી

માઈન્ડ ગેમ
દિલ સે

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
મુસાફીર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) શ્રદ્ધા આશર (૪) તાહેર ઔરંગાબાદવાલા (૫) શીરીન ઔરંગાબાદવાલા (૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૭) ડૉ. પ્રકાશ કટકિયા (૮) ભારતી પ્રકાશ કટકિયા (૯) ખુશરૂ કાપડિયા (૧૦) જયશ્રી બુચ (૧૧) મહેન્દ્ર લોઢાવીય (૧૨) વિભા મહેશ્વરી (૧૩) નીતા દેસાઈ (૧૪) મહેશ સંઘવી (૧૫) લડજીતા ખોના (૧૬) પુષ્પા પટેલ (૧૭) મહેશ સંઘવી (૧૮) હર્ષા મહેતા (૧૯) હર્ષા મહેતા (૨૦) જ્યોતી ખાંડવાલા (૨૧) નિખીલ બંગાળી (૨૨) અમીષી બંગાળી (૨૩) મીનળ કાપડિયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) સુરેખા દેસાઈ (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) કલ્પના આશર (૨૯) મહેશ દોશી (૩૦) અરવિંદ કામદાર (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) અંજુ ટોલીયા (૩૩) નિતીન જે. બજેરીયા (૩૪) અલકા વાણી (૩૫) સુભાષ મોમાયા (૩૬) પ્રતીમા પામાની (૩૭) શિલ્પા શ્રોફ (૩૮) પુષ્પા ખોના (૩૯) પ્રવીણ વોરા (૪૦) રસીક જુઠાણી (ટોરન્ટો- કેનેડા) (૪૧) રજનીકાંત પટવા (૪૨) સુનીત પટવા (૪૩) ભાવના કર્વે (૪૪) જ્યોત્સના ગાંધી (૪૫) ઈનાક્ષી દલાલ (૪૬) રમેશભાઈ દલાલ (૪૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૮) શિલ્પા શ્રોફ (૪૯) નયના ગિરીશ મિસ્ત્રી (૫૦) જયવંત પદમશી ચિખલ (૫૧) તૃપ્તી આશર

# સિટી ન્યૂઝ

## મુંબઈના બીચ પર ૧૨૦ સુરક્ષા જવાનઃ વીકએન્ડ અને હાઈટાઈડમાં વિશેષ રૂપે તહેનાત

મુંબઈઃ મોન્સૂન દરમિયાન સમુદ્રમાં ડૂબવાને કારણે થતાં મોતને રોકવા માટે પાલિકા મુંબઈના છ મુખ્ય બીચ પર ૧૨૦ સિક્યોરિટી ગાર્ડ તહેનાત કરશે. આ ગાર્ડ શનિવાર-રવિવાર, હાઈટાઈડ અને સાર્વજનિક રજાના દિવસોમાં બીચ પર તહેનાત રહેશે. ગાર્ડ ગિરગાંવ ચોપાટી, દાદર, જુહૂ, વર્સોવા, અક્સા અને ગોરાઈ ખાતે ૨૦-૨૦ની સંખ્યામાં તહેનાત રહેશે,

પાલિકાના એક અધિકારીના જણાવ્યા અનુસાર આ સિક્યોરિટી ગાર્ડ લોકોને ઊંડા સમુદ્રમાં જવા, સમુદ્રકિનારાના જોખમી વિસ્તારમાં જવા, પાણીમાં સેલ્ફી લેવાથી રોકવાનું કામ કરશે. ગાર્ડ સવારે ૮ વાગ્યાથી રાતના ૧૦ વાગ્યા સુધી સુરક્ષાની ફરજ નિભાવશે. આવું પહેલી વાર થશે જ્યારે સમુદ્રકિનારો પર સિક્યોરિટી ગાર્ડ તહેનાત કરવામાં આવશે. અત્યાર સુધી ગણપતિવિસર્જનના સમયમાં જ સિક્યોરિટી ગાર્ડને તહેનાત કરાવવામાં આવતા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે મોન્સૂન દરમિયાન પાલિકા સમુદ્રકિનારો પર ૧-૧ ફાયર એન્જિન, એમ્બ્યુલન્સને પણ તહેનાત કરશે. ■

### મોન્સૂનમાં ૧૦૪ લાઈફગાર્ડ બચાવશે લોકોના જીવ

મુંબઈમાં અંદાજે ૧૭૦ લાંબો સમુદ્રકિનારો છે. અહીં મોન્સૂનમાં કોઇ પણ પ્રકારના અકસ્માતને બચાવવા માટે સમુદ્રકિનારાઓ પર ૧૦૪ લાઈફ ગાર્ડ તહેનાત કરવામાં આવશે. ગયા વર્ષે ૬ સમુદ્રકિનારો પર ૯૩ લાઈફગાર્ડ તહેનાત કરવામાં આવ્યા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે ગિરગાંવમાં ૧૫, દાદરમાં ૧૪, જુહૂમાં ૨૨, વર્સોવા ખાતે ૧૫, અક્સા ખાતે ૧૬ અને ૨૦ લાઈફગાર્ડ તહેનાત કરવામાં આવશે.

## પ્રેમિકાએ પૈસા માગ્યા એટલે આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાનું કારણ નથીઃ હાઈ કોર્ટ

### પોલીસે પ્રેમીએ કરેલી આત્મહત્યા અંગે પ્રેમિકા પર નોંધેલા ગુનાને રદ કર્યો

મુંબઈઃ પ્રેમિકાએ પૈસા માગ્યા એનો અર્થ એ નથી થતો કે એ આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાનું કારણ બની શકે, એવો ચુકાદો હાઈ કોર્ટે આપ્યો છે. આ ચુકાદો આપીને કોર્ટે એક પ્રેમિકા વિરુદ્ધ નોંધાયેલા આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવા અંગેના ગુનાને રદ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રેમીને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવામાં આવ્યો હોવાનો ગુનો પ્રેમિકા પર નોંધાયો હતો.

ન્યાયાધીશ પ્રકાશ નાઈક અને ન્યાયાધીશ એન.આર. બોરકરની ખંડપીઠે આ ગુનાને રદ કર્યો હતો. નવઘર પોલીસ સ્ટેશનમાં ૨૦૨૨માં આ ગુનો નોંધવામાં આવ્યો હતો. પીડિતના ભાઈએ આ ગુનો નોંધાવ્યો હતો. આ ગુનો રદ થાય એ માટે પ્રેમિકાએ અરજી કરી હતી. હાઈ કોર્ટે પ્રેમિકાની અરજીને મંજૂર કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રેમિકાએ રોજબરોજના અને કરિયાણા માટે પ્રેમી પાસેથી પૈસા માગ્યા હતા. જોકે પીડિત પાસે આત્મહત્યા કરવા સિવાય કોઇ વિકલ્પ બચ્યો નહોતો, એવું વર્તન પ્રેમિકા દ્વારા કરવામાં આવતું હતું એવું સિદ્ધ કરવું જરૂરી છે. આ અંગે પ્રેમિકાએ એવો દાવો કર્યો હતો કે મેં પૈસા માગ્યા હોવાને કારણે મારા પ્રેમીએ આત્મહત્યા કરી હોવાનો આરોપ છે. આત્મહત્યા કરવા માટે પ્રવૃત્ત કરવામાં આવ્યો હોવાનું આ કારણ પૂરતું નથી. સૂઈસાઈડ નોટ અને વોઈસ એસએમએસમાં તફાવત છે. મેં છેલ્લો દિવસ ઘટનાના ૧૫ દિવસ અગાઉ કર્યો હતો. પૈસાની માગ અને આત્મહત્યાને કોઇ સંબંધ નથી, એવો દાવો પ્રેમિકાએ કર્યો હતો. આ બધાને આધારે પ્રેમિકાએ પ્રેમીને આત્મહત્યા કરવા માટે પ્રવૃત્ત કર્યો હોવાના કોઇ નક્કર પુરાવા પોલીસ પાસે ન હોવાનું જણાવીને કોર્ટે પ્રેમિકા વિરુદ્ધ માંડવામાં આવેલા ખટલાને રદ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રેમીએ ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. એક છોકરી મારા ભાઈ પાસે વારંવાર પૈસા માગતી હતી અને તેને ધમકી પણ આપતી હતી, એવો આરોપ ભાઈએ કર્યો હતો. પોલીસે પ્રેમિકા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આત્મહત્યા કરનાર પ્રેમીએ એક વોઈસ એસએમએસ મોકલાવ્યો હતો. પોલીસે આ વોઈસ મેસેજ અને સૂઈસાઈડ નોટને આધારે પ્રેમિકા વિરુદ્ધ આરોપનામું ઘડ્યું હતું. આની સામે પ્રેમિકાએ અરજી કરી હતી. ■

## મુંબઈ મહાપાલિકાની ફિક્સ્ડ ડિપોઝિટ પર કોની છે નજર?

### ચાર હજાર કરોડ રૂપિયાની એફડીમાં થયો ઘટાડો

મુંબઈઃ રાજ્યમાં મનમાની કરતી સરકારના ઈશારા પર ચાલતી મુંબઈ મહાપાલિકાના કારભાર ઊડીને આંખે વળગી રહ્યો છે. પાલિકાનું ભવિષ્ય સુરક્ષિત કરનારી ફિક્સ્ડ ડિપોઝિટ ઘટીને રૂ. ૮૨ હજાર કરોડ પર પહોંચી ગઇ છે. આ પહેલાં ગયા વર્ષે પણ પાલિકાની ફિક્સ્ડ ડિપોઝિટ ૬ હજાર કરોડ ઘટીને રૂ. ૯૨ હજાર કરોડ પરથી રૂ. ૮૬ હજાર કરોડ થઇ ગઇ હતી. આ ડિપોઝિટ આવી જ રીતે ઘટતી રહેશે તો એક સમય એવો આવશે કે શહેરનાં વિકાસનાં કામો, કર્મચારીઓને આપવામાં આવતા પૈસા અને પગાર પાલિકા પાસે બચશે કે કેમ, એવો સવાલ રજૂ કરવામાં આવ્યો હતો.

મુંબઈ પાલિકામાં ચૂંટાઈને આવેલા નગરસેવકોની મુદત ૭મી માર્ચ, ૨૦૨૨માં પૂરી થયા બાદ પાલિકાનો કારભાર પાલિકા કમિશનર તથા પ્રશાસનના માધ્યમથી કરવામાં આવી રહ્યો છે. જોકે રાજ્યમાં મહાવિકાસ આઘાડીની આવ્યા બાદ પાલિકાના કારભારમાં રાજ્ય સરકારની દરમિયાનગીરી વધી ગઇ છે. આમાં પાલિકાની 'સુરક્ષિત ભવિષ્ય' ફિક્સ્ડ ડિપોઝિટ પર મનમાની કરતી સરકારનો ડોળો હોવાને કારણે ડિપોઝિટનો ઉપયોગ બેસુમાર વધી ગયો છે. મુંબઈ પાલિકાનો ઉપયોગ કરવા પર ખુદ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આને કારણે ફિક્સ્ડ ડિપોઝિટ છેલ્લાં બે વર્ષથી તાત્કાલિક ઘટી રહી છે જે ગંભીર વાત હોવાનું કહેવાઈ રહ્યું છે. ■

## ગેરકાયદે ફેરિયાઓ ફૂટપાથ - રસ્તા પર અડ્ડો જમાવી ન શકેઃ હાઈ કોર્ટ

### મહાનગરપાલિકાને વૈકલ્પિક વ્યવસ્થા વિચારવાનું સૂચન

મુંબઈઃ ગેરકાયદે ફેરિયાઓ મુંબઈની ફૂટપાથો કે જાહેર માર્ગો પર કાયમી ધોરણે કબજો ન લઈ શકે એમ બોમ્બે હાઈ કોર્ટે જણાવ્યું છે. મહાનગરપાલિકાએ મોબાઈલ વેન્ડિંગ પદ્ધતિ કે પોપ અપ માર્કેટ (હંગામી ધોરણે ચાલતી દુકાન) જેવી વ્યવસ્થા વિશે વિચારવું જોઈએ એવું સૂચન પણ અદાલત દ્વારા કરવામાં આવ્યું હતું. ન્યાયમૂર્તિ ગૌતમ પટેલ અને ન્યાયમૂર્તિ કમલ ખાતાની ખંડપીઠે ૧૬ એપ્રિલે આપેલા આદેશમાં જણાવ્યું હતું કે કોઈ વ્યક્તિના બંધારણીય હકનો એ અર્થ નથી થતો કે રાહદારીઓની સલામત આવનજાવન માટેની ફૂટપાથ પર ખોટી રીતે કબજો જમાવી લેવો. આ ચુકાદાની નકલ ગુરુવારે ઉપલબ્ધ થઈ હતી. શહેરને સતાવી રહેલા ગેરકાયદે ફેરિયાની સમસ્યાની નોંધ અદાલતે જાતે લીધી હતી.

'આ શહેરના જાહેર માર્ગ તેમજ ફૂટપાથો પર ગેરકાયદે ફેરિયાઓને અતિક્રમણ કરવા દેવાય નહીં' એમ જણાવી અદાલતે ઉમેર્યું હતું કે 'એનાથી બંધારણની ૧૪મી કલમ અને ૨૧મી કલમમાં વિસંવાદિતા નિર્માણ થાય છે. લાયસન્સ નહીં ધરાવતો ફેરિયો જાહેર માર્ગ પર કાયમી સ્વરૂપે કબજો જમાવે એ અસ્વીકાર્ય છે. એને કારણે રાહદારીઓ અને કરદાતાઓના બંધારણીય હકને અસર પડે છે.' આ મામલે વધુ સુનાવણી ૨૪ જૂન પછી આગળ ચાલશે એમ અદાલતે નોંધ્યું છે અને કહ્યું કે હાઇ કોર્ટ દ્વારા કરવામાં આવેલા સૂચનો અંગે પાલિકા કમિશનરે વિચાર કરવો જોઈએ.

## ભર ગરમીમાં સ્ટેશનો પર 'રેલ નીર' પાણીની બોટલના ધાંધિયા

મુંબઈઃ ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે એ વાતાવરણમાં 'રેલ નીર' તરીકે ઓળખાતી પીવાના પાણીની બોટલનો પુરવઠો બંધ કરવામાં આવ્યો હોવા વિશે રેલવે કેટરરોએ આઈઆરસીટીસી (ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટૂરિઝમ કોર્પોરેશન) વિરુદ્ધ ફરિયાદ કરી છે. સખત ગરમી પડી રહી છે ત્યારે પહેલી મે સુધી આઈઆરસીટીસી દ્વારા 'રેલ નીર' પાણી બોટલનો પુરવઠો અટકાવી દેવામાં આવતા વેસ્ટર્ન રેલવે કેટરર્સ એસોસિયેશને સ્ટોલ તેમજ સ્ટેશન વિસ્તારમાં રેલ નીરની મોનોપોલી બંધ કરવા આગ્રહભરી વિનંતી કરી છે. આઇઆરસીટીસીએ પુરવઠો અટકાવી દેતા મધ્ય રેલવેમાં દાદર પછી એલટીટી અને પુણેને બાદ કરતાં ક્યાંય 'રેલ નીર'ની બોટલ નહીં મળે. આ સિવાય પનવેલ બાદ કરતા હાર્બર લાઈનના એક પણ સ્ટેશન પર તેમજ પશ્ચિમ રેલવેમાં બાન્દ્રા ટર્મિનસથી સુરત સુધી આ પાણીની બોટલ નહીં મળે. પાણીની બોટલના પુરવઠામાં વારંવાર સમસ્યા થતી હોવાથી વેસ્ટર્ન રેલવે કેટરર્સ એસોસિયેશને 'રેલ નીર'ની મોનોપોલી ખતમ કરવા જણાવ્યું છે. ■

## પાર્કિંગ વિશે માહિતી આપવી ડેવલપર માટે બંધનકારકઃ મહારેરાનો નવો આદેશ

મુંબઈઃ મહારાષ્ટ્ર રિયલ એસ્ટેટ ઓથોરિટી (મહારેરા)એ ડેવલપર માટે હવેથી કોન્ટ્રાક્ટમાં પાર્કિંગની સંપૂર્ણ વિગતો આપવી ફરજિયાત કરી છે. પાર્કિંગ અંગે અસંખ્ય ફરિયાદો મળ્યા બાદ મહારેરાએ આ નિર્ણય લીધો છે. બિલ્ડિંગના બીમને કારણે ડેવલપર્સ પાસેથી ખરીદવામાં આવેલા મિકેનિકલ, આચ્છાદિત અને ગેરેજ પાર્કિંગમાં વાહન પાર્ક નથી કરી શકાતા તેમજ પાર્કિંગની જગ્યા નાની હોવાથી વાહન ઊભા રાખવામાં સમસ્યા નડે છે જેવી અનેક ફરિયાદો મહારેરા પાસે આવી છે. મહારેરાએ એની ગંભીર નોંધ લીધી છે અને ભવિષ્યમાં ફ્લેટ ખરીદનારાઓએ આવી સમસ્યાનો સામનો ન કરવો પડે એ માટે ફ્લેટના રજિસ્ટ્રેશન વખતે જ આપવામાં આવનારા એલોટમેન્ટ લેટરમાં તેમજ વેચાણ એગ્રીમેન્ટમાં પાર્કિંગ અંગેની સર્વ વિગતો ઉમેરવાનું ફરજિયાત બનાવ્યું છે. આ એનેકસ્ચરમાં (સાથે જોડેલા કાગળમાં) જ્યાં પાર્કિંગ આપવામાં આવશે તે નંબર, સાઈઝ, હાઈટ, પાર્કિંગની પહોળાઈ, બિલ્ડિંગમાં પાર્કિંગની જગ્યાનો ઉલ્લેખ કરવાનો રહેશે. એમાં કોઈ ભૂલ ન થાય એ માટે મહારેરાએ આ એનેકસ્ચરનો આદર્શ ડ્રાફ્ટ પણ તૈયાર કર્યો છે. ■

## ખાનગી હૉસ્પિટલમાં ૨૭ અઠવાડિયાનો ગર્ભપાત કરાવવા મંજૂરી

મુંબઈઃ ૨૭ અઠવાડિયાના ભ્રૂણમાં જન્મજાત શારીરિક વિકૃતિઓ હોવાથી બોમ્બે હાઈ કોર્ટે ૨૭ અઠવાડિયાની ગર્ભાવસ્થા સમાપ્ત કરી દેવાની મહિલાને મંજૂરી આપી છે. નિશ્ચિત ગર્ભાવસ્થા સમાપ્ત કરવાની સગવડ રાજ્ય સરકાર સંચાલિત હોસ્પિટલમાં ન હોવાને કારણે પ્રાઇવેટ હૉસ્પિટલમાં ગર્ભપાત કરાવવાની અનુમતિ આપવામાં આવી છે. મહિલાનું પરીક્ષણ કર્યા પછી રાજ્ય સરકાર સંચાલિત જે જે હૉસ્પિટલના મેડિકલ બોર્ડ દ્વારા ગર્ભપાત કરવાની પરવાનગી આપવામાં આવી હતી. બોર્ડે તેના અહેવાલમાં અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે જો ગર્ભાવસ્થા સમાપ્ત કરવાની પ્રક્રિયા દરમિયાન બાળક જીવતું જન્મશે તો તેને નિયોનેટલ - નવજાત શિશુ માટેના ઈન્ટેન્સિવ કેર યુનિટમાં દાખલ કરવામાં આવશે. મહિલાએ તેની અરજીમાં પોતાની પસંદગીની હૉસ્પિટલમાં ગર્ભપાતની પરવાનગી માગી હતી. મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી એક્ટમાં તાજેતરમાં કરવામાં આવેલા સુધારા અનુસાર જો ગંભીર શારીરિક વિકૃતિ હોય તો રાજ્ય સરકારે નિયુક્ત કરેલા મેડિકલ બોર્ડની પરવાનગી મેળવ્યા બાદ ૨૪ અઠવાડિયા પછી પણ ગર્ભપાત કરાવવાની મંજૂરી આપવામાં આવે છે. આ પ્રકારના ગર્ભપાત સામાન્ય સંજોગોમાં સરકારી હૉસ્પિટલોમાં જ કરવામાં આવે છે. (પીટીઆઈ) ■

# એકનાથ શિંદેની મહારાષ્ટ્ર માટે કાશ્મીરમાં જંગ

## કાશ્મીરમાં મહારાષ્ટ્ર ભવન બનાવવા મક્કમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને ૩૫(એ) હટાવીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે કાશ્મીરમાં વિકાસના દ્વાર ખોલ્યા છે અને મહારાષ્ટ્ર પણ કાશ્મીરમાં પોતાની છાપ છોડવા(અથવા હાજરી પુરાવવા) માટે તત્પર છે. એ માટે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની સરકારે કાશ્મીરમાં મહારાષ્ટ્ર ભવન બનાવવાનો નિર્ણય લીધો છે અને એ માટે જમીનની ખરીદી પણ કરી લેવામાં આવી

(જુઓ પાનું ૪) ▸▸

### મોદીના વિકાસકાર્યો હિમાલય, કૉંગ્રેસના કાર્યો ટેકરી જેવા

## ઉદ્ધવ રંગ બદલનારા કાચિંડા: શિંદે

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ છત્રપતિ સંભાજીનગર ખાતે મહાયુતિના ઉમેદવાર માટે પ્રચાર કરતી વખતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ખૂબ વખાણ કર્યા હતા, જ્યારે ઉદ્ધવ ઠાકરે ઉપર ટીકાસ્ત્રો છોડી તેમને રંગ બદલનારા કાચિંડા સમાન ગણાવ્યા હતા.

શિવસેનાના ઉમેદવાર સાંદિપન ભુમરે માટે પ્રચાર કરતી વખતે શિંદેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલા વિકાસકાર્યોની હિમાલયની ઊંચાઇ સમાન

(જુઓ પાનું ૪) ▸▸

### સુપ્રીમ કોર્ટના ફેંસલાથી રાજ્યનાં અનેક શહેરોને થશે અસર

# ...તો ઘરમાલિકો ભાડૂઆતોને બહાર કાઢી મૂકશે?

મુંબઈ: મુંબઈ સહિત રાજ્યમાં પાઘડી સિસ્ટમ પર રહેતા ભાડૂઆતો અને ઘરમાલિકો વચ્ચે થઇ રહેલો અણબનાવ વધી શકે છે. સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલા મામલામાં ફેંસલો ઘરમાલિકના પક્ષમાં જવાની શક્યતા હોવાથી ભાડૂઆતોએ રાજ્ય સરકારનો આશરો લીધો છે. જો ઘરમાલિકોના પક્ષમાં ફેંસલો આવશે તો તેઓ ભાડૂઆતોને ઘરવિહોણા કરી દેશે. આ માટે ભાડૂઆતોએ સરકારને વિનંતી કરી છે કે આ કેસમાં ભાડૂઆતોના પક્ષને મજબૂત રીતે રાખવાની પહેલ કરે. ભાડૂઆત આંદોલનમાં સક્રિય રહે એવી અપીલ કરવામાં આવી છે. જો એમ નહીં થાય તો રાજ્યનાં અનેક શહેરોને આની અસર થશે.

વર્તમાન લીવ એન્ડ લાઈસન્સ વ્યવસ્થા પાઘડી સિસ્ટમથી ઘણી અલગ છે. કેમ કે પાઘડીના ભાડૂઆતો પાસે અનિવાર્ય રૂપે માલિકી હક છે. એ દિવસોમાં સુપ્રીમ કોર્ટમાં યોગ્ય રીતે પ્રતિનિધિત્વ કરવામાં નહોતું આવ્યું, એવું પાઘડીમાં રહેતા લોકો માટેનું પ્રતિનિધિત્વ કરતા સામાજિક કાર્યકરે જણાવ્યું

(જુઓ પાનું ૪) ▸▸

### શું છે મામલો

મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ સોસાયટી અધિનિયમ ૧૯૬૨ પહેલાં મુંબઈના રહેવાસીઓ પાસે સંયુક્ત રૂપે જમીનનો એક ભાગ રાખવા અને તેના પર પોતાનું ઘર બનાવવાનો વિકલ્પ નહોતો. લોકો માલિકને રોકડ રકમ (પાઘડી) આપીને ઘરની ખરીદી કરતા હતા અને ભાડું આપીને ઘરમાં રહેતા હતા. જો ભાડૂઆત બજારભાવથી ઘર વેચે તો એમાંથી માલિકને તેને ૩૦થી ૪૦ ટકા સુધીની રકમ આપવી પડે છે. ૧૯૦૦ બાદ મુંબઈમાં પ્રોપર્ટીની કિંમત વધવા લાગી ત્યારે મકાનમાલિકોને પોતાનો ગરાસ લૂંટાતો હોવાનું જણાતાં તેઓએ સુપ્રીમ કોર્ટનાં દ્વાર ખટખટાવ્યાં. મામલાની સુનાવણી માટે ૨૦મી ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ સુપ્રીમ કોર્ટની ૯ જજની બેંચની રચના કરવામાં આવી હતી. ■

### સલમાન ખાન ફાયરિંગ કેસ

# શૂટરોને ૪૦ કારતૂસ આપવામાં આવી હતી

## શૂટરો ત્રણ મોબાઈલની મદદથી સૂત્રધારના સંપર્કમાં હતા, જેમાંથી એક મોબાઈલ હસ્તગત કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બોલીવૂડના સુપરસ્ટાર સલમાન ખાનના નિવાસસ્થાન બહાર ગોળીબાર કરવાના કેસની તપાસમાં પોલીસને કેટલીક ચોંકાવનારી માહિતી મળી રહી છે. ગોળીબાર કરનારા શૂટરોને ૪૦ કારતૂસ પૂરી પાડવામાં આવી હતી અને ધાક ઊભી કરવા માટે વધુમાં વધુ રાઉન્ડ ફાયર કરવાની સૂચના આપવામાં આવી હતી. ગોળીબાર પહેલાં અને પછી શૂટરો ત્રણ મોબાઈલ ફોનની મદદથી તેમના સૂત્રધારોના સંપર્કમાં હતા, જેમાંથી એક મોબાઈલ પોલીસને મળી આવ્યો હતો.

સલમાન ખાનના નિવાસસ્થાન બહાર ૧૪ એપ્રિલની વહેલી સવારે પાંચ વાગ્યાની આસપાસ ગોળીબાર કરી બે શૂટર બાઈક પર ફરાર થઈ ગયા હતા. આ કેસમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના યુનિટ-૯ના અધિકારીઓએ ગુજરાતના ભુજ ખાતેથી બે આરોપી વિકી કુમાર ગુપ્તા (૨૫) અને સાગર કુમાર પાલ (૨૧)ને પકડી પાડ્યા હતા. ભુજના માતાનો મઢ મંદિરમાં સંતાયેલા બન્ને આરોપીની ૧૬ એપ્રિલે કચ્છ પોલીસની મદદથી ધરપકડ કરાઈ હતી.

ગુપ્તા અને પાલને કોર્ટે ૨૫

(જુઓ પાનું ૪) ▸▸

### શૂટરો સુધી પિસ્તોલ અને કારતૂસો પહોંચાડનારા બે પંજાબમાંથી ઝડપાયા

મુંબઈ: અભિનેતા સલમાન ખાનના નિવાસસ્થાન બહાર ગોળીબાર કરનારા બન્ને શૂટરો સુધી પિસ્તોલ અને કારતૂસો પહોંચાડનારા બે શકમંદને પંજાબમાં પકડી પાડવામાં આવ્યા હતા. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઉત્તર પંજાબથી પકડી પાડેલા બન્ને આરોપીની ઓળખ સુભાષ ચાંદેર (૩૭) અને અનુજ થાપન (૩૨) તરીકે થઈ હતી. બન્નેને મુંબઈ લાવવામાં આવ્યા પછી શુક્રવારે કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવશે, એમ વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસ તપાસમાં જણાયું હતું કે બન્ને શૂટર સાગર પાલ અને વિકી ગુપ્તા નવી મુંબઈના પનવેલ ખાતે ભાડેની રૂમમાં રહ્યા હતા. ૧૫ માર્ચે ચાંદેર અને થાપન શૂટરોને મળવા

(જુઓ પાનું ૪) ▸▸

### કોસ્ટલ રોડ અને સી-લિંકને જોડવાના શ્રીગણેશ

# ‘બૉ આર્ચ સ્ટ્રિંગ ગર્ડર’ પ્રોજેક્ટ સાઈટ પર ૧૬ કલાકે પહોંચ્યો


બીજો ગર્ડર મે અંતમાં લોન્ચ થશે

(અમય ખરડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા કોસ્ટલ રોડ સાથે બાન્દ્રા-વરલી સી-લિંકને જોડતા ૨,૦૦૦ ટનના પહેલા ‘બૉ આર્ચ સ્ટ્રિંગ ગર્ડર’થી જોડવાનું કામ શુક્રવારે વહેલી સવારે હાથ ધરવાની હોવાની જાહેરાત કરી હતી. ગુરુવારે વહેલી સવારે ૨,૦૦૦ મેટ્રિક ટનનો ‘બો આર્ચ સ્ટ્રિંગ ગર્ડર’ મુંબઈ કોસ્ટલ રોડની વરલી સાઈટ પર પહોંચ્યો હતો. ૧૩૬ મીટર લાંબો બ્રિજની જમણી બાજુ સફર ૨૪ એપ્રિલ, બુધવારે બપોરે ૧૨.૩૦ વાગે મઝગાંવ ડોકના ન્હાવા યુનિટથી શરૂ થઈ હતી અને ૨૫ એપ્રિલના

(જુઓ પાનું ૪) ▸▸

# બદલાપુર-અંબરનાથમાં શુક્ર-શનિ પાણી નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બદલાપુર અને અંબરનાથ શહેરમાં શુક્રવાર અને શનિવાર બે દિવસ પાણીની કટોકટીનો સામનો નાગરિકોએ કરવો પડવાનો છે. શુક્રવારે ૧૨ કલાક પાણીપુરવઠો બંધ રહેશે અને શનિવારે ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે.

પાલિકાના જણાવ્યા મુજબ ઉલ્હાસ નદી પરના બૅરેજ ફિલ્ટેરશન પ્લાન્ટમાં શુક્રવારે નવા પંપિંગ સિસ્ટમ અને ઈલેક્ટ્રિક સપ્લાયમાં સુધારણાને લગતા કામ કરવામાં આવવાનું છે. તેથી આ કામ માટે ૧૨ કલાક માટે પાણીપુરવઠો સંપૂર્ણ રીતે બંધ રહેશે. તો શનિવારે ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થવાની શક્યતા છે. તેથી બદલાપુર અને અંબરનાથ શહેરના નાગરિકોને આ બે દિવસ પાણીની કટોકટીનો સામનો કરવો પડવાનો છે.

છેલ્લા અમુક દિવસથી બદલાપુર શહેરમાં વીજ વિતરણ અને પાણીપુરવઠાની સમસ્યામાં વધારો થયો છે. તો છેલ્લા થોડા દિવસથી ઉનાળાની આકરી ગરમી પણ પડી રહી છે, તેને કારણે વીજળીની

(જુઓ પાનું ૪) ▸▸

# એન્ટોપ હિલમાં કારનો દરવાજો લૉક થઈ જતાં માસૂમ ભાઈ-બહેનનાં મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એન્ટોપ હિલ પરિસરમાં બનેલી આંચકાજનક ઘટનામાં રમતાં રમતાં અચાનક ગુમ થઈ ગયેલાં માસૂમ ભાઈ-બહેનના મૃતદેહ એક કારમાંથી મળી આવ્યા હતા. ભંગાર અવસ્થામાં પડેલી કારનો દરવાજો લૉક થઈ જવાને કારણે બન્ને બાળકે ગૂંગળામણથી જીવ ગુમાવ્યા હોવાનું પોલીસનું માનવું છે. વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ એન્ટોપ હિલના સીજીએસ કોલોની ખાતે બુધવારે બનેલી ઘટનામાં સાત વર્ષના સાજીદ મોહબ્બત શેખ અને પાંચ વર્ષની બહેન મુસ્કાન શેખનાં મૃત્યુ થયાં હતાં. આ પ્રકરણે એન્ટોપ હિલ પોલીસે એડીઆર નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ ફરિયાદ અનુસાર સીજીએસ કોલોની ખાતે રહેતા તેમ જ કડિયાકામ કરતા મોહબ્બત શેખ અને ગૃહિણી સાયરા શેખનાં બન્ને સંતાન સાજીદ અને મુસ્કાન હંમેશાં ઘરથી

(જુઓ પાનું ૪) ▸▸

# કૉંગ્રેસ તરફથી ઉત્તર મધ્ય મુંબઈની બેઠક વર્ષા ગાયકવાડને

મુંબઈ: ઉદ્ધવ જૂથ અને શરદ પવાર જૂથ દ્વારા ગુરુવારે ચૂંટણી ઢંઢેરો બહાર પાડવામાં આવ્યો ત્યારે કૉંગ્રેસ દ્વારા ઉત્તર-મધ્ય મુંબઈ બેઠક માટેના ઉમેદવારની જાહેરાત કરવામાં આવી હતી. આ બેઠક માટે મુંબઈ કૉંગ્રેસના અધ્યક્ષ વર્ષા ગાયકવાડને ઉમેદવારી સોંપી છે.

ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટી દ્વારા આ વર્ષા ગાયકવાડની ઉમેદવારી જાહેર કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે મહાવિકાસ આઘાડીમાં બેઠકોની વહેંચણીમાં કૉંગ્રેસના ભાગે મુંબઈની બે બેઠક આવી છે, જેમાંથી એક ઉત્તર-મધ્ય મુંબઈની છે. ■

### ડીપ ફેક વીડિયો રાજકારણીઓ માટે વરદાન?

# સેલિબ્રિટીના નકલી વીડિયો બનાવીને પક્ષના પ્રચારનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ(એઆઇ) એ કેટલું ખતરનાક હોઇ શકે તેનો અંદાજો થોડા વખત પહેલા જ રશ્મિકા મંદાના અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ડીપ ફેક વીડિયો પરથી આવી ગયો હતો અને મોદીએ પોતાના ભાષણમાં પણ એઆઇ-ડીપ ફેક વીડિયોના ખતરાઓનો ઉલ્લેખ કર્યો હતો. જોકે, ચૂંટણીની મોસમ દરમિયાન રાજકારણીઓ અને રાજકીય પક્ષો માટે ડીપ ફેક વીડિયો પ્રચારનું એક સાધન બની ગયો હોવાના અહેવાલ સામે આવી રહ્યા છે. હાલમાં જ શાહરુખ ખાન, આમિર ખાન અને રણવીર સિંહ મહારાષ્ટ્રમાં ચૂંટણી માટે વિશેષ રાજકીય પક્ષનો પ્રચાર કરતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જોકે, બોલીવૂડના ત્રણેય સુપર સ્ટારે આ પ્રકારનો વીડિયો બનાવ્યો નથી. આમિર ખાન અને રણવીર સિંહે તો આ બાબતે મુંબઈ પોલીસ સમક્ષ પોતાનો નકલી એટલે કે ડીપ ફેક વીડિયો વાયરલ થઇ રહ્યો હોવાની ફરિયાદ નોંધાવી છે. જોકે, શાહરુખ દ્વારા હજી સુધી કોઇ ફરિયાદ નોંધાવવામાં આવી નથી. ■

### પક્ષના સોશિયલ મીડિયા ઇન્ચાર્જની થશે પૂછપરછ

ક્રાઇમ બ્રાંચનું કહેવું છે કે આ વીડિયો એક ચોક્કસ પક્ષ માટે પ્રચાર કરતા હોવાનું જણાતા તે પક્ષના સોશિયલ મીડિયા ઇન્ચાર્જની પૂછપરછ કરવામાં આવશે. ક્રાઇમ બ્રાંચનું કહેવું છે કે આ પ્રકારના વીડિયો લોકો ઉપર પ્રભાવ પાડે છે અને તેનું પરિણામ ચૂંટણી પર આવી શકે છે, તેથી દરેક પાસાઓની ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવશે. પોલીસે લોકોને ફેક વીડિયોના પ્રભાવમાં ન આવવાની અપીલ પણ કરી છે. ■

### કૉંગ્રેસે પોતે જ ડીપ ફેક વીડિયો બનાવ્યા?

શાહરુખ, રણવીર અને આમિર ખાન કૉંગ્રેસ પાર્ટીની ગેરેન્ટીનો પ્રચાર કરતા હોવાના વીડિયો સોશિયલ મીડિયા પર ફરી રહ્યા છે ત્યારે એવા આરોપ પણ મૂકવામાં આવી રહ્યા છે કે આ ડીપ ફેક વીડિયો કૉંગ્રેસ દ્વારા જ બનાવવામાં આવ્યા છે અને ઇન્ટરનેટ પર વાયરલ કરવામાં આવ્યા છે, જેથી ચૂંટણીમાં તેમને સેલિબ્રિટી સ્ટેટસના પ્રચારનો ફાયદો મળે. ત્રણેય સિતારાઓ દ્વારા પોતે આ વીડિયો ન બનાવ્યો હોવાની સ્પષ્ટતા મુંબઈ પોલીસ સમક્ષ કરાઇ છે. કૉંગ્રેસના આઇટી સેલ દ્વારા જ આ વીડિયો બનાવવામાં આવ્યા છે. કારણ કે દરેક ડીપ ફેક વીડિયોમાં સેલિબ્રિટીઓ કૉંગ્રેસનો જ પ્રચાર કરતા જોવા મળ્યા છે. ■

# સીબીઆઈ અધિકારીના સ્વાંગમાં કંપનીની નિવૃત્ત મહિલા ડિરેક્ટર સાથે ૨૫ કરોડની ઠગાઈ

મુંબઈ: પોલીસ અને સીબીઆઈ અધિકારીના સ્વાંગમાં મની લોન્ડરિંગના કેસમાં ફસાવવાની ધમકી આપી સાયબર ઠગ દ્વારા મુંબઈમાં રહેતી મલ્ટિનેશનલ કંપનીની નિવૃત્ત મહિલા ડિરેક્ટર સાથે પચીસ કરોડ રૂપિયાની ઠગાઈ કરવામાં આવી હતી. તાજેતરના સમયમાં મુંબઈમાં સાયબર ઠગ દ્વારા ઠગાઈ કરવાનો આ સૌથી મોટો કેસ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ ફરિયાદી સાયબર ઠગની ધમકીથી એટલી ડરી ગઈ હતી કે મની લોન્ડરિંગ કેસની માથાકૂટથી બચવા માટે પોતાના અને માતાના શૅર્સ અને મ્યુઅલ ફન્ડનાં રોકાણો વેચી નાખ્યાં હતાં. એ સિવાય ઠગને નાણાં ચૂકવવા માટે તેણે ગોલ્ડ લોન પણ લીધી હતી.

આ છેતરપિંડી બે મહિનાના સમયગાળા દરમિયાન થઈ હતી, જેની શરૂઆત ૬ ફેબ્રુઆરીથી થઈ હતી. પશ્ચિમી પરામાં રહેતી ફરિયાદીને ટેલિકોમ ડિપાર્ટમેન્ટના અધિકારીના સ્વાંગમાં ઠગે વ્હૉટ્સઍપ કૉલ કર્યો હતો. ફરિયાદીને તેના ત્રણ મોબાઈલ નંબર ડિઍક્ટિવેટ કરવામાં આવશે, એવું કહેવામાં આવ્યું હતું.ફરિયાદીએ નંબર ડિઍક્ટિવેટ કરવાનું કારણ જાણવા માગતાં કૉલ પોલીસ અધિકારીને જોડી રહ્યો હોવાનું કૉલરે કહ્યું હતું. પછી પોલીસ અધિકારીના સ્વાંગમાં શખસે ફરિયાદી વિરુદ્ધ મની લોન્ડરિંગ સંબંધી ફરિયાદ આવી હોવાનું કહ્યું હતું.

પોલીસ અધિકારીએ ફરિયાદીના મોબાઈલ નંબરો અને આધાર કાર્ડ આ કેસ સાથે લિંક હોવાનું જણાવ્યું હતું. પછી કૉલ અન્ય વ્યક્તિને ડાયવર્ટ કર્યો હતો. સામે છેડેથી વાત કરનારા શખસે પોતાની ઓળખ સીબીઆઈના અધિકારી તરીકે આપી મની લોન્ડરિંગની કાર્યવાહીની ધમકી આપી હતી. કેસથી બચવું હોય તો આપેલા બૅન્ક ખાતામાં નાણાં જમા કરાવવાનું ફરિયાદીને કહેવામાં આવ્યું હતું. ડરના માર્યા ફરિયાદીએ સમયાંતરે પચીસ કરોડ રૂપિયા ઠગે આપેલાં બૅન્ક ખાતાઓમાં જમા કર્યા હતા. બાદમાં પોતાને છેતરવામાં આવી રહી હોવાની જાણ થતાં ફરિયાદીએ પોલીસ ફરિયાદ કરી હતી. આ પ્રકરણે સાયબર પોલીસે તપાસ હાથ ધરી ૩૧ બૅન્ક ખાતાં ફ્રીઝ કર્યાં હતાં. (પીટીઆઈ)■

# વડાલામાં કરિયાણાની દુકાનમાં લાગેલી આગમાં સિનિયર સિટિઝનનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વડાલાના ઍન્ટોપ હિલ પરિસરમાં બુધવાર મધરાતના કરિયાણાની દુકાનમાં લાગેલી આગમાં ૭૦ વર્ષના સિનિયર સિટિઝન પન્નાલાલ વૈશ્યનું મૃત્યુ થયું હોવાની દુર્ઘટના બની હતી. ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ બુધવારે વડાલામાં ઍન્ટોપ હિલ પરિસરમાં એસ.એન. રોડ પર કોકારી આગરમાં આવેલા જય ભવાની નગરમાં આ દુર્ઘટના બની હતી. અહીં ચાલીમાં ગ્રાઉન્ડ પ્લસ એક માળના મકાનમાં રહેલી કરિયાણાની દુકાનમાં મોડી રાતના ૧૧.૫૪ વાગે અચાનક આગ ફાટી નીકળી હતી. આગ લાગ્યા બાદ દુકાનમાં રહેલા બે સિલિન્ડરનો સ્ફોટ થયો હતો અને આગે ભીષણ સ્વરૂપ પકડયું હતું.દુકાનમાં લાગેલી આગમાં પહેલા માળા પર ૭૦ વર્ષના પન્નાલાલ અંદર ફસાઈ ગયા હતા અને તેઓ ભારે પ્રયાસ બાદ પણ બહાર નીકળી શક્યા નહોતા. સ્થાનિક રહેવાસીઓના કહેવા મુજબ ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચે તે પહેલા જ બેઠી માળના મકાનમાં ઉપરના માળા પર રહેલા બે સિલિન્ડરનો સ્ફોટ થયો હતો.

આગમાં મકાનના ગ્રાઉન્ડ ફ્લોર સહિત ઉપરના માળા પર રહેલા ઈલેક્ટ્રિક વાયરિંગ અને ઈન્સ્ટોલેશન, ઘરની વસ્તુઓ, કરિયાણાની સામગ્રી વગેરેને નુકસાન થયું હતું.ફાયરબ્રિગેડે લગભગ ૨૦ મિનિટમાં આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. બાદમાં મકાનમાં અંદર ફસાઈ ગયેલા પન્નાલાલને બહાર કાઢ્યા હતા અને નજીક આવેલી સાયન હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જોકે ડૉકટરે તેમને મૃત જાહેર કર્યા હતા. પન્નાલાલ ૧૦૦ ટકા દાઝી ગયેલી હાલતમાં હોવાથી તેમને બચાવી શકાયા ન હોવાનું ડૉકટરે કહ્યું હતું.

આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. પરંતુ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ■

### મહાદેવ બેટિંગ ઍપ કેસ

# અભિનેત્રી તમન્ના ભાટિયાને સાયબર સેલના સમન્સ



મુંબઈ: મહાદેવ ઑનલાઈન ગૅમિંગ અને બેટિંગ ઍપ્લિકેશન પર આઈપીએલની મૅચો જોવાનું પ્રમોશન કરવાના પ્રકરણમાં ઍક્ટર્સ સંજય દત્ત અને જેક્લિન ફર્નાન્ડિસના મૅનેજર્સનાં નિવેદન નોંધ્યા પછી મહારાષ્ટ્ર સાયબર સેલ દ્વારા અભિનેતા તમન્ના ભાટિયાને સમન્સ મોકલાવવામાં આવ્યા હતા. વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે અભિનેત્રી ભાટિયાને ૨૯ એપ્રિલે સાયબર સેલના અધિકારીઓ સમક્ષ હાજર થવાનું કહેવામાં આવ્યું છે. બેટિંગ ઍપ સંબંધિત ફેરપ્લે પર ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની મૅચો જોવાનું કથિત પ્રમોશન કરવા બદલ મહારાષ્ટ્ર સાયબર સેલે ભાટિયાને સમન્સ મોકલાવી પૂછપરછ માટે બોલાવી છે.

૨૦૨૩માં આઈપીએલની અમુક મૅચો ઍપ પર ગેરકાયદે દર્શાવવામાં આવી હતી, જેને પગલે આ મામલે પોલીસ ફરિયાદ થઈ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. એક અધિકારીએ જણાવ્યું હતું કે આ કેસમાં સાક્ષી તરીકે નિવેદન નોંધાવવા માટે અભિનેત્રીને બોલાવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ કેસમાં સાયબર સેલે અગાઉ સિંગર બાદશાહ અને અભિનેતા સંજય દત્ત તેમ જ અભિનેત્રી જેક્લિન ફર્નાન્ડિઝના મૅનેજરોનાં નિવેદન નોંધ્યાં હતાં. ગેરકાયદે ટ્રાન્ઝેક્શન અને બેટિંગ પ્રકરણે મહાદેવ ઍપ પ્રકરણની વિવિધ એજન્સી દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. (પીટીઆઈ)■

# ગેરકાયદે ફેરિયાઓ ફૂટપાથ - રસ્તા પર અડ્ડો જમાવી ન શકે: હાઈ કોર્ટ

## મહાનગરપાલિકાને વૈકલ્પિક વ્યવસ્થા વિચારવાનું સૂચન

મુંબઈ: ગેરકાયદે ફેરિયાઓ મુંબઈની ફૂટપાથો કે જાહેર માર્ગો પર કાયમી ધોરણે કબજો ન લઈ શકે એમ બોમ્બે હાઈ કોર્ટે જણાવ્યું છે. મહાનગરપાલિકાએ મોબાઈલ વેન્ડિંગ પદ્ધતિ કે પોપ અપ માર્કેટ (હંગામી ધોરણે ચાલતી દુકાન) જેવી વ્યવસ્થા વિશે વિચારવું જોઈએ એવું સૂચન પણ અદાલત દ્વારા કરવામાં આવ્યું હતું. ન્યાયમૂર્તિ ગૌતમ પટેલ અને ન્યાયમૂર્તિ કમલ ખાતાની ખંડપીઠે ૧૬ એપ્રિલે આપેલા આદેશમાં જણાવ્યું હતું કે કોઈ વ્યક્તિના બંધારણીય હકનો એ અર્થ નથી થતો કે રાહદારીઓની સલામત આવનજાવન માટેની ફૂટપાથ પર ખોટી રીતે કબજો જમાવી લેવો. આ ચુકાદાની નકલ ગુરુવારે ઉપલબ્ધ થઈ હતી. શહેરને સતાવી રહેલા ગેરકાયદે ફેરિયાની સમસ્યાની નોંધ અદાલતે જાતે લીધી હતી.

‘આ શહેરના જાહેર માર્ગ તેમજ ફૂટપાથો પર ગેરકાયદે ફેરિયાઓને અતિક્રમણ કરવા દેવાય નહીં’ એમ જણાવી અદાલતે ઉમેર્યું હતું કે ‘એનાથી બંધારણની ૧૪મી કલમ અને ૨૧મી કલમમાં વિસંવાદિતા નિર્માણ થાય છે. લાયસન્સ નહીં ધરાવતો ફેરિયો જાહેર માર્ગ પર કાયમી સ્વરૂપે કબજો જમાવે એ અસ્વીકાર્ય છે. એને કારણે રાહદારીઓ અને કરદાતાઓના બંધારણીય હકને અસર પડે છે.’

# ભર ગરમીમાં સ્ટેશનો પર ‘રેલ નીર’ પાણીની બોટલના

મુંબઈ: ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે એ વાતાવરણમાં ‘રેલ નીર’ તરીકે ઓળખાતી પીવાના પાણીની બોટલનો પુરવઠો બંધ કરવામાં આવ્યો હોવા વિશે રેલવે કેટરરોએ આઈઆરસીટીસી (ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટૂરિઝમ કોર્પોરેશન) વિરુદ્ધ ફરિયાદ કરી છે. સખત ગરમી પડી રહી છે ત્યારે પહેલી મે સુધી આઈઆરસીટીસી દ્વારા ‘રેલ નીર’ પાણી બોટલનો પુરવઠો અટકાવી દેવામાં આવતા વેસ્ટર્ન રેલવે કેટરર્સ એસોસિયેશને સ્ટોલ તેમજ સ્ટેશન વિસ્તારમાં રેલ નીરની મોનોપોલી બંધ કરવા આગ્રહભરી વિનંતી કરી છે. આઇઆરસીટીસીએ પુરવઠો અટકાવી દેતા મધ્ય રેલવેમાં દાદર પછી એલટીટી અને પુણેને બાદ કરતાં ક્યાંય ‘રેલ નીર’ની બોટલ નહીં મળે. આ સિવાય પનવેલ બાદ કરતા હાર્બર લાઈનના એક પણ સ્ટેશન પર તેમજ પશ્ચિમ રેલવેમાં બાન્દ્રા ટર્મિનસથી સુરત સુધી આ પાણીની બોટલ નહીં મળે. ■

# મુંબઈ મહાપાલિકાની ફિક્સ્ડ ડિપોઝિટ પર કોની છે નજર?

## ચાર હજાર કરોડ રૂપિયાની એફડીમાં થયો ઘટાડો

મુંબઈ: રાજ્યમાં મનમાની કરતી સરકારના ઈશારા પર ચાલતી મુંબઈ મહાપાલિકાના કારભાર ઊડીને આંખે વળગી રહ્યો છે. પાલિકાનું ભવિષ્ય સુરક્ષિત કરનારી ફિક્સ્ડ ડિપોઝિટ ઘટીને રૂ. ૮૨ હજાર કરોડ પર પહોંચી ગઇ છે. આ પહેલાં ગયા વર્ષે પણ પાલિકાની ફિક્સ્ડ ડિપોઝિટ ૬ હજાર કરોડ ઘટીને રૂ. ૯૨ હજાર કરોડ પરથી રૂ. ૮૬ હજાર કરોડ થઇ ગઇ હતી. આ ડિપોઝિટ આવી જ રીતે ઘટતી રહેશે તો એક સમય એવો આવશે કે શહેરનાં વિકાસનાં કામો, કર્મચારીઓને આપવામાં આવતા પૈસા અને પગાર પાલિકા પાસે બચશે કે કેમ, એવો સવાલ રજૂ કરવામાં આવ્યો હતો.મુંબઈ પાલિકામાં ચૂંટાઈને આવેલા નગરસેવકોની મુદત ૭મી માર્ચ, ૨૦૨૨માં પૂરી થયા બાદ પાલિકાનો કારભાર પાલિકા કમિશનર તથા પ્રશાસનના માધ્યમથી કરવામાં આવી રહ્યો છે. ■

# રનસંગ્રામ IPL-2024

## કોહલી-પાટીદારની હાફ સેન્ચુરી સાથે બેન્ગલૂરુનો હૈદરાબાદને પડકારરૂપ ટાર્ગેટ



પાટીદાર-કોહલી વચ્ચે ૬૫ રનની પાર્ટનરશિપ થઈ (iplt20.com)

હૈદરાબાદઃ આઇપીએલની ૧૭મી સીઝનમાં એક્ઝિટના દરવાજાની લગોલગ પહોંચી ગયેલી રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી) ટીમે રહીસહી આશા જાળવી રાખવા ઉપરાંત હરીફ ટીમ સનરાઇઝર્સ હૈદરાબાદની બાજી બગાડવાના હેતુથી અને હૈદરાબાદને પ્રથમ બૅટિંગનો મોકો ન આપવાના આશયથી ટૉસ જીતીને પ્રથમ બૅટિંગ પસંદ કરી હતી અને સાત વિકેટે ૨૦૬ રન બનાવ્યા હતા.

૨૦મી એપ્રિલે દિલ્હીમાં દિલ્હી કૅપિટલ્સના કૅપ્ટન રિષભ પંતે ટૉસ જીત્યા પછી હૈદરાબાદને બૅટિંગ આપવાની જે ભૂલ કરી હતી એ ડુ પ્લેસીએ આ મૅચમાં ન કરી. તેણે બૅટિંગ પસંદ કરી હતી. દિલ્હીએ ૨૦મીએ બૅટિંગ આપ્યા પછી હૈદરાબાદની ટીમે સાત વિકેટે ૨૬૬ રનનો ખડકલો કરી દીધો હતો અને પછી દિલ્હી ૧૯૯ રન બનાવતાં ૬૭ રનથી હારી ગયું હતું.

હૈદરાબાદ સામે બેન્ગલૂરુએ સાત વિકેટે બનાવેલા ૨૦૬ રનમાં બે બૅટરની હાફ સેન્ચુરી હતી. વિરાટ કોહલી (૫૧ રન, ૪૩ બૉલ, એક સિક્સર, ચાર ફોર) કરતાં રજત પાટીદારે (૫૦ રન, ૨૦ બૉલ, પાંચ સિક્સર, બે ફોર)ની સેન્ચુરી ધમાકેદાર અને દમદાર હતી. કોહલી પાવરપ્લે પછી ધીમો પડી ગયોહતો. પાટીદાર અને કોહલી વચ્ચે ત્રીજી વિકેટ માટે ૬૫ રનની પાર્ટનરશિપ થઈ હતી. એનાથી મોટી ભાગીદારી નહોતી થઈ, પરંતુ બેન્ગલૂરુની ટીમ ધારણા કરતાં સારું રમીને હૈદરાબાદને ૨૦૭ રનનો પડકારરૂપ લક્ષ્યાંક આપી શકી હતી. કૅમેરન ગ્રીન (૩૭ રન, ૨૦ બૉલ, પાંચ ફોર) અણનમ રહ્યો હતો. પહેલી જ વખત રમેલા ઉત્તર પ્રદેશના સ્વપ્નિલ સિંહ (૧૨ રન, ૬ બૉલ, એક સિક્સર, એક ફોર)એ પોતાની આક્રમક બૅટિંગની થોડી ઝલક દેખાડી હતી અને ઇનિંગ્સના અંતિમ બૉલમાં (નટરાજનના બૉલમાં) આઉટ થયો હતો. વિલ જૅક્સ છ રન, કાર્તિક ૧૧ રન અને લૉમરૉર સાત રન બનાવીને આઉટ થયો હતો.

કૅપ્ટન ફાફ ડુ પ્લેસી (પચીસ રન, ૧૨ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર)ની કોહલી સાથે ૪૮ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. તેને દિલ્હી તથા કોલકાતા સામે સફળ બોલિંગ કરનાર ટી. નટરાજને એઇડન માર્કરમના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો.

હૈદરાબાદના બોલર્સમાં જયદેવ ઉનડકટ (૪-૦-૩૦-૩) સૌથી સફળ હતો. નટરાજને બે અને કમિન્સ તથા માર્કન્ડેને એક-એક વિકેટ મળી હતી. ■

# યુગાન્ડાના ત્રણ ગુજરાતી ક્રિકેટરો ટી-૨૦ વર્લ્ડ કપ માટે તૈયાર

**▸ અલ્પેશ રામજિયાણીના નામે ટી-૨૦નો એક વિશ્વવિક્રમ છેઃ દિનેશ નાકરાણી અને રોનક પટેલ પણ હરીફોને ભારે પડી શકેઃ યુગાન્ડાની ટીમે દિલ્હીથી કોચ તરીકે અભય શર્માને બોલાવ્યા છે**

મુંબઈઃ આગામી જૂનમાં અમેરિકા અને વેસ્ટ ઇન્ડિઝમાં ટી-૨૦નો મેન્સ વર્લ્ડ કપ રમાવાનો છે અને એમાં સૌથી મોટું આશ્ચર્ય એ જોવા મળશે કે એમાં આફ્રિકન દેશ યુગાન્ડાની ટીમ પહેલી વાર રમશે. એટલું જ નહીં, યુગાન્ડાની ટીમમાં ત્રણ ટૅલન્ટેડ ગુજરાતી ક્રિકેટર ટી-૨૦ ફૉર્મેટના આ 'ઉત્સવ'માં ધમાલ મચાવતા જોવા મળશે.

આ ત્રણમાંથી બે પ્લેયર (અલ્પેશ રામજિયાણી અને દિનેશ નાકરાણી) મૂળ કચ્છના છે. ત્રીજો ખેલાડી રોનક પટેલ સૌરાષ્ટ્રનો છે.

આઇસીસી મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ આફ્રિકા રિજનના ક્વૉલિફાઇંગ રાઉન્ડમાં નામિબિયા પછી બીજા નંબરે આવવા બદલ બન્ને દેશને વર્લ્ડ કપમાં આવવા મળ્યું છે.

ટી-૨૦ ફૉર્મેટમાં કુલ ૮૩ મૅચ રમી ચૂકેલો રામજિયાણી લેફ્ટ-હૅન્ડ બૅટર અને લેફ્ટ-આર્મ સ્પિનર છે. તેણે ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાં ૫૬૯ રન બનાવવા ઉપરાંત ૭૦ વિકેટ લીધી છે અને ટી-૨૦ ફૉર્મેટની અન્ય મૅચોમાં ૬૫૧ રન બનાવવા ઉપરાંત ૭૧ બૅટરને આઉટ કર્યા છે.

૨૯ વર્ષના રામજિયાણીના નામે ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાં એક વર્લ્ડ રેકૉર્ડ છે. ૨૦૨૩ના વર્ષમાં તેણે ૩૦ મૅચમાં કુલ પંચાવન વિકેટ લીધી હતી. નવાઈની વાત એ છે કે એ વર્ષમાં તેની આ પંચાવન વિકેટ ક્રિકેટજગતના તમામ ટી-૨૦ બોલર્સમાં હાઇએસ્ટ હતી. એ તો ઠીક, પણ ક્યારેય કોઈ એક કૅલેન્ડર યરમાં કોઈ બોલરે આટલી બધી વિકેટ નથી લીધી. જાણીતા બોલર્સની વાત કરીએ તો ૨૦૨૨માં આયરલૅન્ડનો જોશુઆ લિટલ ૩૯ વિકેટ સાથે મોખરે હતો. એ જ વર્ષમાં ભુવનેશ્વર કુમારે ૩૭ વિકેટ અને શ્રીલંકાના વનિન્દુ હસરંગાએ હાઇએસ્ટ ૩૬ વિકેટ લીધી હતી.



(ડાબેથી) અલ્પેશ રામજિયાણી, દિનેશ નાકરાણી અને રોનક પટેલ

રામજિયાણી ૨૦૨૧માં યુગાન્ડામાં સ્થાયી થયો એ પહેલાં મુંબઈમાં અન્ડર-૧૬ તથા અન્ડર-૧૯ ટીમ વતી તેમ જ ક્રિકેટ ક્લબ ઑફ ઇન્ડિયા (સીસીઆઇ) વતી ડોમેસ્ટિક ક્રિકેટમાં રમ્યો હતો.

યુગાન્ડાને વર્લ્ડ કપ સુધી પહોંચાડવામાં રામજિયાણી અને દિનેશ નાકરાણી તેમ જ રોનક પટેલના મહત્ત્વના યોગદાનો છે.

રામજિયાણીએ ગુરુવારે વાનખેડે સ્ટેડિયમમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે 'અમને વર્લ્ડ કપમાં રમીને બહુ સારો અને યાદગાર અનુભવ મળશે. તમે જ વિચારો કે તમે વિશ્વના જે બેસ્ટ ક્રિકેટર જેવા બનવાની મહત્ત્વકાંક્ષા રાખી હોય તેમની જ સામે તમને રમવા મળે તો કેટલો આનંદ થાય! કેટલું બધુ ગૌરવ હાંસલ થાય! અમારા માટે આ બહુ મોટી તક છે અને અમે એ ઝડપવા તૈયાર છીએ. અમે શુક્રવારે શ્રીલંકામાં ટી-૨૦ વર્લ્ડ કપ માટેનો અમારો ૧૮ દિવસનો કૅમ્પ શરૂ કરી કરીશું.'

૩૨ વર્ષનો દિનેશ નાકરાણી લેફ્ટ-હૅન્ડ બૅટર અને લેફ્ટ-આર્મ મિડિયમ પેસ બોલર છે. તેણે ૫૬ ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં ૮૮૧ રન બનાવ્યા છે અને ૬૭ વિકેટ લેવા ઉપરાંત ટી-૨૦ ફૉર્મેટની અન્ય ૬૭ મૅચમાં ૧,૧૩૭ રન બનાવવા ઉપરાંત ૭૪ વિકેટ પણ લીધી છે. ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાં અસાધારણ બોલિંગ-ઍનેલિસિસ ધરાવનાર વિશ્વભરના બોલર્સમાં નાકરાણી (૪-૧-૭-૬) બીજા નંબરે છે. આ રેકૉર્ડ-બુકમાં ભારતના દીપક ચાહર (૩.૨-૦-૭-૬)નાકરાણીથી આગળ છે.

યુગાન્ડાનો ૩૫ વર્ષનો બૅટર રોનક પટેલ ૪૦ ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાં ૭૯૯ રન બનાવી ચૂક્યો છે.

યુગાન્ડાની ટીમે દિલ્હીના અને રેલવેના ભૂતપૂર્વ ક્રિકેટર અભય શર્માને પોતાના નૅશનલ કોચ બનાવ્યા છે.

વર્લ્ડ કપમાં યુગાન્ડાવાળા ગ્રુપ 'સી'ની અન્ય ટીમમાં વેસ્ટ ઇન્ડિઝ, ન્યૂ ઝીલૅન્ડ, અફઘાનિસ્તાન તેમ જ પપુઆ ન્યુ ગિનીનો સમાવેશ છે. ભારતના ગ્રુપ 'એ'માં પાકિસ્તાન, આયરલૅન્ડ, કૅનેડા અને યુએસએ છે.

ગ્રુપ 'બી'માં ઑસ્ટ્રેલિયા, ઇંગ્લૅન્ડ, નામિબિયા, ઓમાન અને સ્કૉટલૅન્ડ છે, જ્યારે ગ્રુપ 'ડી'માં બાંગલાદેશ, નેપાળ, નેધરલૅન્ડ્સ, સાઉથ આફ્રિકા અને શ્રીલંકા સામેલ છે. ■

## સિલેક્ટરો અવઢવમાંઃ વર્લ્ડ કપમાં આવેશને લેવો કે બિશ્નોઈ-અક્ષરમાંથી કોઈ એકને?

નવી દિલ્હીઃ જૂનમાં અમેરિકા અને વેસ્ટ ઇન્ડિઝમાં રમાનારા ટી-૨૦ વર્લ્ડ કપ માટેની ટીમ માટે આઇસીસીએ પહેલી મેની કટ-ઑફ ડેટ જાહેર કરી છે એટલે એપ્રિલના અંત સુધીમાં તમામ દેશો પોતાની ૧૫ પ્લેયર્સની ટીમ જાહેર કરી દેશે. ભારતની ટીમમાં મુખ્ય વિકેટકીપર તરીકે રિષભ પંત નક્કી જણાય છે, જ્યારે બીજા વિકેટકીપર તરીકે કેએલ રાહુલ અને સંજુ સૅમસન વચ્ચે હરીફાઈ થશે, એવું પીટીઆઇના અહેવાલમાં જણાવાયું હતું.

નૅશનલ સિલેક્ટર્સ માટે હાર્દિક પંડ્યાની બૅટિંગની અનિશ્ચિતતા ચિંતાજનક છે, કારણકે તેણે આઇપીએલની આઠ મૅચમાં સંભવિત ૩૨માંથી માત્ર ૧૭ ઓવર બોલિંગ કરી છે. જોકે શિવમ દુબેને તેનો વિકલ્પ મનાય છે, પરંતુ તેણે આઇપીએલમાં બોલિંગ કરી ન હોવાથી સિલેક્ટર્સ કદાચ કોઈ અજમાયશ નથી કરવા માગતા એટલે બીજો કોઈ વિકલ્પ ન રહેતાં ઑલરાઉન્ડર તરીકે હાર્દિકને પસંદ કરશે એવી સંભાવના છે.

પસંદગીકારોનો મુખ્ય મુદ્દો અત્યારે એ છે કે વધારાના પેસ બોલરને લેવો કે વધારાના બે સ્પિનરમાંથી કોઈ એકને ટીમમાં સામેલ કરવો. એક્સ્ટ્રા પેસ બોલર તરીકે આવેશ ખાનનું નામ ચર્ચાય છે. વેસ્ટ ઇન્ડિઝમાંની પિચ પર બૉલ નીચા અને સ્લો રહેતા હોવાથી એના પર રમાડવા માટે વધુ એક સ્પિનરને લેવો જોઈએ કે નહીં એ વિશે પણ સિલેક્ટર્સ વિચારી રહ્યા છે અને એ માટે રવિ બિશ્નોઈ અને અક્ષર પટેલના નામ પર વધુ ચર્ચા થઈ રહી છે. અક્ષરે આ સીઝનમાં સાત વિકેટ ફક્ત ૭.૦૦ની આસપાસના ઇકોનોમી-રેટ સાથે લીધી છે અને તેણે ૧૩૨.૦૦ના સ્ટ્રાઇક-રેટે રન બનાવ્યા હોવાથી ઑલરાઉન્ડર તરીકે પણ તેને લઈ શકાય કે કેમ એ વિશે પસંદગીકારો વિચારી રહ્યા છે. ■

## ૧૧મી પાસ પઠાણ પાસે ₹ ૪૫.૬૩ કરોડની સંપત્તિ

કોલકાતાઃ વડોદરાવાસી ભૂતપૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણ પશ્ચિમ બંગાળમાં ટીએમસીની બહરામપુર બેઠક પરથી ચૂંટણી લડી રહ્યો છે. ચૂંટણી પંચના આદેશ મુજબ દરેક ઉમેદવારે પોતાની મિલકત જાહેર કરવી પડે છે અને યુસુફ પઠાણે જાહેર કર્યું છે કે તેની પાસે કુલ ૪૫.૬૩ કરોડ રૂપિયાની મિલકત છે. હરફનમૌલા યુસુફ પઠાણે જાહેર કર્યું છે કે તે ૧૧મી પાસ છે. યુસુફ પઠાણની કુલ કમાણી ૩.૧૦ કરોડ રૂપિયા હતી, જોકે ૨૦૨૨-'૨૩માં યુસુફની કમાણીમાં ઘણો વધારો થયો અને એ ૨.૯૨ કરોડ રૂપિયા સુધી પહોંચી હતી. યુસુફ પઠાણની ૪૫.૬૩ કરોડ રૂપિયાની કુલ સંપતિમાં ૨૧.૫૬ કરોડ રૂપિયાની સ્થાવર મિલકત સામેલ છે. ■

## ઝિમ્બાબ્વેના ભૂતપૂર્વ ક્રિકેટર વિટ્ટલને દીપડાએ ઘાયલ કર્યો અને ડૉગીએ બચાવ્યો







હરારેઃ ૧૯૯૩થી ૨૦૦૩ દરમ્યાન ઝિમ્બાબ્વે વતી ૨૦૦ જેટલી ઇન્ટરનૅશનલ મૅચ રમીને ૫,૦૦૦ રન બનાવવા ઉપરાંત ૧૪૦ વિકેટ લેનાર પેસ બોલિંગ ઑલરાઉન્ડર ગાય વિટ્ટલે તેની કરીઅર દરમ્યાન ઘણા પડકારરૂપ બોલર અને બૅટરનો સામનો કર્યો હશે અને એમાં સફળ પણ થયો હશે, પરંતુ અંગત જીવનમાં ઘણી વાર અમુક ક્ષણ એવી આવી જતી હોય છે જેમાં સામનો કરવા માટે શક્તિ અને ચતુરાઈ ઓછી પડી જતી હોય છે.

વિટ્ટલનું મંગળવારે આવું જ બન્યું. દક્ષિણ ઝિમ્બાબ્વેના હુમાની શહેરમાં વિટ્ટલનો વન્ય જીવનને લગતો ફૅમિલી બિઝનેસ છે. જંગલ તેમ જ જાનવરોના સ્થળે પર્યટકોને લઈ જવા-પાછા લાવવા ઉપરાંત એ વિસ્તારની જાળવણી વગેરે કામોને લગતા બિઝનેસમાં વ્યસ્ત વિટ્ટલ મંગળવારે સફારીમાં (જંગલમાં) હતો ત્યારે દીપડાએ તેના પર હુમલો કર્યો હતો. જો વિટ્ટલની સાથે તેનો ડૉગ (ચિકારા) ન હોત તો દીપડાએ વિટ્ટલને વધુ ગંભીર રીતે ઘાયલ કરી દીધો હોત.

વિટ્ટલની પત્ની હૅનાએ ફેસબુક પરની સ્ટોરીમાં જણાવ્યું છે કે તેના પતિ સાથે ડૉગ હતો એટલે સારું થયું, કારણકે દીપડાએ હુમલો કરતાં જ ડૉગ તેની (દીપડા) સાથે લડ્યો હતો એટલે દીપડો દૂર ભાગી ગયો હતો.

વિટ્ટલને ઘણી ઈજા થઈ હતી જેને લીધે તેને સારવાર માટે વિમાન દ્વારા હરારે લાવવામાં આવ્યો હતો.

વિટ્ટલને પ્રાણી-પ્રેમ હોવાની સાથે આ પહેલાં પણ તેણે એક જાનવરથી બચવું પડ્યું હતું.

૧૦ વર્ષ પહેલાં હુમાનીમાં જ વિટ્ટલ તેના બંગલામાં હતો ત્યારે નજીકની નદીમાંથી આઠ ફૂટ લાંબો અને ૧૬૫ કિલો વજનવાળો મગરમચ્છ તેના બેડરૂમમાં આવી ગયો હતો અને આખી રાત ત્યાં રહ્યો હતો. ■

## પાકિસ્તાનની ભૂતપૂર્વ કૅપ્ટન બિસ્માહ મારુફે હકાલપટ્ટીના ડરથી નિવૃત્તિ જાહેર કરી દીધી કે શું?

કરાચીઃ પાકિસ્તાનની મેન્સ ક્રિકેટ ટીમ જેમ વર્ષોથી અણધાર્યા પર્ફોર્મન્સ અને અણધાર્યા પરિણામો માટે જાણીતી છે એમ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)માં પણ ઘણી વાર અણધાર્યું બનતું હોય છે. એના ચીફ તો જાણે છાશવારે બદલાતા હોય છે અને મેન્સ ટીમના કૅપ્ટનપદે પણ ઓચિંતા ફેરફાર જોવા મળતા હોય છે. ઉદાહરણ તરીકે, તાજેતરમાં જ શાહીન શાહ આફ્રિદીના સ્થાને બાબર આઝમને ફરી કૅપ્ટન બનાવી દેવામાં આવ્યો છે.

અહીં આપણે પાકિસ્તાન મહિલા ક્રિકેટની અને ભૂતપૂર્વ કૅપ્ટન વિશે વાત કરવાની છે.

ગુરુવારે એક તરફ સમાચાર આવ્યા કે તાજેતરમાં વેસ્ટ ઇન્ડિઝ સામે પાકિસ્તાનની મહિલા ક્રિકેટ ટીમ કરાચીમાં વન-ડે સિરીઝ ૦-૩થી હારી ગઈ એના આઘાતને પગલે પીસીબીએ મહિલા ક્રિકેટરો માટેની નૅશનલ સિલેક્શન કમિટીમાં ફેરફાર કર્યા છે. બીજી બાજુ, આશ્ચર્યજનક ન્યૂઝ મળ્યા કે પાકિસ્તાનની ભૂતપૂર્વ કૅપ્ટન અને પીઢ ખેલાડી બિસ્માહ મારુફે ઇન્ટરનૅશનલ ક્રિકેટમાંથી રિટાયરમેન્ટ જાહેર કરી દીધું છે. એવું મનાય છે કે પાકિસ્તાનની મહિલા ટીમમાં ધરખમ ફેરફારો થવાની સંભાવના છે ત્યારે બિસ્માહે નિવૃત્તિ જાહેર કરી દીધી છે.





બિસ્માહની છેલ્લી ૧૦ ઇનિંગ્સમાં માત્ર બે હાફ સેન્ચુરી હતી. વેસ્ટ ઇન્ડિઝ સામેની તાજેતરની શ્રેણીમાં તેણે એક મૅચમાં ૬૫ રન બનાવ્યા હતા, પરંતુ બાકીની બે મૅચ (૭ અને ૧૯ રન)માં સારું નહોતી રમી.

૩૨ વર્ષની બિસ્માહે પહેલા તો ૨૦૨૦ની સાલમાં અપૂરતી ફિટનેસને કારણે ક્રિકેટમાંથી લાંબો બ્રેક લેવો પડ્યો હતો. ૨૦૨૧માં તેણે બાળકીને જન્મ આપ્યો ત્યારે પણ તે ઘણો સમય નહોતી રમી. પાકિસ્તાન ક્રિકેટમાં તે એકમાત્ર મહિલા પ્લેયર છે જેને ૧૨ મહિનાની મેટરનિટી લીવ (વાર્ષિક પગાર ચૂકવવાની સાથે) આપવામાં આવી હતી.

બિસ્માહ મમ્મી બની ત્યાર બાદ ઘણી ટૂરમાં નવજાત પુત્રીને પોતાની સાથે લઈને ગઈ હતી અને ભારતીય ટીમ સહિત ઘણા દેશોની ખેલાડીઓમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી.

બિસ્માહે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ છોડી દીધી છે, પણ લીગ આધારિત ટૂર્નામેન્ટોમાં રમવાનું ચાલુ રાખશે. તેણે ૧૭ વર્ષની લાંબી કરીઅરમાં ૧૩૬ વન-ડેમાં ૩,૩૬૯ રન અને ૧૪૦ ટી-૨૦માં ૨,૮૯૩ રન બનાવ્યા હતા. જોકે એમાં એક પણ સેન્ચુરી સામેલ નહોતી. મહિલા વન-ડે ક્રિકેટમાં એકેય સેન્ચુરી વિના સૌથી વધુ રન બનાવનારી ખેલાડીઓમાં બિસ્માહનું નામ મોખરે છે. આખી કરીઅરમાં તે માત્ર ચાર સિક્સર ફટકારી શકી હતી. તેણે કુલ ૮૦ વિકેટ પણ લીધી હતી. વન-ડેમાં ૯૯ રને વિકેટ ગુમાવનાર તે પાકિસ્તાનની એકમાત્ર મહિલા પ્લેયર છે. ■

## હરભજનની સંભવિત ટીમમાંથી હાર્દિક આઉટ, સૅમસન-શિવમ ઇન!



નવી દિલ્હીઃ આઇસીસીના નિયમ મુજબ દરેક દેશે જૂનના ટી-૨૦ વર્લ્ડ કપ માટે થોડા જ દિવસમાં પોતાની ટીમ જાહેર કરી દેવી પડશે. આઇપીએલમાં અત્યારે ઘણા ખેલાડીઓના પર્ફોર્મન્સમાં ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યા છે ત્યારે કરોડો ક્રિકેટપ્રેમીઓને કયા ખેલાડીઓને અમેરિકા અને વેસ્ટ ઇન્ડિઝના પ્રવાસે જવા મળશે એ જાણવાનો ઇન્તેજાર હશે. કેટલાક ભૂતપૂર્વ ખેલાડીઓ અને ક્રિકેટ-નિષ્ણાતો પોતપોતાની રીતે વર્લ્ડ કપ માટેના ખેલાડીઓના નામ સૂચવી રહ્યા છે, પરંતુ ભૂતપૂર્વ ઑફ-સ્પિનર હરભજન સિંહે કેટલાક આંચકાજનક સૂચનોની સાથે પોતાના પંદર ખેલાડીઓના નામ આપી દીધા છે.

### વર્લ્ડ કપ માટેની હરભજનની પંદર પ્લેયરની ટીમ





રોહિત શર્મા (કૅપ્ટન), રિષભ પંત (વિકેટકીપર), સંજુ સૅમસન (વિકેટકીપર), વિરાટ કોહલી, યશસ્વી જયસ્વાલ, સૂર્યકુમાર યાદવ, રિન્કુ સિંહ, શિવમ દુબે, રવીન્દ્ર જાડેજા, યુઝવેન્દ્ર ચહલ, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ, આવેશ ખાન, અર્શદીપ સિંહ અને મયંક યાદવ.

૨૦૦૭માં સૌપ્રથમ ટી-૨૦ વર્લ્ડ કપ રમાયો હતો જેમાં એમએસ ધોનીની ટીમમાં લેજન્ડરી સ્પિનર હરભજન પણ હતો. હરભજને સૌથી મોટો આંચકો હાર્દિક પંડ્યાની બાદબાકી કરીને આપ્યો છે. જોકે ભજ્જીએ આઇપીએલના ૧૬ વર્ષના ઇતિહાસમાં ૨૦૦ વિકેટ લેનાર એકમાત્ર બોલર યુઝવેન્દ્ર ચહલનો અચૂક સમાવેશ કર્યો છે. આઇપીએલની વર્તમાન સીઝનના ફાસ્ટેસ્ટ બોલર અને લખનઊ સુપર જાયન્ટ્સ વતી રમતા મયંક યાદવને પણ ટીમમાં સામેલ કર્યો છે. આઇપીએલને કારણે ભારતને હવે દર વર્ષે ઘણા નવા ટૅલન્ટેડ ખેલાડીઓ મળી જતા હોય છે. જોકે વર્લ્ડ કપ માટેની પંદરની ટીમમાં બધાને સમાવવા સંભવ ન હોય એટલે હરભજને લખનઊ સુપર જાયન્ટ્સના કૅપ્ટન કેએલ રાહુલ, ગુજરાત જાયન્ટ્સના સુકાની શુભમન ગિલ, અક્ષર પટેલ, રવિ બિશ્નોઈ, મોહમ્મદ સિરાજને પણ પોતાની ટીમમાં નથી સમાવ્યા. જોકે વિકેટકીપર-બૅટર તરીકે ભજ્જીએ રિષભ પંત ઉપરાંત ઇન્ફૉર્મ પ્લેયર સંજુ સૅમસનને તેમ જ હાર્દિકને બદલે શિવમ દુબેને ટીમમાં જગ્યા આપી છે. ■

# ઘટ્યા મથાળેથી સોનામાં ₹ ૨૬૮નો અને ચાંદીમાં ₹ ૨૧૧નો સુધારો

મુંબઈઃ અમેરિકાના આર્થિક ડેટાઓની જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે સોનાના હાજર તેમ જ વાયદાના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યાના અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૬૭થી ૨૬૮નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૧૧નો સુધારો આવ્યો હતો. આજે વિશ્વ બજારમાં ચાંદીના વાયદાના ભાવમાં એક ટકા જેટલો સુધારો દર્શાવાઈ રહ્યો હોવાથી સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૧૧ વધીને રૂ. ૮૦,૮૯૮ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સોનામાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૬૭ વધીને રૂ. ૭૧,૮૦૫ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૬૮ વધીને રૂ. ૭૨,૦૯૪ના મથાળે રહ્યા હતા. જોકે, હાલની ભાવ સપાટી ઊંચી હોવાને કારણે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહે છે, જ્યારે રોકાણકારો અને સ્ટોકિસ્ટો પણ નવી લેવાલીથી દૂર રહેતાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સોનામાં રોકાણકારોની નવી લેવાલીનો અભાવ રહેતાં સત્રના આરંભે હાજરમાં ભાવ નરમાઈતરફી રહ્યા બાદ ઘટ્યા મથાળેથી લેવાલી નીકળતાં હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૨૩૨૮.૯૬ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૨૩૨૫.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે એક ટકો વધીને ઔંસદીઠ ૨૭.૪૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. તાજેતરમાં સોનામાં સલામતી માટેની માગ ખસી જવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળી રહ્યું છે. તેમ જ હવે રોકાણકારો ફરી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ક્યારથી કાપ મૂકવાની શરૂઆત કરશે તેની અટકળો મૂકી રહ્યા છે. આથી હાલમાં તેઓની નજર અમેરિકાના આર્થિક ડેટાની જાહેરાતો પર સ્થિર થઈ છે. આમ હવે રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાનાં જીડીપીના ડેટા અને આવતીકાલે જાહેર થનારા પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટાની જાહેરાત પર સ્થિર થઈ છે.

વિશ્લેષકોના મતાનુસાર હવે ફેડરલ દ્વારા વ્યાજદરમાં કાપ અંગેનાં સ્પષ્ટ અણસાર ન મળે ત્યાં સુધી વૈશ્વિક સોના માટે ઔંસદીઠ ૨૩૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થશે.

# તેજીની એકધારી આગેકૂચ સાથે સેન્સેક્સે ૪૮૬ પોઈન્ટની જમ્પ સાથે ૭૪,૨૫૦ની સપાટી વટાવી, નિફ્ટી ૨૨,૫૫૦ની ઉપર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારે આજે ગુરુવારના સત્રમાં નિરસ શરૂઆત બાદ ભારે અફડાતફડીમાંથી પસાર થઇને અંતે ૪૮૬ પોઇન્ટના સુધારા સાથે ૭૪,૩૩૯ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. સેન્સેક્સે ભારે અફડાતફડીમાંથી પસરા થવા છતાં અંતે ૭૪,૦૦૦ પોઇન્ટની સપાટી પાર કરવામાં સફળતા મેળવી હતી અને નિફ્ટીમાં પણ ૨૨,૫૫૦ની ઉપર પહોંચ્યો હતો.

સેન્સેક્સ ૨૮૦ પોઇન્ટના ઊંચા ગેપ સાથે ખુલ્યો હતો, સત્ર દરમિયાન ૭૨૦ પોઇન્ટની ઊંચી અને ૩૦૦ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. બેન્ચમાર્ક સત્રને અંતે ૪૮૬.૫૦ પૉઇન્ટ અથવા તો ૦.૬૬ ટકા ઉછળીને ૭૪,૩૩૯.૪૪ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૧૬૭.૯૫ પોઇન્ટ અથવા તો ૦.૭૫ ટકાના સુધારે ૨૨,૫૭૦૩૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો છે. નિષ્ણાતો અનુસાર બજારનો અંડરટોન મજબૂત છે.

વિશ્વ બજારના નકારાત્મક સંકેત વચ્ચે શરૂઆતમાં નિરસ માહોલમાં બજાર નેગેટિવ અને પોઝિટિવ ઝોનમાં અટવાઈ ગયું હતું. સ્થાનિક બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ બંને અનિર્ણિત દિશામાં અટવાઇ ગયા હતાં અને એવું જણાતું હતું કે ચાર દિવસના બેક-ટુ-બેક ઉછાળા પછી આખલો પોરો ખાવાનું પસંદ કરશે.

આ દરમિયાન, નોંધવા જેવી બાબત એ છે કે, વ્યાપક બજાર સૂચકાંકોએ ઊંચા મથાળે વેપાર કરવાનું ચાલુ રાખ્યું છે.પાછલા કેટલાક સત્રથી સ્મોલ અને મિડકેપ શેરોમાં રોકાણકારોનું આકર્ષણ વધતું દેખાઇ રહ્યું છે. ગુરુવારના સત્રમાં નિફ્ટી મીડિયા અને નિફ્ટી પીએસયુ બેન્ક ઇન્ડેક્સ લીડ ગેઇનર રહ્યાં હતા.

નેદાંતાના ચોથા ત્રિમાસિક સમયગાળાનો ચોખ્કો નફો ૨૭.૨ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૩૬૯ કરોડ નોંધાયો છે. આઇનોક્સ વિન્ડના બોર્ડે ૩:૧ના રેશિયોમાં બોનસ શેરને મંજૂરી આપી છે. ગ્લેનમાર્ક લાઇફનો નેટ પ્રોફિટ ૩૩ ટકા ઘટીને રૂ. ૯૮ કરોડ નોંધાયો છે. એસીસીનો ચોથા ત્રિમાસિગક સમયગાળોનો ચોખ્ખો નફો ચારગણો વધીને રૂ. ૯૪૫ કરોડની સપાટીએ પહોંચ્યો છે.

ગ્રેટેક્સ્ટ કોર્પોરેશન સર્વિસિસનો શેર ૬.૪૧ ટકા વધીને રૂ.૫૪૮ની સપાટીએ પહોંચ્યો હતો. શેર બ્રોકિંગ, ઇન્વેસ્ટમેન્ટ બેન્કર, કોર્પોરેટ એડવાઇઝરી અને મર્ચન્ટ બેન્કિંગ ક્ષેત્રે કાર્યરત આ કંપનીએ બિઝનેસ ઉપરાંતની પ્રવૃત્તિમાં ગ્રેટેક્સ સ્પોર્ટ પ્રોગ્રામ અંતર્ગત ચેમ્પિઅન્સ અનલીઝની જાહેરાત કરી છે અને તેમાં બ્રાન્ડ એમ્બેસેડર તરીકે યુગાન્ડાની ક્રિકેટ ટીમમાં રમતા અલ્પેશ રામજાનીની બ્રાન્ડ એમ્બેસેડર કરીકે પસંદગી કરી છે. કંપની સીસઆર અંતર્ગત પણ વિવિધ આયોજન કરી રહી છે. કોટક બેન્કના શેરમાં કડાકાને કારણે પ્રારંભિક સત્રમાં સેન્ટિમેન્ટ ખોરવાયું હોવાથી બેન્ચમાર્ક સૂચકાંકોને વધુ ધક્કો લાગ્યો છે અને ગબડવા માટે કારણ મળ્યું હતું. રિઝર્વ બેન્કના અનેક પ્રતિબંધના આદેશને કારણે વેચવાલી વધતા કોટક બેંકના શેરમાં ૧૦ ટકા સુધી કડાકો બોલાયો હતો. ચોથા ક્વાર્ટરના પરિણામો પછી હિંદુસ્તાન યુનિલીવરના શેરમાં બે ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

ફિનટેક કંપની નેટવર્ક પીપલ સર્વિસીસ ટેક્નોલોજીસ લિમિટેડ (એનપીએસટી) એ નાણાકીય વર્ષ ૨૦૨૪ના અને તેના ચોથા ક્વાર્ટરના ઓડિટેડ પરિણામ જાહેર કર્યો છે. સ્ટેન્ડઅલોન ધોરણે કંપની ૨૧૬.૨૭ ટકા ની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૧૩૦.૦૮ કરોડની કુલ આવક, ૨૫૨.૯૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪૩.૭૦ કરોડનો એબિટા, ૩૩.૫૯ ટકાનું એબિટા માર્જિન, ૩૦૯.૬૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૬૫.૭૧ કરોડનો ચોખ્ખો નફો, ૨૦.૫૩ ટકાનું નેટ પ્રોફિટ માર્જિન નોંધાવ્યું છે.

# પાંખાં કામકાજો અને વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે દેશી-આયાતી તેલમાં નરમાઈ

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૮ રિંગિટનો ઘટાડો આવ્યાના અહેવાલ ઉપરાંત ગઈકાલે શિકાગો ખાતે પણ સોયાતેલના વાયદામાં ૬૫ સેન્ટ ઘટી આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત સ્થાનિકમાં કામકાજો પાંખાં રહેતાં આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૧૩, સોયા ડિગમ, સન રિફાઈન્ડ અને સન ક્રૂડમાં રૂ. ૧૦ અને સોયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે ગુજરાતના મથકો પર દેશાવરોની નિરસ માગ અને આયાતી તેલના ભાવ ઘટી આવતાં સિંગતેલનાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૩૦ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫નો તથા વૉશ્ડ કૉટનના ભાવમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હોવાથી સ્થાનિકમાં સિંગતેલ અને કપાસિયા રિફાઈન્ડના ભાવમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૨૦ અને રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

આજે ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા.૧થી ૨૫ એપ્રિલ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ ગત માર્ચ મહિનાના સમાનગાળાના ૧૦,૮૨,૪૦૫ ટન સામે ૧.૫૩ ટકા વધીને ૧૦,૯૮,૯૯૦ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

એકંદરે આજે ભાવ ઘટાડાના માહોલમાં વેપારો પાંખાં રહ્યા હતા અને માત્ર સેલરિસેલ ધોરણે અંદાજે ૧૦૦થી ૧૫૦ ટન આરબીડી પામોલિનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૧૦થી ૯૧૫માં થયા હતા. જોકે, આજે મોડી સાંજે ડાયરેક્ટ ડિલિવરી શરતે રૂચી, અલાના, ગોલ્ડન એગ્રી અને વાઈકોફના આરબીડી પામોલિનના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૯૧૫ ક્વૉટ કરી રહ્યા હતા, પરંતુ વેપારનો સદંતર અભાવ હતો. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૯૧૨થી ૯૧૩, ક્રૂડ પામતેલના રૂ. ૮૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૯૨૫, સોયા ડિગમના રૂ. ૮૭૫થી ૮૮૦, સન રિફાઈન્ડના રૂ. ૯૨૦, સન ક્રૂડના રૂ. ૮૬૦, સિંગતેલના રૂ. ૧૫૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૯૮૫ અને સરસવના રૂ. ૧૦૨૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડ અને સિંગતેલના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૯૨૦થી ૯૨૫માં અને રૂ. ૧૪૫૦માં તથા સિંગતેલના તેલિયા ટીનના ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૩૦માં થયાના અહેવાલ હતા.

મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૧.૨૦ લાખ ગૂણી સોયાસીડની આવક થઈ હોવાના અને ઈન્દોર ખાતે સોયા રિફાઈન્ડના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૩૦માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે રાજસ્થાન ખાતે ૪.૨૫ લાખ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૩૭૫થી ૫૪૦૦માં થયા હતા.

# વર્ષ ૨૦૨૩માં ભારતની સર્વિસીસ નિકાસ ૧૧.૪ ટકા વધીઃ અહેવાલ

નવી દિલ્હીઃ ગત કેલૅન્ડર વર્ષ ૨૦૨૩માં વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા છતાં દેશની સર્વિસીસ ક્ષેત્રની નિકાસ ૧૧.૪ ટકા વધીને ૩૪૫ અબજ ડૉલરની સપાટીએ રહી હતી, જ્યારે ચીનના શિપમેન્ટ ૧૦.૧ ટકા ઘટીને ૩૮૧ અબજ ડૉલરની સપાટીએ રહ્યા હોવાનું યુએનસીટીએડીએ એક અહેવાલમાં જણાવ્યું હતું.

ભારતીય સર્વિસીસ ક્ષેત્રમાં મુખ્યત્વે ટ્રાવેલ, ટ્રાન્સપોર્ટ, મેડિકલ અને હૉસ્પિટાલિટીનો સમાવેશ થાય છે. યુએનસીટીએડીએ તેનાં ત્રિમાસિક અહેવાલમાં જણાવ્યું હતું કે હાલનાં ડૉલરના મૂલ્યમાં વર્ષ ૨૦૨૩માં સર્વિસીસની વૈશ્વિક નિકાસ ૭.૯ ટ્રિલિયન ડૉલરની સપાટી પાર કરી ગઈ છે. ગત વર્ષ ૨૦૨૩માં સર્વિસીસના મુખ્ય વિકાસશીલ નિકાસકાર દેશોમાં ભારત, ચીન, સિંગાપોર, તુર્કી, થાઈલેન્ડ, મેક્સિકો અને સાઉદી અરેબિયાનો સમાવેશ થતો હોવાનું અહેવાલમાં જણાવતાં ઉમેર્યું હતું કે ગત સાલ દેશની સર્વિસીસ આયાત સાધારણ ૦.૪ ટકા ઘટીને ૨૪૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

વધુમાં અહેવાલમાં જણાવ્યાનુસાર વર્ષ ૨૦૨૩નાં ચોથા ત્રિમાસિકગાળામાં ખાસ કરીને આંતરરાષ્ટ્રીય ટ્રાવેલ રિસિપ્ટ્સમાં કોવિડ-૧૯ મહામારી પશ્ચાત્ નોંધપાત્ર વધારો થયો છે અને વર્ષાનુવર્ષ ધોરણે એશિયામાં ૭૦ ટકા જેટલી વૃદ્ધિ જોવા મળી છે.

ભારતીની સર્વિસીસ નિકાસ અંગે ટિપ્પણી કરતાં એક નિષ્ણાતે જણાવ્યું હતું કે હાલમાં પણ આઈટી અને આઈટીને લગતી સેવાઓ અને ટ્રાવેલમાં મજબૂત વલણ જોવા મળી રહ્યું છે. આ ઉપરાંત સરકારી પ્રોત્સાહક પગલાંઓનો લાભ એન્જિનિયરિંગ, આર્કિટેક્ચર, લીગલ અને એકાઉન્ટિંગ સેવા તથા રિસર્ચ અને મૅનેજમૅન્ટ કન્સલ્ટીંગ સેવાઓને મળી રહ્યો છે.

## સિટી ન્યૂઝ

# પનવેલ ચૂંટણી પંચના ફ્લાઈંગ સ્કવોડની કાર્યવાહી

### બે કારમાંથી ₹ ૩૫ લાખ કરતાં વધુની રકમ મળી આવી

મુંબઈઃ મવાળ લોકસભા ચૂંટણી ક્ષેત્રમાં ચૂંટણી પંચના ફ્લાઇંગ સ્કવૉડે બે જુદી-જુદી કારમાંથી ૩૫.૯૯ લાખ રૂપિયાની રોકડ રકમ જપ્ત કરી હતી. ફ્લાઇંગ સ્કવોડ દ્વારા તપાસ કરીને બે કારમાંથી મળીને રૂ. ૩૫.૯૯ લાખની રકમ લઈને પ્રવાસ કરતાં વ્યક્તિની તપાસ કરવામાં આવી હતી, પણ આ રકમ કોઈ રાજકીય પક્ષના ચૂંટણી પ્રચાર માટે નહીં પણ ખાનગી હોવાની માહિતી કાર ચાલકે ફ્લાઇંગ સ્કવોડને પુરાવા સાથે આપતા આ મામલે વધુ તપાસ શરૂ છે. દેશભરમાં લોકસભાની ચૂંટણી પહેલા મોટી રોકડ રકમ સાથે પ્રવાસ કરનાર લોકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. તાજેતરમાં ચૂંટણી પંચના ફ્લાઇંગ સ્કવૉડે બે કારમાંથી રૂ. ૩૫.૯૯ લાખ રૂપિયાની રકમ જપ્ત કરી હતી. આ રકમની વધુ તપાસ કરવા માટે મોકલવામાં આવી છે. ચૂંટણી પંચની આ કાર્યવાહી અંગે માહિતી આપતા અધિકારીએ કહ્યું હતું કે પનવેલ વિસ્તારમાં ચૂંટણી પંચના ફ્લાઇંગ સ્કવોડને નિયમિત તપાસ દરમિયાન એક શંકાસ્પદ કારમાંથી ૧૨,૯૯,૯૦૦ની રોકડ રકમ મળી આવી હતી. આ રકમ જપ્ત કરીને કારમાં રહેલા આઝાદ કુમાર રાજેન્દ્ર કડવા (૨૪ વર્ષ), રાજેશ કુમાર ઈંદલીયા (૨૦ વર્ષ) આમ બે વ્યક્તિની ધરપકડ કરી હતી. જોકે તેમણે આ રકમ એક કંપનીની હોવાના પુરાવા ફ્લાઇંગ સ્કવોડ સમક્ષ રજૂ કર્યા હતા, જેથી આ રકમ કોઈપણ રાજકીય પક્ષની ન હોવાની ખાતરી થઈ હતી, તેમ છતાં કાર્યવાહી શરૂ છે.

### ત્રીજા તબક્કાનું મતદાન ૭મી મેએ

# ૨.૦૯ કરોડ મતદારો, ૨૫૮ ઉમેદવારોનું ભાવિ નિશ્ચિત કરશે

મુંબઈઃ સાતમી મેના દિવસે મહારાષ્ટ્રની ૧૧ લોકસભા બેઠક પર લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કાનું મતદાન થશે. રાજ્યના ૨.૦૯ મતદારો ૨૫૮ ઉમેદવારોનું ભાવિ નિશ્ચિત થશે. ઉમેદવારી પાછી ખેંચવાની અંતિમ તારીખ ૨૨ એપ્રિલ હતી. સત્તાવાર માહિતી અનુસાર રાયગઢ મતદારક્ષેત્રમાં ૧૩ ઉમેદવાર ચૂંટણી મેદાનમાં છે, જ્યારે બારામતીમાં ૩૮, ઉસ્માનાબાદમાં ૩૧, લાતુરમાં ૨૮, સોલાપુરમાં ૨૧, માઢામાં ૩૨, સાંગલીમાં ૨૦, સાતારામાં ૧૬, રત્નાગિરી - સિંધુદુર્ગમાં ૯, કોલ્હાપુરમાં ૨૩ અને હાતકણંગલેમાં ૨૭ ઉમેદવાર મુકાબલો કરી રહ્યા છે. મતદારની કુલ સંખ્યા ૨.૦૯,૯૨,૬૧૬ છે જેમાં ૧,૦૭,૬૪,૭૪૧ પુરુષ, ૧,૦૨,૨૬,૯૪૬ મહિલા અને ૯૨૯ તૃતીય પંથીનો સમાવેશ છે. ૧૧ મતદાર ક્ષેત્રમાં કુલ ૨૩,૦૩૬ મતદાન કેન્દ્ર છે. ત્રીજા તબક્કાની આ ચૂંટણીમાં બારામતીમાં નણંદ સુપ્રિયા સુળે (એનસીપી - શરદચંદ્ર પવાર) અને ભાભી સુનેત્રા પવાર (અજીત પવારના નેતૃત્વ હેઠળની એનસીપી)નો મુકાબલો સૌથી મહત્ત્વનો અને ધ્યાન ખેંચનારો છે. છત્રપતિ શિવાજી મહારાજના બે વંશજ (સાતારામાં ભાજપના ઉમેદવાર ઉદયનરાજે ભોસલે જ્યારે કોલ્હાપુરમાં કોંગ્રેસના ઉમેદવાર શાહુ છત્રપતિ) પણ ચૂંટણીના મેદાનમાં છે. કેન્દ્રીય પ્રધાન નારાયણ રાણે ભાજપના ઉમેદવાર તરીકે સિંધુદુર્ગ - રત્નાગિરીમાં ચૂંટણી લડી રહ્યા છે. (પીટીઆઈ)

# ₹ ૫૭૦ના વીજળીના બિલને કારણે વીજળી વિભાગના મહિલા ટેક્નિશિયનની હત્યા

### ગરમીમાં બિલ વધારે આવતા રોષે ભરાઈ કર્યો હુમલો

બારામતીઃ મહારાષ્ટ્રના બારામતીમાં એક વ્યક્તિએ વીજળીનું બિલ વધારે આવતા વીજળી વિભાગના મહિલા ટેક્નિશિયનની ચાકુ મારીને હત્યા કરી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

૫૭૦ રૂપિયા વીજળીનું બિલ આવતા વીજળી વિભાગમાં કામ કરતી એક મહિલા ટેક્નિશિયન પર ધારધાર હથિયાર વડે હુમલો કરી તેની હત્યા કરી હતી.

બારામતી જિલ્લામાં આવેલા મોરેગાવમાં આ ઘટના બની હતી. જ્યાં વીજળી વિભાગમાં મહિલા ટેક્નિશિયન તરીકે કામ કરતી રીંકું બનસોડે (૩૪ વર્ષ) નામની મહિલાની હત્યા કરવામાં આવી હતી.

આ મહિલા છેલ્લા ૧૦ વર્ષથી વીજળી વિભાગના ઓફિસમાં કાર્યરત હતી. એક દિવસ મહિલા ઓફિસમાં એકલી હતી તે દરમિયાન અભિજિત પોટે નામના વ્યક્તિએ તેની પાસે આવીને વીજળીનું બિલ વધારે આવી રહ્યું છે એ અંગે ફરિયાદ કરી હતી.

અભિજીતે આ પહેલા પણ અનેક વખત વીજળીનું બિલ વધારે આવે છે, એવી ફરિયાદ કરી હતી. એક દિવસ અભિજીતે વીજળી વિભાગની ઓફિસમાં જઈને રીંકું બનસોડે પાસે આ અંગે ફરિયાદ કરી હતી પણ રીંકુંએ તેની વાત નહીં સાંભળતા તેમની વચ્ચે વિવાદ થયો હતો.

આ વિવાદ દરમિયાન અભિજીતે રીંકુંના માથા અને હાથ પર ધારદાર હથિયાર વડે ૧૬ ઘા કર્યા હતા. આ હુમલામાં રીંકુંને ગંભીર ઇજા થઈ હતી. આ ઘટનાની જાણ થતાં લોકોએ રીંકુંને હૉસ્પિટલમાં દાખલ કરી હતી, પણ સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. ત્યારબાદ પોલીસે આ મામલે તપાસ કરી આરોપી અભિજિત પોટેની ધરપકડ કરી હતી.

આ ઘટના અંગે વીજળી વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે આરોપી અભિજિત પોટેને આપવામાં આવેલા બિલમાં કંઇપણ ખોટું નહોતું.

આરોપીએ એપ્રિલ મહિનામાં ૬૩ યુનિટ વીજળીનો વપરાશ કર્યો હતો જેથી તેને રૂ. ૫૭૦ બિલ મોકલવામાં આવ્યું હતું, ગરમીને લીધે તેના વપરાશમાં પણ વધારો આવતા તેનું બિલ વધારે આવ્યું હતું.

# વર્ષ ૨૦30 સુધીમાં એક ટ્રિલિયન ડૉલરની નિકાસનો લક્ષ્યાંક હાંસલ કરવા માળખાકીય આવશ્યકતાની દિશામાં કાર્ય કરતું વાણિજ્ય મંત્રાલય

નવી દિલ્હીઃ આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશની મર્કન્ડાઈઝ નિકાસ એક ટ્રિલિયનની સપાટી સુધી પહોંચાડવા માટે વાણિજ્ય મંત્રાલયે માળખાકીય જરૂરિયાતો, સંભવિત ક્ષેત્રો અને ક્લસ્ટરોને ઓળખવાની કવાયત શરૂ કરી હોવાનું એક સરકારી વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

વાણિજ્ય વિભાગના અતિરિક્ત સચિવ અનંત સ્વરૂપે જણાવ્યું હતું કે આ સંદર્ભે એશિયન ડેવલોપમેન્ટ બૅન્કને અભ્યાસ કરવા માટે જણાવવામાં આવ્યું છે. જો દેશમાં એક ટ્રિલિયન ડૉલરની નિકાસનો લક્ષ્યાંક રાખે તો તેની સામે ૧.૫ ટ્રિલિયનની આયાત થવાની સંભાવના છે તો શું આપણી પાસે ૨.૫ ટ્રિલિયન ડૉલરના આયાત-નિકાસના વેપારને પહોંચી વળવાની ક્ષમતા છે ? એમ તેમણે ઉમેર્યું હતું.

આપણા માટે એશિયન ડેવલોપમેન્ટ બૅન્ક અભ્યાસ કરી રહી છે તેમાં મહત્ત્વનું છે કે એક ટ્રિલિયન ડૉલરની નિકાસ કયા ક્ષેત્રો અને કયા ક્લસ્ટર્સમાંથી થશે. એકંદરે નિકાસ માટેનાં હાલના માળખા અને આવશ્યક માળખા વચ્ચેના અંતરની આધારરેખાનો અભ્યાસ ત્યારે જ થઈ શકે જ્યારે આપણે ટ્રિલિયન ડૉલરની નિકાસ અને ૧.૫ ટ્રિલિયન ડૉલરની આયાત થવાની છે તે ક્લસ્ટરો, બંદરો તથા એરપોર્ટ વિશે જાણીએ, એમ તેમણે અત્રે સીઆઈઆઈ દ્વારા આયોજિત રિસાઈલન્ટ એક્સપોર્ટ લોજિસ્ટિક્સ ફોર ટ્રેડ ઍન્ડ કનેક્ટિવિટી વિષય પર આયોજિત પરિસંવાદમાં જણાવ્યું હતું.

અત્રે નોંધનીય બાબત એ છે કે ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં દેશની મર્કન્ડાઈઝ નિકાસ આગલા વર્ષની સરખામણીમાં ૩.૧૧ ટકા ઘટીને ૪૩૭ અબજ ડૉલરની સપાટીએ અને આયાત પણ ઘટીને ૬૭૭.૨૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. વધુમાં તેમણે કહ્યું હતું કે સરકાર વૈશ્વિક પુરવઠા શ્રૃંખલાઓ (ગ્લોબલ સપ્લાય ચેઈન)માં ભારતને સઘન બનાવવા આગળ ધપી રહ્યું છે, કેમ કે હાલમાં ૭૦ ટકા વૈશ્વિક વેપાર આ પ્રકારની ચેઈન મારફતે થઈ રહ્યો છે. આ માટે ઉત્પાદનમાં વધારો કરવાની જરૂર છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે સામાન્યપણે નિકાસ અને આયાત આસપાસની સપાટીએ જ રહેતી હોય છે. ચીનની નિકાસ ૩.૫ ટ્રિલિયનની અને આયાત ૩.૨ ટ્રિલિયન આસપાસ રહે છે.

વધુમાં પરિસંવાદને સંબોધતા ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ સંતોષકુમાર સારંગીએ દેશની નિકાસ વધારવા માટે બંદરો અને એરપોર્ટની માળખાકીય સુવિધાઓની વિશેષ આવશ્યકતા હોવાનું જણાવ્યું હતું.

# ડૉલર સામે રૂપિયામાં બે પૈસાનો સુધારો

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ તેમ જ વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે બે પૈસાના સુધારા સાથે ૮૩.૩૧ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો ઈક્વિટીમાં બાહ્ય પ્રવાહ જળવાઈ રહ્યો હોવાથી તેમ જ વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ સુધારાતરફી રહેતાં રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૩૩ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૮૩.૩૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૪૦ અને ઉપરમાં ૮૩.૩૧ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે બે પૈસાના સુધારા સાથે ૮૩.૩૨ના મથાળે બંધ રહ્યો હતો. વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવમાં સુધારાતરફી વલણ અને એશિયન અને યુરોપિયન બજારમાં મિશ્ર વલણ રહેતાં આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયામાં સાધારણ નરમાઈતરફી વલણ જોવા મળે તેવી શક્યતા નકારી ન શકાય, એમ બીએનપી પારિબાસનાં વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે હાલમાં મધ્ય પૂર્વનાં દેશોમાં રાજકીય-ભૌગોલિક તણાવ હળવો થવાથી રૂપિયાને થોડાઘણાં અંશે ટેકો જરૂર મળી રહ્યો છે. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૪ ટકા ઘટીને ૧૦૫.૬૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૮૬.૫૦ પૉઈન્ટનો અને ૧૬૭.૯૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો.

# સેન્સેક્સમાં સતત પાચમા સત્રમાં સુધારો, માર્કેટ કેપ ₹ .૨.૭૩ લાખ કરોડ વધ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સેન્સેક્સમાં સતત પાચમા સત્રમાં સુધારો નોંધાયો હતો અને માર્કેટ કેપ રૂ. ૨.૭૩ લાખ કરોડ વધ્યું હતું. બીએસઈ સેન્સેક્સ ગુરુવારે આગલા ૭૩,૮૫૨.૯૪ ના બંધથી ૪૮૬.૫૦ પોઈન્ટ્સ (૦.૬૬ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૭૩,૫૭૨.૩૪ ખૂલી નીચામાં ૭૩,૫૫૬.૧૫ અને ઉપરમાં ૭૪,૫૭૧.૨૫ સુધી જઈને અંતે ૭૪,૩૩૯.૪૪ પર બંધ રહ્યો હતો. આ સાથે જ ગુરુવારે સતત પાંચમાં સેશનમાં સેન્સેક્સ વધીને બંધ રહ્યો હતો. બીએસઈના માર્કેટ કેપિટલાઈઝેશનમાં રુ.૨.૭૩ લાખ કરોડની વૃદ્ધિ થઈ હતી. સેન્સેક્સની ૨૨ કંપનીઓ વધી હતી જ્યારે આઠ કંપનીઓ ઘટી હતી. માર્કેટ કેપ રૂ. ૪૦૪.૧૦ લાખ કરોડ રહ્યું હતું. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં એસએન્ડપી બીએસઈ સેન્સેક્સ ૫૦ ઈન્ડેક્સ ૦.૭૪ ટકા, બીએસઈ મીડ કેપ ૦.૭૧ ટકા, બીએસઈ સ્મોલ કેપ ૦.૫૪ ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૬૫ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૬૬ ટકા, બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૬૫ ટકા, બીએસઈ ઓલ કેપ ૦.૬૪ ટકા અને બીએસઈ લાર્જકેપ ૦.૬૫ ટકા વધ્યા હતા. આઈપીઓ ઈન્ડેક્સ ૦.૧૯ ટકા ઘટ્યા હતા જ્યારે બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૮૬ ટકા વધ્યા હતા. સેક્ટરલ ઈન્ડાયસીસમાં કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૪૫ ટકા અને રિયલ્ટી ૦.૧૨ ટકા ઘટ્યા હતા જ્યારે સર્વિસિસ ૧.૭૧ ટકા, મેટલ ૧.૧૬ ટકા, હેલ્થકેર ૦.૯૭ ટકા, પાવર ૦.૯૪ ટકા, ઓટો ૦.૯૧ ટકા, યુટિલિટીઝ ૦.૯૦ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૮૮ ટકા, એનર્જી ૦.૮૭ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૮૭ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૮૬ ટકા, એફએમસીજી ૦.૭૫ ટકા, બેન્કેક્સ ૦.૭૧ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસિસ ૦.૬૯ ટકા, કોમોડિટીઝ ૦.૬૮ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૪૧ ટકા, ટેક ૦.૪૦ ટકા, આઈટી ૦.૩૨ ટકા અને કંઝ્યુમર ડિસ્ક્રિશનરી ૦.૨૨ ટકા વધ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરૂવારે ઈન્ડેક્સ ફ્યુચરમાં કુલ રૂ. ૮૧.૨૩ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૮૧૯ સોદામાં ૧૦૭૮ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર અને ઈક્વિટી ફ્યુચર મળીને કુલ ૫૨,૩૬,૧૫૧ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા.

# કૉંગ્રેસની મેલી મંછા લોકો સમક્ષ ખુલી થઇ છેઃ સી.આર. પાટીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કૉંગ્રેસના નેતા સામ પિત્રોડાએ અમેરિકાના હેરિટન્સ ટેક્સ પર આપેલા નિવેદન અંગે ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, આ નિવેદનથી કૉંગ્રેસની મેલી મંથા લોકો સમક્ષ ખુલ્લી થઇ છે. ભાજપના પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા પાટીલે વધુમાં કહ્યું હતું કે, કૉંગ્રેસ પાર્ટીને જનતાની વિરાસતમાંથી પણ ભાગ જોઇએ છે. રાહુલ ગાંધી જનતાની સંપત્તિનો સર્વે કરાવી વહેંચવાની વાત કરે છે તેને ભારતીય જનતા પાર્ટી ચલાવી નહીં લે. કોઇ પણ વ્યક્તિ જિંદગીભર કમાણી કરે અને તે મૃત્યુ પામે ત્યારે તેમની સંપત્તિ તેમના વારસદારને મળે છે, પરંતુ જેમને લુંટવાની ટેવ છે તેવી કૉંગ્રેસપાર્ટીને આ મંજૂર નથી. કૉંગ્રેસ પાર્ટીને તેમાંથી પણ ભાગ જોઇએ છે. વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ દેશની જનતાની સંપત્તિ લુંટવાની પ્રથા બંધ કરાવી અને લાભાર્થીઓને સીધો અને પૂરો લાભ મળે તેવી વ્યવસ્થા કરી છે. પાટીલે જણાવ્યું હતું કે, કૉંગ્રેસ નેતા અને પૂર્વ વડા પ્રધાને અંદાજે પાંચ વર્ષ પહેલા નિવેદન કર્યું હતું કે આ દેશની સંપત્તિ પર સૌથી પહેલો અધિકાર લઘુમતીનો છે અને ફરી તેમણે નિવેદન કર્યું કે આ દેશની સંપત્તિ પર સૌથી પહેલો અધિકાર મુસલમાનનો છે. આવા નિવેદન કરી જનતાની સંપત્તિ લુંટવાનો કૉંગ્રેસનો ઇરાદો છે. કર્ણાટકમાં લાભાર્થીઓનો અધિકાર કાપી ચોક્કસ સમુદાયને ખુશ કરવા ૪ ટકા જેટલો રિઝર્વેશન આપવાનો નિયમ કર્યો છે. કોઇ ચોક્કસ સમુદાયને લાભ આપવા અને જે લોકો પીડિત છે તેમને લાભનો અધિકાર ન મળે તેને ભાજપ નહીં ચલાવે. ■

# અમદાવાદમાં જૂથ અથડામણમાં એકનું મોતઃ ટ્રાફિક પોલીસ અધિકારી સહિત ૧૪ સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના વસ્ત્રાપુર ગામમાં બુધવારની મોડી રાત્રે થયેલી જૂથ અથડામણમાં પથ્થરમારો તેમજ મારામારીની ઘટમાં એકનું મોત થયું હતું. જ્યારે સાત જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં એકની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે બંને પક્ષના કુલ ૧૪ જેટલા આરોપીઓ વિરૂદ્ધ રાયોટિંગ અને હત્યા સહિતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ શહેરના વસ્ત્રાપુર ગામમાં જૂથ અથડામણની ઘટનામાં પથ્થરમારા દરમિયાન લીરીબેન મેવાડા(ઉ.વ.૭૧)નું મોત નીપજ્યું હતું. મૃતક મહિલાના પરિવારજનોએ આરોપીની ધરપકડ ન થાય અને ન્યાય નહીં મળે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. આખરે પોલીસે કાર્યવાહીની ખાતરી આપ્યાં બાદ પરિવારજનોએ મૃતદેહ સ્વીકાર્યો હતો. પોલીસે ગાંધીનગરના ટ્રાફિક પીઆઈ ગોવિંદભાઈ કે. ભરવાડ સહિત ૧૪ જેટલા લોકો વિરૂદ્ધ રાયોટિંગ અને હત્યા સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, વસ્ત્રાપુર ગામમાં ભરવાડવાસમાં ૩૦થી ૩૫ વર્ષ જૂનું રાધેકૃષ્ણ મંદિર આવેલું છે. દર પાંચ વર્ષે આ મંદિરનો પાટોત્સવ ઉજવવામાં આવે છે. આ પાટોત્સવની પત્રિકામાં ત્રણ નામ લખાવવા બાબતે મામલો બિચક્યો હતો અને બાદમાં ઝઘડો ઉગ્ર બનતા બે પક્ષના ૨૦થી વધુ લોકો સામસામે આવી ગયા હતા અને બાદમાં પથ્થરમારો થયો હતો. પથ્થરમારાની ઘટનાની જાણ થતા જ વસ્ત્રાપુર પોલીસ સહિત અનેય પોલીસની આઠથી વધુ ગાડીઓ અને ઉચ્ચ અધિકારીઓ સહિત પોલીસ કાફલો ઘટના સ્થળ પર દોડી આવ્યો હતો. ■

# રાજકોટમાં મારું ફોર્મ શું કામ રદ કર્યું કારણ આપોઃ અપક્ષ ઉમેદવારે હંગામો મચાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ લોકસભાની બેઠક પર ઉમેદવારી પત્રક પરત ખેંચવાની મુદત વિતી ગયા બાદ ઓચિંતા જ અપક્ષ ઉમેદવાર જાગ્યા હતાં અને પોતાનું ઉમેદવારી પત્રક કયાં કારણોસર રદ કર્યું ? તેમ કહી કલેકટર કચેરીમાં હંગામો મચાવી દીધો હતો અને આ બાબતે કલેકટર સમક્ષ રજૂઆત પણ કરી હતી.

રાજકોટ લોકસભાની ચૂંટણી જાહેર થયા બાદ ૧૨મી એપ્રિલથી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ હતી અને ૧૯મી એપ્રિલ સુધી ફોર્મ સ્વીકારવામાં આવ્યાં હતાં. ત્યારબાદ તા.૨૦મીએ ફોર્મની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૪ અપક્ષ ઉમેદવારોના ફોર્મ ટેક્નિકલ કારણોસર રદ કરવામાં આવ્યાં હતાં. જ્યારે ભાજપ અને કૉંગ્રેસના બે ડમી ઉમેદવારોના મેન્ડેન્ટ નહીં હોવાના કારણે ફોર્મ રદ કરવામાં આવ્યાં હતાં. આમ ૧૦ ઉમેદવારો બાકી રહ્યા હતાં. ત્યારબાદ ૨૨ એપ્રિલે ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે અપક્ષ ઉમેદવાર અમરદાસ ભીમદાસ દેસાણીએ પોતાનુ ઉમેદવારી પત્રક પરત ખેંચી લેતાં અંતિમ ચિત્ર સ્પષ્ટ થયું હતું જેમાં ભાજપ કૉંગ્રેસ અને બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર અને છ અપક્ષ ઉમેદવાર મળી કુલ ૯ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ શરૂ થયું છે. ફોર્મ રદ થયાના એક સપ્તાહ બાદ આજે અપક્ષ ઉમેદવાર સુભાષભાઈ અંબાશંકર પંડયા કલેકટર કચેરી ખાતે ધસી ગયા હતા. મારું ચૂંટણી ફોર્મ કયાં કારણોસર રદ કર્યું તે મને જણાવો તેમ કહી ચૂંટણી શાખામાં હંગામો મચાવી દેતાં ફરજ પર હાજર પોલીસ કર્મચારીઓની મદદ લેવી પડી હતી. ■

# પાલિતાણાના બડેલીમાં ક્ષત્રિય સમાજનું હલ્લાબોલઃ ભાજપના ઉમેદવારે પ્રચાર વગર નીકળી જવું પડ્યું



(તસ્વીરઃ વિપુલ હિરાણી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃરાજકોટના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા સામેનો ક્ષત્રિયનો વિરોધ યથાવત રહેતા ભાવનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પાલિતાણા વિસ્તારમાં પ્રચાર કાર્યમાં હતા તે દરમિયાન નવાગામ બડેલી પાસે ક્ષત્રિય યુવાનોએ નારા લગાવી વિરોધ પ્રદર્શિત કરતા ઉમેદવાર દ્વારા પણ પ્રચાર કર્યા વગર જ ગામમાંથી પસાર થઈ જવું પડ્યું હતું.

પુરુષોત્તમ રૂપાલાના વિવાદિત નિવેદન બાદ રાજ્યભરમાં ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ ચાલી રહ્યો છે. જેની હવે ગામે ગામ પણ અસર જોવા મળી રહી છે. ક્ષત્રિય સમાજ દ્વારા પહેલા માત્ર સભાઓ, મિટિંગો તેમજ રેલીઓ યોજવામાં આવતી હતી. પરંતુ હવે ખુલ્લેઆમ ભાજપ વિરોધી પ્રચાર અને ભાજપ દ્વારા થતા પ્રચારમાં અડચણરૂપ બની રહ્યા છે.

ભાવનગર શહેરમાં ભાજપ દ્વારા પત્રિકા વિતરણ સમયે ક્ષત્રિય યુવાનો દ્વારા વિરોધ કરી ભાજપના આગેવાનો કાર્યકરોને સ્થળ પરથી કાઢતા પોલીસ અટકાયત સુધીના પગલાં લેવાયા હતા. જ્યારે ભાજપના ઉમેદવાર પાલિતાણા પંથકમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા હતા તે દરમિયાન કુંભણ ગામમાં પ્રચાર કાર્ય પૂર્ણ કરી ત્યાંથી નવાગામ બડેલી જતા હતા ત્યારે નવાગામ બડેલી ગામે ક્ષત્રિય યુવાનોના ટોળાએ આવી રૂપાલા હાય હાયના સૂત્રોચાર કરતા વાતાવરણ તંગ બન્યું હતું. જેથી પોલીસ પણ સ્થળ પર દોડી આવી હતી. પરંતુ પોલીસ દ્વારા પણ ટોળાને નિયંત્રણમાં લઈ નહીં શકતા ભાજપના ઉમેદવાર ગામમાં પ્રચાર કર્યા વગર જ ત્યાંથી પસાર થઈ ગયા હતા. પોલીસ રક્ષણ સાથે ભાજપના ઉમેદવાર અને આગેવાનોની ગાડીઓ નવાગામ બડેલીમાંથી પસાર થઈ ગઈ હતી અને વિરોધ પ્રદર્શિત કરતા ક્ષત્રિય યુવાનોની અટકાયત કરવામાં આવી હતી. આમ હવે ક્ષત્રિય સમાજનો વિરોધ ગામડાઓમાં પણ પ્રસરી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાવનગરમાં ભાજપના ઉમેદવાર ઉમેદવારી ફોર્મ ભરે તે પહેલા યોજાયેલ જાહેર સભામાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો. મનસુખ માંડવિયાની સભામાં ક્ષત્રિયોના ટોળાએ કાળો વાવટો ફરકાવી પુરુષોત્તમ રૂપાલાનો વિરોધ કર્યો હતો. ■

# મરઘી ખરીદવાની મારામારીમાં વીરપુરના યુવકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના જેસર તાલુકાના વીરપુર ગામમાં રહેતા બે મિત્રો જેસર મરઘી લેવા માટે ગયા તે દરમિયાન મરઘી લેવા બાબતે પિતા-પુત્ર સાથે બોલાચાલી થતા પિતા પુત્રએ બંને યુવકને લાકડાના ધોકા વડે અને મૂંઢમાર મારી ઈજા પહોંચાડી હતી. આ બનાવમાં એક યુવાનને માથાના ભાગે ગંભીર ઇજા થતાં તેને સારવાર અર્થે ભાવનગર હૉસ્પિટલ ખસેડવામાં આવેલ જેનું સારવાર દરમિયાન મોત નિપજતા મારમારીનો બનાવ હત્યામાં પરિણમ્યો છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ જેસર તાલુકાના વીરપુર ગામમાં રહેતા ભગતભાઈ કાબાભાઈ મકવાણા અને તેમના મિત્ર જીતુભાઈ લક્ષ્મણભાઈ ગોહિલ ગત તા.૧૯/૦૪ ના રોજ સાંજના સમયે મરઘી લેવા માટે જેસરના ત્રણ ખુણીયા વિસ્તારમાં આવેલ મસ્જિદ પાસે ગયા હતા ત્યાં હાજર ધનાભાઈ ખેરાળા અને તેના દીકરા કૌશિકભાઈ ધનાભાઈ ખેરાળા સાથે જીતુભાઈ ગોહિલને મરઘી લેવા બાબતે બોલાચાલી થતા ઉશ્કેરાઈ ગયેલા ધનાભાઈએ ત્યાં પડેલ ધોકા વડે જીતુભાઈના માથાના ભાગે હુમલો કરતા જીતુભાઈ ઢળી પડ્યા હતા, દરમિયાન ભગતભાઈ પણ વચ્ચે પડતા તેને પણ લાકડાનો ધોકો ફટકારી પિતા પુત્રએ ઢીકાપાટુનો માર મારી ઇજા પહોંચાડી હતી.

આ બનાવમાં ઇજાગ્રસ્ત બંને મિત્રોને સારવાર માટે પ્રથમ જેસર સરકારી દવાખાને અને ત્યાંથી વધુ સારવાર માટે મહુવા હોસ્પિટલ રીફર કરવામાં આવ્યા હતા. વળતા દિવસે જીતુભાઈને માથાના ભાગે દુખાવો થતા તેમને વધુ સારવાર અર્થે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવતા ત્યાં તેમને હેમરેજ થયું હોવાનું નિદાન થયું હતું અને સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થતાં મારામારીનો આ બનાવ હત્યામાં પરિણમ્યો છે.

આ બનાવ અંગે ભગતભાઈ કાબાભાઈ મકવાણાએ જેસર ગામમાં રહેતા ધનાભાઈ ખેરાળા અને તેના દીકરા કૌશિક ધનાભાઇ ખેરાળા વિરુદ્ધ જેસર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ■

# સુરતમાં કાપડ વેચનારના પુત્રએ ૯૯.૭૨ પીઆર મેળવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃસુરતની એક જાણતી સ્કૂલના દેસાઈ આર્જવ શ્રેયભાઈએ જેઈઈના પરિણામમાં ૯૯.૯૯ પીઆર મેળવી સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમ ગુજરાતી માધ્યમમાં પ્રાપ્ત કરી નામ રોશન કર્યું હતું. જયારે અત્યંત સામાન્ય પરિસ્થિતિમાંથી આવનાર મારુ યાજ્ઞિક નામના વિદ્યાર્થીએ ૯૯.૭૨ પીઆર મેળવી સમગ્ર ગુજરાતમાં નામ રોશન કર્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાતી ભાષામાં અભ્યાસ કરીને પણ ઉચ્ચ કારકિર્દીનો રસ્તો બનાવી શકાય છે તેમનું ઉત્તમ ઉદાહરણ દેસાઈ આર્જવ શ્રેયભાઈ પુરું પાડી સમગ્ર ભારતમાં ગુજરાતી ભાષાનું ગૌરવ વધાર્યું હતું અને ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બન્યો છે.

હાલ આર્જવ પી.પી.સવાણી સ્કૂલની હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરે છે એમનો પરિવાર ભરૂચ સ્થિત જગડિયા મુકામે રહે છે. તેની માતા ગાયનેક ડોક્ટર છે જયારે પિતા પણ એમ.ડી.ફિજીશીયન ડોક્ટર છે તેનું સપનું મુંબઈ આઈઆઈટીમાંથી કમ્પ્યુટર ઍંજિનિયરિંગ કરવાનું છે. બીજી તરફ પી.પી. સવાણી સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી મારુ યાજ્ઞિક જેઈઈ ૯૯.૭૨ પીઆર મેળવ્યાં હતા. તે સુરત ખાતે કતારગામ વિસ્તારમાં રમણનગર સોસાયટીમાં રહે છે. તેમનું વતન ભાવનગર જીલ્લાના તાવેડા ગામના વતની છે. ■

# સુરતમાં ૧૩ જગ્યાએ દરોડાઃ ગેસ રિફિલિંગ કરતા ૧૩ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરના ૧૩ અલગ અલગ જગ્યાએ ગેસ સર્વિસ દુકાનની આડમાં ગેસ રિફલિંગની પ્રવુત્તિ પર દરોડો પાડીને ૧૩ લોકોની ધરપકડ કરી હતી. પોલીસે ગુનો નોંધી ગેસના બાટલા ગેસ રિફલિંગનું મશીન વગેરે મળી કુલ ૧.૪૪ લાખનો મુદામાલ જપ્ત કરી વધુ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરતમાં કાપોદ્રા વિસ્તારમાં ૧૩ અલગ અલગ સ્થળોએ દરોડો પાડીને ગેસ રિફલિંગ કરતા ૧૩ લોકોને ઝડપી પાડ્યા હતા. પોલીસે કપોદ્રા દીન દયાળ નગર વસાહત,મુરઘા કેન્દ્ર વડવાળા શોપિંગ સેન્ટર, કાપોદ્રા અક્ષર ડાયમંડ ખાતે, રામકૃષ્ણ ભરવાડ ફળિયા અને મોહન બાગ બરોડા પ્રિસ્ટેજ પાસે દરોડો પાડીને ગેસ રિફલિંગ કરતા ૧૩ લોકોને ઝડપી પાડ્યા હતા.

પોલીસે ૧૩ દુકાનદારો પાસેથી અલગ અલગ કંપનીના ગેસના મોટા તથા નાના ભરેલા ગેસના તથા ખાલી બોટલો ૪૧ નંગ, ગેસ રિફલીંગનું મશીન નળી સાથે ૩ નંગ, ઇલેક્ટ્રિક વજન કાંટા ૧૩, ગેસ ભરવાનો વાલ ૧૩ નંગ, રિફલિંગમાં ઉપયોગ થતા લોખંડના પાનાઓ ૧૮ નંગ મળી કુલ ૧.૪૪ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો.પોલીસે વધુ હાથ ધરી હતી. ■

# રાજકોટમાં પોલીસના મૂઢ માર મારથી વધુ એકનું મોતઃ દલિત સમાજ પોલીસ સ્ટેશન પર ઉમટ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)



(તસ્વીરઃ પ્રવિણ સેદાણી)

અમદાવાદઃ રાજકોટમાં ૧૪મી એપ્રિલે એએસઆઇ અશ્વિન કાનગડ તથા અન્ય પોલીસ કર્મીઓ દ્વારા હમીર રાઠોડ સહિતના રાજુ સોલંકીને માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં લઇ જઇને ઢોર માર મારતા પ્રથમ હમીર રાઠોડનું મૃત્યું થયું હતું. જયારે હોસ્પીટલમાં સારવાર લઇ રહેલા રાજુ સોલંકીનું બુધવારની મોડી રાત્રે મોત થતાં બન્ને સમાજમાં રોષ ભભુકી ઉઠ્યો હતો. સમસ્ત અનુસૂચિત જાતિ સમાજની માગ છે કે આ કેસની સીટ તપાસ તાત્કાલિક આઇપીએસ સુધા પાંડેને સોંપવાની માગ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટના માલવીયાનગર પોલીસ મથકમાં માર માર્યા બાદ સારવારમાં બે યુવાનોનાં મોત થયા હતા જે મામલે કલેક્ટર મારફત મુખ્ય પ્રધાનને રજૂઆત કરી મૃતકોના વારસાદોરને ૫૦-૫૦ લાખની સહાય ચુકવવા માંગ કરાઇ હતી. તા.૧૪-૪-૨૫ થી તા.૧૬ સુધીના ૪૮ કલાકના માલવીયાનગર પોલીસ સ્ટેશનના તમામ સીસીટીવી ફૂટેજ એકઠા કરી તપાસ અધિકારીને આપવામાં આવે ૬ મહિનામાં ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવીને ફરિયાદીઓને ન્યાય આપીને કેસ પૂર્ણ કરવા અને બંને પીડિત પરિવારોએ જવાબદાર અધિકારીઓ સામે તપાસ કમિટીની રચના કરવામાં અને તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેવી અમારી માગ કરી હતી. તેમજ એએસઆઇ આરોપી અશ્વિન કાનગડને તત્કાલ ડીસમીસ કરવામાં આવે તેવી માગણી કરાઇ હતી. ■

# રાજકોટમાં બે અઠંગ કાર ચોર પકડાયાઃ ₹ ૩.૫૧ કરોડની ૪૭ કાર કબજે કરાઇ



(તસ્વીરઃ પ્રવિણ સેદાણી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાંથી સેલ્ફ કાર ભાડે લઈ પડાવી લેવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. ક્રાઇમ બ્રાન્ચની ટીમે રૂા.૩.૫૧ કરોડની ૪૭ કાર કબજે કરી મોટા રેકેટનો પર્દાફાશ કર્યો હતો. થોડા દિવસોમાં અલગ અલગ પોલીસ મથકમાં ૪૮ જેટલી કારની વાહનના ધંધાર્થીઓ સાથે છેતરપિંડી કરી કોઠારિયાનો અક્કી અને જામનગરનો બિલાલ પડાવી ગયાની ફરિયાદ નોંધાયા બાદ ક્રાઇમ બ્રાન્ચે બેલડીને દબોચી મોટી કાર્યવાહી કરી છે.

રાજકોટ શહેરમાંથી સેલ્ફ કાર ભાડે આપતાં વાહનના ધંધાર્થીની કુલ ૫૧ કાર કોઠારિયાના કાનજી ઉર્ફે આકાશ ઉર્ફે અકી ગોગન પટેલ અને બિલાલ હસનશા શાહમદાર (રહે. જામનગર)એ સેલ્ફ ભાડે લઈને પડાવી વેંચી નાંખતા અલગ અલગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા આરોપીઓને પકડી પાડવા પ્રયાસો હાથ ધર્યા હતા. દરમ્યાન ખાનગી રહે મળેલી હકીકતના આધારે ગુનામાં સંડોવાયેલી બેલડીને જામનગર રોડ ખાતેથી પકડી પાડી બારોબાર આપી દીધેલી કુલ ૪૭ ફોર વ્હિલ ગાડીઓ રૂ.૩.૫૧ કરોડનોનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. ■

# કારમાંથી ૧૩.૫૦ લાખની રોકડ ભરેલી બેગ સાથે એક શંકાસ્પદ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાની તરસાલી ચેક પોસ્ટ ખાતેથી ચૂંટણી પંચની એસએસટી ટીમે શંકાસ્પદ વ્યક્તિ પાસેથી ૧૩.૫૦ લાખની રોકડ રકમ ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરાની તરસાલી ચેકપોસ્ટ પાસેથી હરીશ પરમાર નામના એક વ્યક્તિ પાસેથી ૧૩,૫૦,૦૦૦ જેટલી શંકાસ્પદ રોકડ રકમ મળી આવી હતી.

હરીશ પરમાર રોકડ રકમ લઈને વડોદરા આવ્યો હતો. જ્યાં બાતમીના આધારે સ્ટેટિક સર્વેલન્સની ટીમે હરીશ પરમારને રોકડ ભરેલી બેગ સાથે ઝડપી પાડ્યો હતો.

ચૂંટણી પંચની એસએસટી ટીમ અને ઇન્કમટેક્ષ વિભાગ હરીશ પરમારની વધુ તપાસ હાથ ધરી હતી. ■

# સમરીવાંઢ ગામની નદીમાં લાકડાં કાપવા ગયેલા કિશોરનું ડૂબી જવાથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજ તાલુકાના રતડિયાની સમરીવાંઢ નામના અંતરિયાળ ગામના સિધિક ગની સમા નામના ૧૫ વર્ષીય કિશોરનું નદીમાં ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, હતભાગી સિધિક ગની સમા ઘર માટે લાકડાં કાપવા માટે સીમ વિસ્તારમાં એકલો ગયો હતો. બપોરના સમયગાળામાં સમરીવાંઢની નદીમાં સિધિક હાથ-પગ ધોવા ગયો હતો અને ચક્કર આવવાથી તે નદીમાં પડી ગયો હતો.

ઘટનાની જાણ થતાં દોડી ગયેલા ગ્રામજનોએ સિધિકને નદીમાંથી બહાર કાઢી ખાવડાની સરકારી હૉસ્પિટલમાં સારવાર અર્થે લઇ ગયા હતા જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ખાવડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# ઘરફોડ ચોરીને અંજામ આપતી કુખ્યાત ભૂતિયા ગેંગનો મુખ્ય સૂત્રધાર ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ સહિત આજુબાજુના વિસ્તારોમાં થોડા સમયથી ચોરીના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો હતો અને ચોર હવામાં ઓગળી જઈ પોલીસને ચકમો આપી રહ્યા હતા ત્યારે શહેર એલસીબી ઝોન-૨ની ટીમને મોટી સફળતા સાંપડી છે. નિલ સીટી નજીક સંજય વાટીકામાં રૂ.૩.૨૫ લાખ અને અવધપાર્કમાં રૂા૭૦ હજારની ચોરી સહિત સાત ઘરફોડ ચોરીને અંજામ આપનાર મધ્યપ્રદેશની કુખ્યાત ભૂતિયા ગેંગના મુખ્ય સૂત્રધાર રામસિંગ ઉર્ફે રામુને કટારીયા ચોકડી પાસેથી દબોચી રોકડ અને દાગીના મળી રૂ.૮૭૦૦નો મુદ્દામાલ કબજે કરી મોટી કાર્યવાહી કરી હતી. જ્યારે ભૂતિયા ગેંગના ફરાર ત્રણ આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

શહેરમાં છેલ્લા એક વર્ષમાં અતિ ગંભીર ઘરફોડ ચોરીના બનાવો બનતાં ગુનાની ગંભીરતાને ધ્યાને લઇ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવએ ચોરીના ગુના ડિટેક્ટ કરવાની આપેલી સૂચના મુજબ પોલીસે તપાસ હાથ ધરતાં નિલ સીટી સંજય વાટીકા સોસાયટીમાંથી એક રહેણાંક મકાનમાં સોના ચાંદીના દાગીના અને રોકડ રૂ.૩.૨૫ લાખની ચોરીનો આરોપી કાલાવડ રોડ કટારિયા ચોકડી નજીક લક્ષ્મીના ઢોરા પાસે હોવાની ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે આરોપીને પકડી તેનું નામ પૂછતાં રામસીંગ ઉર્ફે રામુ કાલુસીંગ અજનાર (ઉ.વ. ૨૭),(રહે. હાલ ખારાવડ વાડી વિસ્તાર ધુતારપર ગામ, કાલાવડ મૂળ રહે. રાતમાલીયા ગામ અલીરાજપુર મધ્ય પ્રદેશ) જણાવ્યું હતું. પોલીસે આરોપી પાસેથી રોકડ અને ચાંદીના દાગીના મળી રૂ.૮૭૦૦નો મુદ્દામાલ કબજે કરી પૂછતાછ હાથ ધરી હતી.

પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે, પોતે છેલ્લા દસ વર્ષથી કાલાવડ પંથકમાં પત્ની સાથે રહેતો અને ખેતીકામ કરતો હતો. તે આસપાસના વિસ્તાર અને રાજકોટ શહેરના ભાગોળે આવેલા વિસ્તારમાં રેકી કરી ધાર જિલ્લાની ભૂતિયા ગેંગના અન્ય સાગરીતોને બોલાવી ચોરીને અંજામ આપતાં હતાં. આરોપીએ નિલસીટી નજીક સંજય વાટીકામાં રૂ.૩.૨૫ લાખ અને અવધપાર્કમાં હજારની ચોરી સહિત સાત ઘરફોડ ચોરીને અંજામ આપ્યાની કબૂલાત આપી હતી, જ્યારે ચોરીમાં સામેલ અન્ય ત્રણ શખ્સેની પોલીસે શોધખોળ હાથ ધરી છે. ■

# ભાવનગરના તળાજા નજીક કેનાલમા ડૂબી જવાથી કિશોરનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના તળાજા પંથકમાં કેનાલમાં ડૂબી જવાથી એક કિશોરનું મૃત્યુ થયું હતું.

તળાજાના સરતાનપર ગામનો જયદીપ ભરતભાઇ મેર (ઉ.વ.૧૬) કુંઢેલી ઘાટરવાળા રોડ પર આવેલી કેનાલમાં નાહવા પડયો હતો ત્યારે તેમાં ડૂબી જવાના કારણે મોત નિપજતા લાશને તળાજા રેફરલ હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. આ બનાવથી ગામમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી. ■